
# વીર શિવાજી



પ્રકાશક

અમદાવાદ

VISIT…

LANZAROTE
Caliente.com



# પ્રસ્તાવના

છત્રપતિ શિવાજી મહારાજ એક એવા વ્યક્તિ હતા, જેમના રોમ રોમમાં વીરરસ છલકતો હતો. એક એવું વ્યક્તિત્વ જે દેશમાં કર્તવ્યનિષ્ઠા, સત્ય, શુદ્ધ ચારિત્ર્ય, સાંપ્રદાયિક એકતા, સંસ્કૃતિની રક્ષા, ધર્મ-ન્યાય અને સ્ત્રીજાતિની રક્ષા માટે હર ક્ષણ તત્પર રહેનારા વીર મરાઠા છત્રપતિ શિવાજી એક સાચા દેશભક્ત હતા.

એમનાં પરાક્રમ અને બુદ્ધિચાતુર્યના ઈતિહાસનો તો એક મોટો ગ્રંથ બની શકે એમ છે. યુદ્ધ કરવા માટે એમની પાસે વિશાળ સેના ન હતા તેમ છતાં પણ મોગલોના દાંત ખાટા કરવાની યુદ્ધનીતિ અદ્ભુત હતી. આજના યુગમાં જેને "ગેરીલા યુદ્ધ પદ્ધતિ" તરીકે ઓળખવામાં આવે છે એ શિવાજી મહારાજની ચતુરાઈની ઉપજ હતી. જ્યાં ઓછા સૈનિકો હોય ત્યારે કઈ રીતે દુશ્મનોની મહાન સેનાને હેરાન-પરેશાન કરી મૂકવી એ શિવાજી મહારાજ પાસેથી જગતને નવું જાણવા મળી ગયું.

આ પુસ્તક પ્રસિદ્ધ કરીને આપ સુધી પહોંચાડવા બદલ રશ્મિ પ્રકાશનનો તથા રાજેશકુમાર પઢિયારનો હું ખૂબ જ આભાર માનું છું.

આ પુસ્તક દ્વારા વિદ્યાર્થીઓમાં વીરતા, શુદ્ધ ચારિત્ર્ય અને સ્ત્રીસન્માનની સદ્ભાવનાનો સંચાર થાય એ જ અમારો આદર્શ છે. અસ્તુ ।

**— રાજન પટણી**

૩, કરૂણાનગર સોસાયટી,
સંત શ્રી કહારનાથ માર્ગ,
મોતીશા, પાટણ



**જય મા દુર્ગાભવાની**

**વીર શિવાજીની આરાધ્યદેવી**

ગુરુસ્ત્વં શિવસ્ત્વં ચ શક્તિસ્ત્વમેવવાસિ માતા પિતાઽસિ ત્વમેવ
ત્વમેવવાસિ વિદ્યા ત્વમેવવાસિ બુદ્ધિર્ગતિર્મે મતિર્દેવિ સર્વ ત્વમેવ ॥




# વીર શિવાજી

## ૧

આજથી ૪૦૦ વર્ષ પહેલાંનું હિંદુસ્તાન મુસ્લિમ શાસકોના શાસન તળે હતું. તાજ, તખ્ત, તલવાર અને ટંકશાળ આ ચારેય મહત્ત્વની ચીજો મુસ્લિમોના હાથમાં હતી. દિલ્હી પર બાદશાહ ઔરંગઝેબનો દબદબો હતો. ઔરંગઝેબ ધર્માંધ શાસક હતો. હિંદુસ્તાનની હિંદુ પ્રજા પર અતિશય જુલ્મ તે કરતો. દરેક હિંદુને વટલાવીને મુસ્લિમ ધર્મમાં લાવવા માટે તેણે દરેક પ્રકારના જુલ્મોની છૂટ પોતાના દરેક મુસ્લિમ શાસકોને આપી રાખી હતી. હિન્દુ પ્રજા ત્રાહિમામ પોકારી ઊઠી હતી. અનેક લોકોએ મુસ્લિમ ધર્મનો અંગીકાર કરી લીધો હતો. આ રીતે હિંદુસ્તાન પર બાદશાહ ઔરંગઝેબનું જુલ્મી શાસન ચાલી રહ્યું હતું.

એ સમયે હિન્દુસ્તાનના મરાઠાવાડ વિસ્તારમાં શાહજી ભોંસલે નામના મરાઠા સરદાર જેઓ વિજાપુરના મુસ્લિમ શાસક સુલતાનના સરદાર હતા અને પુણેના જાગીરદાર. તેઓ ખુદ પણ નાનું એવું રાજ્ય ધરાવતા હતા. શિવનેરી કિલ્લો તેમણે બંધાવેલો. એ શિવનેરી કિલ્લામાં એમની પત્ની જીજાબાઈએ શિવાજીને જન્મ આપ્યો. આજથી ચારસો વર્ષ પહેલાંની આ વાત છે. આ વાતને ગુજરાતના જાણીતા સંત કવિ દુલા ભાયા કાગ જેમણે શિવાજીનું હાલરડું લખીને ગુજરાતીઓના





હોઠો પર મૂક્યું અને ‘‘ધણણણ ડુંગરા ડોલે, શિવાજીને નીંદરું ના’વે, માતા જીજાબાઈ ઝુલાવે’’ આ પ્રકારની રૂંવાડાં ખડાં કરી દે તેવી વાત એમણે આ હાલરડા દ્વારા ગુજરાતની જનતા સમક્ષ મૂકી છે અને ગુજરાતની પ્રજાએ માતા જીજાબાઈના પેટે જન્મેલા છત્રપતિ શિવાજીની વાત જાણીને ધન્યતા અનુભવી છે.

શિવાજીના પિતાજી શાહજી ભોંસલે પુણેના જાગીરદાર હતા અને વિજાપુરના સુલતાનના તેઓ સરદાર હતા અને એમના સૈન્યમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત હતા.

છત્રપતિ શિવાજીએ માતાજીના પેટમાં રહીને જ રામ અને લક્ષ્મણની વાતો સાંભળી, બહાદુરી અને શૌર્યના ગુણ ગ્રહણ કર્યા જે જન્મ્યા બાદ તુરત જ સૌને દેખાયા. શિવાજી નાનપણથી જ બહાદુર, ચતુર, શૌર્યવાન અને નીડર હતા. શિવાજી જ્યારે સાત-આઠ વર્ષના હતા ત્યારે એક વાર તેઓ પોતાના પિતાજી જેઓ શિવનેરીના રાજા હતા, જેમનું નામ શાહજી ભોંસલે હતું તેમની સાથે તેઓ વિજાપુરના સુલતાનની કચેરીમાં ગયા ત્યારે બાળક શિવાજીએ બજારમાંથી ચાલતાં ચાલતાં જોયું કે અનેક જગ્યાએ દુકાનો પર ગાયોની કતલ થતી હતી અને તેનું માંસ વેચાતું હતું. કેટલીક દુકાનોમાં માંસ લટકાવી રાખવામાં આવ્યું હતું. આ બધું જોઈને શિવાજીને ચીતરી ચઢી અને તેણે પિતાજીને કહ્યું કે તમે આવા શાસકને ત્યાં નોકરી છો જેના શાસનમાં ગાયોની કતલ થાય છે અને માંસ આ રીતે દુકાનો પર ખુલ્લેઆમ ટીંગાડીને વેચવામાં આવે છે.

પરંતુ શાહજી કશું બોલી શક્યા ન હતા. બોલી શકવાની સ્થિતિમાં પણ ન હતા. કારણ કે એ સમયે મુસ્લિમોનું શાસન હતું, સત્તા મુસ્લિમોના હાથમાં હતી, પૈસો મુસ્લિમો પાસે જ હતો.





હિન્દુઓ લાચાર હતા. આ બધી વાતો તેઓ શિવાજીને સમજાવી શકતા ન હતા. પરંતુ જ્યારે તેઓ સુલતાનના મહેલમાં આવી પહોંચ્યા ત્યારે સુલતાને શાહજીની સાથે સાત-આઠ વર્ષના બાળક શિવાજીને જોયા તો એમણે શાહજીને પૂછ્યું કે આ બાળક કોણ છે ? શું એ તમારો પુત્ર છે ?

ત્યારે શાહજી જવાબ આપે એ પહેલાં જ શિવાજીએ ઉત્તર આપ્યો, ''જી હા. હું શાહજી સાહેબનો પુત્ર છું અને આપને સલામ કરું છું પરંતુ મને દુઃખ થાય છે કે આપના જેવા રાજવીના રાજ્યમાં હિન્દુ પ્રજાને દુઃખ થાય તેવી પ્રવૃત્તિ ચાલે છે. ગાયોની કતલ થાય છે અને ગાયોનું માંસ ખુલ્લેઆમ દુકાનો પર ટીંગાડી રાખવામાં આવે છે અને વેચવામાં આવે છે. શું શાસકની એ ફરજ નથી કે પોતાની પ્રજાને પડતી તકલીફો દૂર કરે ?''

સુલતાન શિવાજીની આવી નીડર અને સાફસટીક વાત સાંભળીને આશ્ચર્ય પામ્યો. પરંતુ તેમને ખબર હતી કે શિવાજી સાચું કહી રહ્યો છે. શિવાજીની નીડરતાથી એમને ખુશી થઈ. તેણે શિવાજીની પીઠ થાબડી અને પછી પૂછ્યું, ''શું હું ગાયોની કતલ બંધ કરાવી દઉં પછી તને સારો શાસક લાગીશ ? પછી તું મને સારો શાસક ગણીશ ?''

ત્યારે શિવાજીએ જવાબ આપ્યો, ''ચોક્કસ. આપ સારા શાસક તો છો જ. પરંતુ આપના શાસનમાં પ્રજાને જે તકલીફો પડી રહી છે તે જો દૂર થઈ જાય તો પ્રજાને રાહત રહે અને પ્રજા આપને માનની દૃષ્ટિથી જોવા લાગે અને હું પણ આપને સારા શાસક માનવા લાગું એમાં કોઈ શંકા નથી.''

બીજે જ દિવસે સુલતાને ગૌહત્યા પર પોતાના રાજ્યમાં પ્રતિબંધ મૂકી દીધો અને કોઈપણ માંસની દુકાને માંસ લટકાડી

રાખવાની મનાઈ ફરમાવી દીધી. ખુલ્લામાં માંસ વેચવાની મનાઈ ફરમાવી દીધી. આ રીતે બાળક શિવાજીની બહાદુરી અને નીડરતા બચપણમાં જ દેખાઈ આવી. આ જોઈને શાહજી ભોંસલેને ખૂબ આનંદ થયો. તે પોતાના પુત્ર પર વારી ગયા અને જ્યારે માતા જીજાબાઈને આ વાતની ખબર પડી ત્યારે તેમણે શિવાજીને આશીર્વાદ આપતાં કહ્યું, ''ભવિષ્યમાં તું જરૂર હિન્દુ પ્રજાનું રક્ષણ કરીશ અને હિન્દુસ્તાનનું શાસન તારા હાથમાં આવશે. જોકે એ સરળ તો નથી જ, કારણ કે સમગ્ર હિન્દુસ્તાન પર મુસ્લિમ શાસકોનું શાસન ચાલી રહ્યું છે. તું હજુ નાનો છો. તારામાં હિન્દુત્વના ગુણો છે પરંતુ આખું હિન્દુસ્તાન જીતી લેવાની શક્તિ મેળવવા માટે તારે ઘણુંબધું કામ કરવું પડશે. આપણા ગુરુ સ્વામી રામદાસની તારા પર કૃપાદૃષ્ટિ થાય અને આશીર્વાદ મળે તો તું ચોક્કસ હિન્દુસ્તાનનો શાસક બની શકીશ.''

આવા આશીર્વાદ મેળવીને શિવાજી ખુશ થયા. તેના મનમાં હિન્દુત્વની ભાવના વધુ સતેજ બની અને બાળપણથી જ તેને મળેલા માતા જીજાબાઈ તરફથી સુસંસ્કારોને દીપાવવા માટે તેણે ધ્યાન કેન્દ્રિત કર્યું અને અભ્યાસમાં મન પરોવ્યું. વધુ ને વધુ શિક્ષણ લેવા અને તલવારબાજી ઉપરાંત શસ્ત્રવિદ્યા શીખવા તરફ ધ્યાન આપ્યું.

શિવાજી નાતજાતના ભેદભાવમાં માનતા ન હતા. તેઓ હિન્દુ ધર્મના રક્ષક હતા પરંતુ મુસ્લિમ ધર્મના વિરોધી બિલકુલ ન હતા. શિવાજી જ્યારે પુણેના જાગીરદાર તરીકે પોતાના પિતાજીની જાગીર સંભાળી અને શાસક બન્યા ત્યારે એમના રાજ્યમાં સૈન્યના ઉચ્ચ હોદ્દે તેમણે અનેક મુસ્લિમોને મૂક્યા હતા અને એમના લશ્કરમાં પણ અનેક મુસ્લિમોને નોકરીમાં રાખ્યા હતા.





શિવાજીનું રાજ્ય એટલું સ્વતંત્ર અને બિનસાંપ્રદાયિક હતું કે એમાં દરેક કોમની પ્રજા એકસરખી રીતે સુખી હતી. શિવાજીએ ક્યારેય હિન્દુ-મુસ્લિમમાં ભેદભાવ રાખ્યો ન હતો. પરંતુ અકબર બાદશાહે હિન્દુઓ પર જજિયાવેરો નાખ્યો હતો એને નાબૂદ કર્યો અને ઔરંગઝેબે પોતાના શાસન વખતે ફરીથી હિન્દુઓ પર જજિયાવેરો લાદી દીધો ત્યારે શિવાજીએ એક પત્ર લખીને ઔરંગઝેબને જજિયાવેરો નાબૂદ કરવા સમજાવ્યા હતા. હિન્દુસ્તાનની હિન્દુ પ્રજાના કેટલાક પ્રતિનિધિઓ પણ ઔરંગઝેબ પાસે આ જજિયાવેરો ન લેવાય તે માટે વિનંતી કરવા ગયા હતા. પરંતુ ઔરંગઝેબે કોઈને સાંભળ્યા ન હતા તેમ જજિયાવેરો નાબૂદ પણ કર્યો ન હતો. પરંતુ શિવાજીએ પોતાના પત્રમાં ઔરંગઝેબને શીખ આપી કે તમે હિન્દુ પ્રજા પર જજિયાવેરો લાદીને પ્રજામાં વેર-વિરોધની ભાવના પેદા કરી

રહ્યા છો. તમારે એ યાદ રાખવું જોઈએ કે તમારા પવિત્ર પુસ્તક કુરાનમાં પણ એવું લખાયેલું છે કે સમગ્ર પૃથ્વીના માલિક એક ખુદા છે. ખુદાએ હિન્દુ અને મુસ્લિમ માટે અલગ અલગ કાયદા ઘડ્યા નથી. જ્યારે તમે હિન્દુઓ પર જજિયાવેરો નાખીને હિન્દુ પ્રજાને પીડી રહ્યા છો જે ખુદાના વિચારોની વિરુદ્ધ છે અને તમારા પવિત્ર પુસ્તક કુરાનની પણ વિરુદ્ધ છે. માટે તમારે જજિયાવેરો નાબૂદ કરવો જોઈએ.

આ રીતે શિવાજીએ નીડરતાથી ઔરંગઝેબને પત્ર લખ્યો. પરંતુ ઔરંગઝેબ એટલો ધર્માંધ શાસક હતો કે એણે શિવાજીના પત્રની પણ પરવા કરી ન હતી. શિવાજી હિન્દુસ્તાનની હિન્દુ પ્રજાના રક્ષક હતા અને એના માટે જ તેઓ કાર્ય કરી રહ્યા હતા. રાહ ભૂલેલા મુસ્લિમ શાસકોને તેઓ સમજાવતા રહેતા હતા. પરંતુ ઔરંગઝેબ જેવો જિદ્દી અને ધર્માંધ શાસક શિવાજીની વાત માને એ અશક્ય હતું.



## ૨

શિવનેરી કિલ્લો મહારાષ્ટ્રના પહાડી વિસ્તારમાં આવેલો હતો. એ સમયે મહારાષ્ટ્રની પ્રજા મરાઠી લોકો ખૂબ જ ગરીબ, અસહાય, અભણ અને ભીરુ વૃત્તિના હતા. મુસ્લિમ શાસનમાં જીવવું એમના માટે ખૂબ જ અઘરું હતું. પોતાનો ધર્મ બચાવી રાખવા માટે તેઓ આ રીતે ડરીને જીવી રહ્યા હતા. કેટલાક ઉચ્ચ વર્ણના લોકો પાસે થોડોઘણો પૈસો અને સુખ-સામગ્રી હતી ખરી. બાકીની ઘણીખરી પ્રજા ગરીબ અને સાદું જીવન જીવવાવાળી હતી. પહાડી પ્રદેશમાં રહેવા માટે તે લાચાર હતી. કારણ કે પહાડી પ્રદેશમાં રહેવાના કારણે તેઓ ખુદનું રક્ષણ કરી શકતા હતા. કોઈપણ સિપાહી-સિપાહસાલાર કે મુસ્લિમ શાસક અચાનક ચડી આવે તો તેઓ દોડીને જંગલમાં નાસી જતા. આ રીતે તેઓ પોતાનું જીવન બચાવી શકતા હતા.

આવી પરિસ્થિતિમાં તેઓ જીવી રહ્યા હતા. પરંતુ શિવાજીને જ્યારે જાણવા મળ્યું કે અહીંની પ્રજા આ રીતે ડરપોક અને જીવ બચાવવા માટે વારંવાર જંગલમાં નાસી જાય છે તો એ પ્રજાને એકત્ર કરી તેમને સંગઠિત બનવા અને સંગઠિત બન્યા પછી મુકાબલો કરવાની શીખ આપવા લાગ્યા.

શિવાજી જ્યારે ૧૭ વર્ષની ઉંમરના થયા ત્યારે તેમના પિતાજી શાહજી ભોંસલેનું અવસાન થયું અને શિવનેરીનું રાજ્ય શિવાજીના હાથમાં આવ્યું. અને શિવાજી યુવાન થવા આવ્યા હતા. તેમના

હાથમાં સત્તા આવી હતી અને તેમણે હિંદુ પ્રજાને એકત્ર કરીને મુસ્લિમ શાસકોનો વિરોધ કરવાની તાલીમ આપવાનું શરૂ કર્યું. પ્રજાને જાગૃત કરવા અને સંગઠિત કરવા તેમણે અવારનવાર સંત તુકારામ, સંત એકનાથ, સ્વામી રામદાસ વગેરેનાં વચનો પ્રજાને કહીને વધુ ને વધુ સંગઠિત કરવા પ્રેરણા આપતા રહ્યા. આ સંતોનું નામ મહારાષ્ટ્રના ઘરેઘરમાં ગુંજી રહ્યું હતું. હિંદુ પ્રજા આ સંતોની વાત ટાળી શકતા ન હતા. શિવાજીના ગુરુ સ્વામી રામદાસ પણ અવારનવાર શિવનેરી આવીને પ્રજાને સંગઠિત બનવાની પ્રેરણા આપી જતા હતા.

શિવાજી સૌને ઊંચ-નીચના ભેદભાવથી દૂર રહેવા, હિંમત અને બહાદુરીપૂર્વક જીવન જીવવા અને વિધર્મીઓનો વિરોધ કરવાનું શિક્ષણ આપવા લાગ્યા. એ રીતે શિવાજી લોકોમાં એવી ભાવના પેદા કરવા લાગ્યા હતા અને લોકો પણ હવે હિંમતવાન બનવા લાગ્યા હતા.

શિવાજીએ હવે શિવનેરી રાજ્ય ઉપરાંત આજુબાજુના વિસ્તારોને પોતાના કબજામાં લેવાનું શરૂ કર્યું અને એ માટે એમણે કેટલુંક સૈન્ય એકઠું કર્યું. પ્રજાને પણ સંગઠિત કરી પોતાની સાથે લીધી અને ધીમે ધીમે આજુબાજુનાં નાનાં નાનાં રાજ્યો પોતાના રાજ્ય સાથે ભેળવી દેવા લાગ્યા.

શિવાજીની તાકાત અને રાજ્યનો ફેલાવો વધવા લાગ્યો. દિવસે-દિવસે એનો વિસ્તાર થતો જતો હતો. એ જોઈને વિજાપુરના સુલતાન ડરી ગયા. એને લાગ્યું કે શિવાજીને રોકવા જોઈએ અને એને પકડીને કેદમાં પૂરી દેવા જોઈએ. નહીંતર શિવાજી બીજાં રાજ્યો પણ કબજે કરી લેશે. એ માટે એણે એક યુક્તિ વિચારી અને પોતાના એક સિપાહસાલાર અફઝલખાનને શિવાજીને ઝબ્બે



કરવા માટે મોકલ્યા. અફઝલખાન ૫૦૦-૭૦૦ સિપાહીઓને લઈને શિવાજી પર હલ્લો લઈને ગયા. રાવટીઓ તાણીને તેણે તંબુઓ ખોડી દીધા અને પોતાના લશ્કરને તેમાં ઉતારો આપ્યો અને શિવાજીને મળવા બોલાવ્યા. શિવાજી અફઝલખાન પાસે આવ્યા. અને અફઝલખાન જાણે શિવાજીને વહાલ કરતા હોય તેમ પોતાની બાથમાં ભીડી લીધા અને શિવાજીનું માથું પોતાની બગલમાં દબાવીને જોર કર્યું. શિવાજી સાવધાન હતા. અફઝલખાન કદાવર હતો અને શિવાજી બેઠી દડીના હોવાથી એમનું માથું અફઝલખાનની બગલમાં દબાયું હતું. અફઝલખાનની નીતિ એવી હતી કે શિવાજીનું માથું બગલમાં દબાવી કટારથી તેની પીઠ પર ઘા કરવો. શિવાજી તેની આ યુક્તિ જાણી ગયા અને તેમણે તુરત જ વાઘનખ પહેરીને અફઝલખાનનું પેટ ચીરી નાખ્યું. આમ ન કરે તો શિવાજીના ત્યાં જ રામ રમી જાત એવી સ્થિતિ હતી. પરંતુ શિવાજીએ વાઘનખથી જ અફઝલખાનનું પેટ ચીરી નાખ્યું અને અફઝલખાન ચીસ નાખીને જમીન પર ફસડાઈ પડ્યો. શિવાજીએ પહેલેથી જ અગમચેતી વાપરીને પોતાની સાથે નાનકડું લશ્કર લીધું હતું.

શિવાજીએ વિજાપુરના સુલતાનને પોતાની શક્તિનો પરચો આપી દીધો હતો. આ વાત સાંભળીને વિજાપુરના સુલતાન ગુસ્સે થઈ ગયા અને શિવાજી પર વધુ મોટું લશ્કર લઈને હલ્લો કરવાની તૈયારી કરવા લાગ્યા. પરંતુ શિવાજીએ સામેથી જ તેના પર હલ્લો કરીને વિજાપુરનો કિલ્લો હસ્તગત કરી લીધો. વિજાપુરનો સુલતાન ઊંઘતો ઝડપાઈ ગયો. આ રીતે શિવાજી રાજનીતિક દાવપેચ રમીને પોતાની શક્તિ અને યુક્તિઓ દ્વારા એક પછી એક કિલ્લાઓ હસ્તગત કરવા લાગ્યા. આજુબાજુનાં નાનાં-નાનાં રાજ્યો જેઓ પ્રથમ હિન્દુ રાજાઓના હાથમાં હતાં અને મુસ્લિમ શાસકોએ એ

રાજ્યો પડાવી લીધાં હતાં એ રાજ્યો શિવાજી એક પછી એક જીતવા લાગ્યા અને મુસ્લિમોનો પરાજય થવા લાગ્યો. એક પછી એક બધાં રાજ્યો જીતી લઈને શિવાજીએ વિજાપુર રાજ્યમાં ભેળવી દીધાં અને પોતાની ગાદી વિજાપુરમાં સ્થાપી.

શિવાજીના લશ્કરે વિજાપુરનો કિલ્લો હસ્તગત કરી લીધો. સુલતાનના સિપાહસાલારોને પકડી લીધા, કેટલાકને મારી નાખ્યા.

આ રીતે વિજાપુરનો કિલ્લો શિવાજીના હાથમાં આવી જતાં શિવાજીની શક્તિ અનેકગણી વધી ગઈ. પછી તો શિવાજીએ વિજાપુરમાં જ પોતાની રાજગાદી સ્થાપી દીધી. એમ શિવાજી બહાદુરીપૂર્વક એક પછી એક રાજ્યો જીતી લઈને એના પર પોતાનું શાસન સ્થાપિત કરવા લાગ્યા. આ રીતે શિવાજી ૧૮ વર્ષની નાની ઉંમરે અનેક નાનાં-મોટાં રાજ્યો જીતી લઈને પોતાની શક્તિ વિસ્તારી રહ્યા હતા. એમની પાસે ટૂંકું સૈન્ય હતું તેને વધારવા માટેનો પ્રયત્ન તેઓ કરવા લાગ્યા હતા. એ માટે એમણે મહારાષ્ટ્રના પર્વતીય ક્ષેત્રોના મરાઠી લોકોને એકત્ર કર્યાં અને તેઓમાં હિન્દુત્વની ભાવનાનો સંચાર કર્યો અને તેમને નીડર બનવા પ્રેરણા આપી.

અત્રે એ વાત જાણી લેવી જરૂરી છે કે શિવાજી કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખતા ન હતા. તેમને હિન્દુ-મુસ્લિમનો કોઈ ભેદભાવ હતો નહીં. તેઓ મુસ્લિમોને પણ પોતાને ત્યાં નોકરીઓમાં રાખતા હતા અને ઉચ્ચ હોદ્દાઓ પર તેમની નિમણૂક કરતા હતા. તેઓ મુસ્લિમ વિરોધી નહોતા પરંતુ જ્યારે મુસ્લિમો એમના પર હલ્લો કરે ત્યારે પોતાનો બચાવ કરવા ખાતર તેઓ લડતા. અમસ્તા-અમસ્તા લડવાનું શિવાજીના સ્વભાવમાં નહોતું. આ રીતે શિવાજીએ મહારાષ્ટ્રમાં રાષ્ટ્રીય પ્રેમની ઉત્કૃષ્ટ ભાવના દરેકે દરેક માનવીમાં પ્રેરી હતી.



શિવાજીએ ''હિન્દવી સ્વરાજ'' નામની એક સંસ્થા સ્થાપી હતી અને એ સંસ્થા દ્વારા એમણે યુવાનો અને લડાયક સ્વભાવના હિન્દુત્વવાદી મરાઠાઓને એકત્ર કર્યા અને એ સંસ્થામાં અનેક લોકો આવીને જોડાયા ત્યારે છત્રપતિ શિવાજીએ હિન્દુ સ્વરાજમાં વિધિપૂર્વક પોતાની તાજપોશી કરી અને તેનું શાસન એમણે હસ્તગત કર્યું.

શિવાજીની વધી રહેલી તાકાતની વાત ધીરે ધીરે દિલ્હીના બાદશાહ ઔરંગઝેબ સુધી પહોંચી ત્યારે ઔરંગઝેબે ગુસ્સાથી લાલ બની જઈને કેટલુંક સૈન્ય શિવાજીને મહાત કરવા માટે મોકલી આપ્યું. જોકે ઔરંગઝેબ અનેક ક્ષેત્રે લડી લડીને થાકી ચૂક્યો હતો. એક તરફ રાજપૂતાનાના રાજપૂતો તેને કનડી રહ્યા હતા, બીજી તરફ પંજાબના ગુરુ ગોવિંદસિંહ તેનો મુકાબલો કરી રહ્યા હતા, ત્રીજી તરફ મરાઠાવાડના શિવાજીએ હવે માથું ઊંચક્યું હતું. આમ અનેક ક્ષેત્રે ઔરંગઝેબને લડાઈ લડવી પડતી હતી. શાંતિપૂર્વક શાસન ચલાવવું એના નસીબમાં જ ન હતું. ચારે તરફ દુશ્મનો તેનો મુકાબલો કરી રહ્યા હતા. પરંતુ શિવાજીને ઔરંગઝેબની કશી પરવા ન હતી. એણે તો હિન્દુ પ્રજાને એકત્ર કરવા માંડી અને પોતાનું રાજ્ય વિસ્તારવામાં જ પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરી દીધું.

ઔરંગઝેબે શિવાજીને ઝબ્બે કરવા માટે પોતાના સિપાહસાલારને વિજાપુર પર હલ્લો કરવા મોકલ્યા. પરંતુ શિવાજીએ બહાદુરીપૂર્વક એ સિપાહસાલારને હરાવીને મુસ્લિમ સૈન્યની કત્લેઆમ કરી ઔરંગઝેબને પોતાની શક્તિનો પરચો આપી દીધો. ત્યારબાદ ઔરંગઝેબે બે-ત્રણ વખત અલગ-અલગ સિપાહસાલારોને શિવાજી પર લશ્કર લઈને હલ્લો કરવા મોકલ્યા પરંતુ દરેક વખતે શિવાજીએ મુસ્લિમ





સૈન્યને હરાવીને ખદેડી મૂક્યું. આથી ઔરંગઝેબે હવે પેંતરો બદલ્યો અને શિવાજી સાથે સમજૂતી કરવા માટે અને શિવાજીને ઝુકાવવા માટે એણે પોતાના એક હિન્દુ રાજા જયસિંહને શિવાજી પાસે મોકલ્યા અને શિવાજીને આગ્રા સલાહમશવરા અને વિચારવિમર્શ કરવા માટે અને સમાધાન કરવા માટે બોલાવ્યા. રાજા જયસિંહે શિવાજીને સમજાવ્યા અને શિવાજીને તેઓ મુગલ દરબારમાં લઈ આવ્યા. પરંતુ એ વખતે શિવાજીનું યોગ્ય સન્માન થયું નહીં આથી શિવાજીને ખોટું લાગ્યું અને પોતાનું અપમાન લાગ્યું એટલે શિવાજી ખિજાયા. ઔરંગઝેબે તુરત જ શિવાજી અને તેના પુત્ર સંભાજીને કેદ કરી લેવાનો હુકમ કર્યો. શિવાજી કેદખાનામાં પડ્યા અને ત્યાં તેમણે એક યુક્તિ આદરી.

તેમણે બીમાર પડવાનો ઢોંગ કર્યો અને જાણે દેવી-દેવતાઓને અને બ્રાહ્મણો, સંતો-સાધુઓને દરરોજ મીઠાઈના ટોપલા ભરીને મોકલતા હોય એ રીતે રોજેરોજ મીઠાઈના ભરેલા ટોપલા દેવી-દેવતાઓને ચડાવવા માટે મોકલવા લાગ્યા. આ એક યુક્તિ હતી. એ યુક્તિ દ્વારા શિવાજી છટકી જવા ઇચ્છતા હતા અને બન્યું પણ એવું જ.

એક દિવસ એક મીઠાઈના ટોપલામાં શિવાજી બેઠા અને શિવાજી કેદખાનાની બહાર નીકળી ગયા. પછી તો શિવાજીએ ઔરંગઝેબ સામે રીતસર બળવો જ પોકાર્યો અને પોતાના સિપાહીઓને એકત્ર કરી ઔરંગઝેબને વધુ ને વધુ હેરાન-પરેશાન કરવા લાગ્યા.

શિવાજીને લાગ્યું કે શાસન ચલાવવું હોય તો શસ્ત્ર અને દારૂગોળો હોવો જોઈએ. સૈન્ય અને સિપાહીઓ હોવા જોઈએ અને એ બધું હોવા માટે અઢળક ધન હોવું જોઈએ. પરંતુ શિવાજી પાસે ન તો ધન હતું, ન તો સૈન્ય હતું. આથી એમણે પોતાના

આઠ મંત્રીઓને એકત્ર કરીને ધન ક્યાંથી મેળવવું એની ચર્ચાવિચારણા કરી.

ધન મેળવવા માટે એમણે પોતાના જાસૂસ ખાતાના વડા બહીરજી સામે જોયું. બહીરજીએ એક યુક્તિ બતાવી. તેમણે કહ્યું કે, સુરત શહેર ખૂબ ધનવાન શહેર છે. જો સુરત શહેરને લૂંટવામાં આવે તો ત્યાંથી કરોડો રૂપિયાનું ધન મળી શકે તેમ છે.

શિવાજીને તો યેનકેન પ્રકારે ધનની જરૂર હતી. તેમને પોતાના સૈન્યમાં વધારો કરવો હતો. એ માટે ધન અત્યંત જરૂરી હતું. આથી એમણે બહીરજીને સુરત જઈને તપાસ કરવાનો હુકમ કર્યો અને સાથે બાવાજીને પણ લઈ જવાનું પણ સૂચવ્યું. બહીરજી અને બાવાજી જાસૂસ હતા. તેઓ સુરત તરફ રવાના થયા અને સુરતમાં તેમણે જે ધનના ઢગલા જોયા અને એ ઉપરાંત સુરત શહેર પર નવાબ ગ્યાસુદ્દીનનું શાસન ચાલતું હતું તેને હિન્દુ રાજ્યમાં પલટાવવા માટે તેમણે નવાબ ગ્યાસુદ્દીનના સાળા સૂરલાલ જેઓ હિન્દુ હતા એને પોતાની તરફેણમાં કરી લાલચ આપીને સમજાવ્યા કે નવાબ ગ્યાસુદ્દીન પાસેથી સુરત શહેરનો કબજો લઈને તમને હિન્દુ રાજા તરીકે અમે બેસાડીએ તો એવું છત્રપતિ શિવાજી મહારાજ ઇચ્છે છે. તમારે ફક્ત દર વર્ષે બે લાખ રૂપિયા ખંડણી તરીકે શિવાજી મહારાજને આપવાના રહેશે. આટલી નાની રકમમાં સુરત શહેરના તમે રાજા બની શકો છો અને સુરત શહેર પરથી મુસ્લિમ વાવટો સંકેલાઈ જાય અને હિન્દુ રાજ્ય તરીકે સુરત સ્થાપિત થઈ જાય. આમ બેવડી યોજનાઓ દ્વારા બહીરજી અને બાવાજીએ શિવાજીને અનેક રીતે સમજાવીને આવી ગોઠવણ થઈ છે તેવું કહ્યું.

શિવાજીને જોકે ધન જોઈતું હતું એટલે સુરત શહેરને લૂંટવાની



યોજનામાં તેઓ સંમત થયા. આ રીતે હિન્દુ રાજ્ય સ્થપાતું હોય અને મુસ્લિમ શાસનનો નાશ થતો હોય, ઉપરાંત અઢળક ધન મળતું હોય તો સુરત શહેરને લૂંટવામાં કશો વાંધો નથી એવું શિવાજીને લાગ્યું.

એવામાં એમના પરમ મિત્ર નેતાજી પાલકર જેમણે છેલ્લાં દસ વર્ષથી મુસ્લિમ ધર્મ અંગીકાર કરી લીધો હતો એને પોતાની પાસે બોલાવ્યા. એ જમાનામાં જે હિન્દુઓ મુસ્લિમ ધર્મ સ્વીકારી લેતા હતા એને ફરીથી હિન્દુ ધર્મમાં લેવામાં આવતા ન હતા. પરંતુ શિવાજીને એવું લાગ્યું કે નેતાજી પાલકર જેવા બહાદુર, વિચક્ષણ, શક્તિશાળી અને લડાઈના નિષ્ણાત સિપાહસાલારોને સાથે રાખવાથી જ જુલ્મી શાસક ઔરંગઝેબનો મુકાબલો થઈ શકે. આથી એમણે નેતાજી પાલકરને પોતાની પાસે બોલાવીને એમને ફરીથી હિન્દુ ધર્મમાં લઈ લીધા અને પોતાના રાજ્યમાં ઉચ્ચ હોદ્દા પર એની નિમણૂક કરી દીધી.



## ૩

શિવાજી વિજાપુરના રાજા બનતાંવેંત જ હિન્દુ પ્રજાને ખૂબ રાહત થઈ. શિવાજીના શાસનમાં પ્રજા પર કોઈપણ પ્રકારનો ગેરવાજબી કર કે કાયદા-કાનૂન લાદવામાં આવ્યા ન હતા. જોકે મુસ્લિમ શાસકો અવારનવાર પ્રજાને તકલીફ પડે એવા કાયદાઓ ઘડીને પ્રજાને રંજાડતા હતા. પરંતુ શિવાજીના શાસનમાં હિન્દુ હોય કે મુસલમાન પ્રજાને કોઈપણ પ્રકારની તકલીફ પડતી નહોતી, કારણ કે કર ખૂબ ઓછા હોવાના કારણે પ્રજા પોતાનું ગુજરાન સરળ રીતે કરી શકતી હતી. પરંતુ રાજ્યની આવકમાં ખૂબ જ તંગી રહેતી. તેથી શિવાજીને પોતાનું લશ્કર વધારવા અને શસ્ત્રો ખરીદવામાં ખૂબ તકલીફ રહેતી. વર્ષો સુધી શિવાજીએ ઔરંગઝેબનો મુકાબલો કરતાં કરતાં પોતાની પ્રજાને સગવડ અને સાધનો મળે એવા પ્રયત્નો સાથે પોતાનું શાસન ચલાવ્યું અને જ્યારે એમની ઉંમર ૩૭ વર્ષની થઈ એટલે કે વીસ વર્ષ સુધી શાસન ચલાવ્યા પછી શિવાજીએ સુરત શહેર પરથી મુસ્લિમ નવાબ ગ્યાસુદ્દીન રૂમીને હટાવી એની જગ્યાએ તેના વજીર સૂરલાલને બેસાડીને સુરત ફરીથી હિન્દુ રાજ્ય બને તેવા પ્રયત્નો કરવાનું નક્કી કર્યું અને ખરેખર તો એની પાછળ ધન મેળવવાની પ્રબળ ઇચ્છા શિવાજીની હતી. કારણ કે શિવાજીએ મોકલેલા પોતાના જાસૂસો સુરત શહેરમાંથી એવા સમાચાર લાવ્યા હતા કે સુરતમાં ધનના ઢગલા છે અને એ ઢગલા ઊસરડીને વિજાપુર સુધી લાવતાં કોઈ પ્રકારની તકલીફ





પડે તેમ નથી.

શિવાજીના હાથમાં ધન આવે તો લશ્કરમાં સિપાહીઓની નિમણૂક થઈ શકે અને શસ્ત્રસરંજામ પણ ખરીદી શકાય. એના માટે જોઈતા પ્રમાણમાં ધન ફક્ત સુરતથી જ મળી શકે તેમ શિવાજીને લાગ્યું. આથી તેમણે સુરત શહેરને લૂંટવાનું નક્કી કર્યું. 'એક પંથ દો કાજ' જેવી શિવાજીની યોજના હતી. ધન પણ મળે અને સુરત પર ભગવો ધ્વજ પણ લહેરાવી શકાય. આ રીતે શિવાજી મહારાજ હિન્દુ ધર્મના રક્ષક બની વધુ ને વધુ લશ્કર ઊભું કરવા પ્રયત્ન કરતા હતા.

આ રીતે છત્રપતિ શિવાજીએ તદ્દન ઓછું સૈન્ય જે તેમની પાસે હતું એને લઈને સુરત પર હલ્લો કરવાનું નક્કી કર્યું અને સ્વામી રામદાસ અને પંઢરપુરના પંઢરીનાથને પ્રાર્થના કરીને તેઓએ સુરત પર હલ્લો કરવા પ્રયાણ કર્યું. સુરત પહોંચીને ખાડીની પેલે પાર શિવાજીએ તંબુઓ ખોડાવી દીધા. પોતાના લશ્કરને જે થાક્યુંપાક્યું સુરત પહોંચ્યું હતું તેને આરામ કરવાની વ્યવસ્થા કરી આપી. ખાડીની પેલે પાર જાણે એક તંબુનગરીની સ્થાપના થઈ ગઈ. બધા તંબુઓની વચ્ચે શિવાજીનો શણગારેલો સુંદર મજાનો તંબુ પણ હતો. એ તંબુની અંદર શિવાજી આરામ કરવા બેઠા. આજુબાજુના તંબુઓમાં તેમના અન્ય સિપાહસાલાર મંત્રીઓ અને લશ્કરના ઉચ્ચ પદાધિકારીઓ રોકાયા અને સુરત શહેરને લૂંટવાની યોજનામાં સૌ ગૂંથાયા.

રાતના બે-એક વાગી ચૂક્યા છે. ક્ષિતિજમાં ટમટમતા તારલા પૃથ્વી પર પથરાયેલા અંધકારને દૂર કરવા મથી રહ્યા છે. દૂરથી સુરત શહેરના કિલ્લાનો કાળો પડછાયો દેખાઈ રહ્યો છે. આકાશમાં એક પણ વાદળું ન હોવા છતાંય વાતાવરણમાં ભીનાશ વર્તાય

છે. ખાડીની આ પાર શિવાજીનું ઘોડેસ્વાર દળ નાનું એવું લશ્કરનું રૂપ ધારણ કરીને પડ્યું છે. થોડાક તંબુઓ તણાયેલા છે. એની બહાર મશાલો ભડભડ કરતી બળી રહી છે. બેચેન શિવાજીના તંબુમાં પણ જાગૃતિ અને સળવળાટ જણાય છે. તંબુઓમાં શિવાજીના ખાસ માણસો છે. પણ કોઈ બેખબર બનીને ઊંઘતું હોય એવું દેખાતું ન હતું. ત્રણ-ચાર તંબુઓ બાદનો તંબુ પણ શાંત ન હતો. એ તંબુમાં રમાબાઈ છે. શિવાજીની બાજુના તંબુમાં મોરોપંત તીમલે પણ કાંઈક વિચારોમાં ખોવાયેલા હતા. મોરોપંત એટલે શિવાજીનો જમણો હાથ. બાકીના બીજા તંબુઓમાં નાથજી પલકરે બહીરજી, દામોદર પાસવાન, હરપ્રસાદ, અને બીજા સરદારો હતા. ઘોડેસવારો સિપાહીઓ બેખબર બનીને ઊંઘી ગયા હતા. ઘોડાઓ પણ દાણોપાણી લઈને શાંતિથી પગ વાળીને બેઠા હતા. પણ શિવાજી બેચેનીથી આમથી તેમ આંટા મારી રહ્યા હતા. માથા પર પાઘડી અત્યારે પણ પહેરેલી હતી. એના પરથી જણાઈ આવતું હતું કે શિવાજીએ તંબુમાં પોતાના પલંગ પર લાંબો વાંસો પણ કર્યો નહિ હોય. તેના પગની મોજડીઓ કિચુડડ..કિચુડડ...અવાજ કરીને તેની બેચેનીની આલબેલ પોકારી રહી હતી. થોડીવાર આમથી તેમ આંટા મારી શિવાજીએ એક નજર સુરત શહેરના કિલ્લા તરફ કરી. ક્ષણવાર કાંઈક વિચાર કરીને તેણે તંબુની રખેવાળી કરી રહેલ સિપાહીને ઇશારાથી બોલાવી સૌ સિપેહસાલરોને બોલાવી લાવવા કહ્યું.

થોડીવાર પછી શિવાજીના તંબુમાં મોરોપંત તીમલે, બાવાજી, દામોદર પાસવાન, કંથાજી ભોંસલે, હરપ્રસાદ આવી ગયા. શિવાજીએ આસન પર બેસતાં વ્યથિત શબ્દોમાં કહ્યું, ''મોરોપંત ! બાવાજીએ ગોઠવેલી બાજી નિષ્ફળ થઈ જણાય છે. સુરત શહેરના દરવાજા



ખૂલવાનો સંકેત આપણને મળ્યો નથી. સૂરલાલ વજીરનો પણ કોઈ પત્ર આવ્યો નથી. હવે સુરત શહેરમાં પ્રવેશ કઈ રીતે કરવો એ જ મને સમજાતું નથી.''

મોરોપંત ધીમેથી બોલ્યા, ''મહારાજ ! સૂરલાલ વજીરના કહેવા મુજબ તો આજે રાતના ગમે તે પ્રહરમાં સુરત શહેરનો એક નહિ પણ એકથી વધુ દરવાજા ખુલ્લા થશે જ.''

''માની લઈએ કે દરવાજા ખૂલશે પણ ન ખુલ્યા તો શું કરીશું ?'' શિવાજીએ શંકા દર્શાવી.

મોરોપંતે બાવાજી તરફ જોયું. અને કહ્યું, ''બાવાજી, તમે તો સુરત શહેરના ભોમિયા છો. તમે તો જાણતા જ હશો કે સુરત શહેરમાં પ્રવેશ થવાનો કોઈ રસ્તો છે કે કેમ ?''

''શહેરમાં પ્રવેશવાનો બીજો કોઈ રસ્તો નથી.'' બાવાજી બોલ્યા અને કહ્યું, ''પણ એક માર્ગ હું સૂચવી શકું છું, તમને પસંદ પડે તો... ?''

''બોલો ! કયો માર્ગ છે ?'' શિવાજીએ વચ્ચે જ પૂછ્યું.

'મારી પાસેની પાટલાઘો દ્વારા હું બે-ચાર માણસોને શહેરમાં પ્રવેશ કરાવી શકું છું.'' બાવાજીએ યુક્તિ બતાવી.

''પછી ?'' અધિરાઈથી મોરોપંત બોલ્યા.

''એ બે-ચાર માણસોમાંથી કોઈ પણ અંદર જઈને દરવાજાના ભૂંગળ સરકાવી દરવાજા ખોલી નાખે તો આપણે શહેરમાં પ્રવેશી શકીએ ખરા !''

''કોઈ બોડી બામણીનું ખેતર છે કે બે-ચાર માણસો અંદર પ્રવેશીને દરવાજો ખોલી નાંખે ? ત્યાં શું નવાબનું સૈન્ય ઘેનમાં ઊંઘતું હશે ?'' બહીરજીએ શંકા દર્શાવી અને કહ્યું, ''આપણા બે-ચાર માણસોને રહેંસાવી નાંખવા હોય તો ભલે મોકલો તેઓને.''





“બહીરજી ! તમે પણ બાવાજીની સાથે શહેરમાં જાસૂસી કરવા ગયા હતા ને ?” શિવાજીએ પ્રશ્ન કર્યો.

“જી.”

“શું લાગે છે તમને સૂરલાલનું ?”

“સૂરલાલ વજીર ચોક્કસપણે આપણને મદદ કરવા તત્પર છે જ, તેને વજીર મટીને સુરતના રાજા બનવું છે. એટલે એ મદદ કરશે જ.”

“તો પછી કેમ અત્યાર સુધી તેના કોઈ સમાચાર નથી ?”

“લાગે છે કે મોતીબેગમને ગંધ આવી ગઈ હશે.”

“અને...સૂરલાલને પકડી લીધો હશે એમ જ ને ?” શિવાજીએ કહ્યું.

“કદાચ.”

‘મોતીબેગમ એટલી હોશિયાર હોય કે સૂરલાલ વજીરને પણ પકડી શકે તો તે પોતાનાં સૈન્યને નહિ સમજાવી શકે ?’

શિવાજીએ એક નવી શંકા બતાવી.

“એ પણ શક્ય છે.” મોરોપંત બબડ્યા.

“નહિ...નહિ...નહિ...” બાવાજી ચિલ્લાયા, “તમે નકામી વાતોમાં સમય વેડફી રહ્યા છો. નકામી કલ્પનાઓ કરવાનો કોઈ અર્થ નથી. કિલ્લાની અંદર શું બન્યું તેની ઉપર વિવાદ કરીને સમય બગાડવો વ્યર્થ છે. આજ સાંજ સુધીનું જે વાતાવરણ મેં જોયું છે તેના પરથી મારું માનવું ચોક્કસપણે એમ છે કે નવાબનું લશ્કર કોઈ સંજોગોમાં નવાબ સાથે નહિ આવે.” બાવાજી બોલતા ગયા. “કારણ કે છેલ્લા ચાર મહિનાથી નવાબે લશ્કરને પગારનો એક દોકડોય પરખાવ્યો નથી. ઉપરથી નવાબ આખો દિવસ અને રાત નશામાં ચકચૂર રાણીવાસમાં પોતાની રખાતોમાં જ પડ્યો

રહે છે.''

''અને પ્રજા... !?'' શિવાજીએ શાંતિથી પૂછ્યું.

''છત્ર વિનાનું રક્ષણ નહિ એ વાત પ્રજા જાણે છે અને લશ્કરની વાત પ્રજામાં ફેલાઈ ચૂકી છે.''

''તો તો પ્રજા ગભરાયેલી હશે ?''

''એટલે જ હું કહું છું કે આજ રાતના જ હલ્લો થવો જોઈએ.''

''પણ કેવી રીતે ?'' આ પ્રશ્ન સૌને મૂંઝવી રહ્યો હતો અને શહેરમાં પ્રવેશવાનો કોઈ માર્ગ ન હતો. એટલામાં રમાબાઈએ તંબુમાં પ્રવેશ કર્યો અને કહ્યું, ''હું શહેરમાં પ્રવેશવાનો દરવાજો ખોલી આપું તો ?''

રમાબાઈને તંબુમાં પ્રવેશતાં જોઈને સૌ ચોંકી ગયા હતા. ઉપરથી રમાબાઈએ દરવાજો ખોલી આપવાની વાત કરી એથી વધુ ચોંક્યા.

''શું વાત કરે છે રમાબાઈ ?'' શિવાજીએ ગુસ્સામાં પૂછ્યું.

''મને ક્ષમા કરશો. હું રજા વગર તંબુમાં પ્રવેશી છું. પણ મારો હેતુ અશુભ નથી.''

''શું છે બોલ, કઈ રીતે દરવાજો ખોલી આપીશ ?''

''પાટલાઘોની મદદથી હું કોટની અંદર પ્રવેશીને કોઈ પણ સંજોગોમાં દરવાજો ખોલી નાંખીશ. કઈ રીતે ખોલીશ એ ન પૂછશો. એક સ્ત્રી પોતાની જાત પર આવીને શું નથી કરી શકતી ? પણ મારી એક શરત છે. કોટની અંદર પ્રવેશ્યા પછી નવાબના સૈનિકો મને મારી નાંખે તો મને પરવા નથી અને હું દરવાજો ખોલવામાં સફળ થાઉં તો તમારે મને જીવતી છોડી મૂકવાની મારી શરત છે. અગર તમે મને મુક્ત કરવાનું વચન આપો તો હું એ મુક્તિના



બદલામાં દરવાજો ખોલી આપું.'' રમાબાઈએ કહ્યું.

રમાબાઈની વાત સાંભળીને મોરોપંત, બાવાજી, બહીરજી અને અન્ય ખુશ થયા પણ શિવાજીને એ ન ગમ્યું. શિવાજી રમાબાઈને છોડવા તૈયાર ન હતા. એનું કારણ એ હતું કે, રમાબાઈનું રૂપ અને યૌવન અદ્વિતીય હતું. એના સૌંદર્યના કારણે જ શિવાજી તેને અહમદનગર બાજુના એક ગામડામાંથી ઘસડી લાવ્યા હતા. એની ખૂબસૂરતી પર શિવાજી ફિદા હતા અને આવી સુંદર સ્ત્રી તેઓ સુરતના વજીર સૂરલાલને ભેટ આપવા માંગતા હતા. જેથી સૂરલાલ ખુશ થાય અને જોઈતો સહકાર આપે. પણ રમાબાઈએ કોઈ પણ સંજોગોમાં શિવાજીની વાત માનવાનો ઇન્કાર કર્યો હતો. રમાબાઈએ શિવાજીને ધમકી આપી હતી કે, કોઈપણ જ્યારે પણ મને હાથ લગાડશે ત્યારે મારું મૃત શરીર જ પામશે.

શિવાજીએ પણ રમાબાઈને શાંત પાડીને તેને જીતી લેવાનું મુનાસિબ માન્યું હતું. શિવાજીને ખાતરી હતી કે આ ગામડાની ગોરી મહેલમાં થોડા દિવસો રહેશે કે રાણી બનવાનાં સ્વપ્ન જોવા લાગશે. અને સમર્પણ કરી દેશે. એટલે જ તો ત્રણ દિવસથી તેને સાથે જ રાખી હતી. પણ અલગ તંબુમાં જ. સુરત તરફ કૂચ લઈ આવતાં જ આજે રમાબાઈ પોતાની જાતને બચાવવા કોઈ પરાક્રમ કરી બતાવવા તત્પર બની હતી અને દરવાજો ખોલી આપવાની સામે પોતાની મુક્તિની શરત મૂકી હતી. રમાબાઈની આ શરત બીજા સૌએ મનમાં ને મનમાં સ્વીકારી લીધી હતી. પણ શિવાજી અચકાતા હતા. શિવાજી રમાબાઈને છોડવા તૈયાર ન હતા. પણ સુરત શહેરમાં આજની રાતમાં પ્રવેશવું પણ જરૂરી હતું જ. એ વાત યુદ્ધ કૌશલ્ય શિવાજી જાણતા હતા. કમને તેઓ રમાબાઈની શરત કબૂલવા તૈયાર થયા.

તુરત જ બધા ઊભા થયા. બાવાજીએ પાટલાઘો સંભાળી. મોરોપંતે સૈન્યને જગાડવાનો આદેશ આપ્યો. શિવાજીએ શસ્ત્રો સંભળ્યાં અને થોડીવાર પહેલાં જ્યાં બિલકુલ શાંતિ હતી ત્યાં ઘોડાઓનાં ડાબલાં ગાજવાં લાગ્યાં.

બાવાજીએ પાટલાઘોને કોટના કાંગરા સુધી ઉછાળી. ધપ કરતી પાટલાઘો ત્યાં ચોંટી ગઈ. પાટલાઘો સાથે બાંધેલી મજબૂત ગાંઠો વાળેલ દોરીના આધારે રમાબાઈ ઉપર ચડવા લાગી. રમાબાઈ દોરીની એક પછી એક વાળેલી ગાંઠો પર પગનો અંગૂઠો અને આંગળી ભરાવી ઉપર ચડી રહી હતી. અને રમાબાઈ પોતાની મુક્તિની ખુશી અને જોશમાં સડસડાટ કરતી ઉપર ચડી રહી હતી.

શિવાજીએ રમાબાઈના મિલન અને વિરહમાં ઘાત-આઘાત અનુભવ્યા. એ તો બધું અચાનક જ બન્યું હતું. અચાનક જ રસ્તે ચાલતાં કોઈ ખજાનો મળી જાય અને થોડે દૂર ગયા પછી એ ખજાનો લૂંટાઈ જાય એના જેવું જ શિવાજી અને રમાબાઈનું હતું.



## ૪

સમીસાંજનો સમય હતો બાદશાહી મહેલમાં દીવા સળગ્યા હતા. દીવાઓનો ટમ ટમ પ્રકાશ હજુ આકાશના અજવાળાને સંપૂર્ણ રીતે નાથી નહોતો શકતો. દીવાનખાનામાં સુરતનો નવાબ ગ્યાસુદ્દિન રૂમી પોતાના હંમેશનાં નિમય મુજબ દશ-બાર માનવીઓ સાથે ઠાઠમાઠથી જમાવટ કરી એક મોટી ખુરશી પર બિરાજ્યો હતો. આજુબાજુ બીજી ખુરશીઓ પર અન્ય નવાબની જીહજૂરી કરનારા મિત્રાચારીનો દમ ભરનારા લોકો બેઠા હતા. તેમાં નવાબનો વજીર સૂરલાલ પણ હતો. ટેબલ પર મૂકેલા હુક્કાની ગુડગુડીમાંથી દમ મારી રહ્યા હતા. એક દાસી ચપળતાથી નયનો નચાવતી ખભા ઉલાળતી વારાફરતી લાલ રંગનું પીણું ભરીભરીને પ્યાલીઓ બધાને આપી રહી હતી. પ્યાલીઓ ખાલી થતી જતી હતી. હુક્કાની ગડગડાટી વધુ ઘેરી બની રહી હતી. ધૂમ્રસેરો દીવાનખંડમાં પથરાઈ રહી હતી અને ધીમેથી સૌ રંગમાં આવી રહ્યા હતા. પરંતુ સૂરલાલ વજીરની નજર ચારેબાજુ ફરી રહી હતી. વારંવાર તે દીવાનખાનાના મુખ્ય દ્વાર પર મીટ માંડી રહેતો. તે કોઈની પ્રતીક્ષા કરી રહ્યો હોય તેવું સ્પષ્ટ દેખાઈ આવતું હતું. પણ નવાબ એ બધી બાબતોથી અજાણ પ્યાલીઓ પર પ્યાલીઓ ખાલી કરી રહ્યો હતો.

આ બાજુ સુરત શહેરમાં કોહરામ મચી ગયું હતું. શહેરમાં અફવા ફેલાઈ હતી કે શિવાજી સુરત શહેરને લૂંટવા આવી રહ્યો છે. મરાઠા સુરત શહેરને લૂંટવા આવી રહ્યા હતા એ ખબર

વાયુવેગે શહેરમાં પ્રસરી ચૂકી હતી અને સુરત શહેરના લોકોના ટાંટિયા ધ્રૂજી રહ્યા હતા. આખા શહેરમાં ભય અને ગભરાટ ફેલાઈ ચૂક્યો હતો. ઘડિયાળમાં ટન ટન સાતના ડંકા વાગ્યા. લોકોમાં તે અવાજ એક રીતે એવો ભયંકર થઈ પડ્યો કે સૌ પોતપોતાની સાવચેતીમાં પડ્યા. ભયનું સામ્રાજ્ય ફેલાયેલું હતું. બાપને દીકરાની ફિકર કરવાનો સમય ન હતો. ને દીકરાને બાપની ચિંતાનો સમય ન હતો. ધડાધડ દુકાન બંધ થઈ ગઈ. ઘરોનાં બારી-બારણાં વસાઈ ગયાં. કંઈક લોકો દોડધામ કરીને પોતાના બચાવ માટે હથિયાર લેવા દોડ્યા. પાંચ-પચાસ એક ઘરમાં ભરાવાને એક નાકેથી બીજે નાકે દોડાદોડી થવા લાગી. જનતામાં ટુકડીઓ બનવા લાગી. સૌ હાથમાં જોખમનાં પોટલાં અને નાનાં બાળકોને જાણે કે ઘસડી રહ્યા હતા. બાળકો અને સ્ત્રીઓની સલામતી માટે સૌએ પોતપોતાના ઘરના ઊંડા કમરાઓમાં આશ્રય શોધવા માંડ્યું. કોઈએ પોતાનો માલ ભોંયરાઓમાં ભર્યો, કોઈએ કૂવાઓ અને ટાંકાઓમાં માલ પધરાવ્યો જેથી ભય દૂર થતાં ત્યાંથી માલ પાછો મેળવી શકાય. ગરીબગુરબા પોતાના ઘરમાં જમીન ખોદી પોતાની માલમત્તા દાટી રહ્યા હતા. નાણાંવટીઓએ પોતાના માલનું રક્ષણ કરવા અંગ્રેજોની કોઠીનો માર્ગ લીધો. શહેર અને પરાંઓની બારીઓ બંધ થઈ ગઈ. શહેરના બધા દરવાજા બંધ થઈ ગયા. ભાગળ માન લાલ નવસારી અને દિલ્હી તથા બુરહાનપુરી દરવાજાનાં તોતિંગ કમાડ બિડાઈ ગયાં હતાં. વલંદા અને અંગ્રેજોની કોઠી આગળ શાહુકારોનો એટલો જમાવ થયો હતો કે પગ મૂકવાની જગ્યા રહી ન હતી. સૌના ચહેરા પર ગભરાટ અને ભયનાં ચિહ્નો સ્પષ્ટ દેખાઈ રહ્યાં હતાં. સઘળા શાહુકારો પોતાના માલનું રક્ષણ થાય એ હેતુથી કોઈપણ કિંમતે પોતાની માયામૂડી ધન-માલ અંગ્રેજોની કોઠી





પર મૂકવા આવ્યા હતા. વલંદા અને અંગ્રેજ કોઠીદાર તો મૂંઝવણમાં મુકાઈ ગયા હતા. શું કરવું તે તેમને પણ સૂઝતું નહોતું. તેઓને પોતાના ધન-માલના રક્ષણની જ મોટી ચિંતા હતી. અંગ્રેજ કે વલંદા પોતાના જ માલનું રક્ષણ કરવા સશક્ત ન હતા પણ તેઓ હિંમતવાળા અને હથિયારબદ્ધ હતા. છતાં શાહુકારોના ધન-માલનું રક્ષણ કરવા જવાબદારી સ્વીકારવાની આનાકાની કરવા લાગ્યા પણ શાહુકારોના ચહેરા પરનો ગભરાટ અને આંખોમાં દયાની યાચના અને મદદ માટે લંબાવેલા હાથને તેઓ તરછોડી ન શક્યા. એક શરતે તેઓ આ બધા માલનું રક્ષણ કરવા તૈયાર થયા કે કદાચ શિવાજીનું લશ્કર અંગ્રેજની કોઠીને પણ લૂંટી લે તો કોઈના ધનમાલની જવાબદારી અંગ્રેજોની રહેશે નહિ, અગર શિવાજી અંગ્રેજોની કોઠીને નહિ લૂંટે અને માલ બચી જાય તો રક્ષણના સૌએ દશ ટકા કમિશન આપવું. સાચવણીમાં દસ ટકા કમિશન વધારે તો હતા જ પણ સૌએ મનેકમને એ સ્વીકાર્યું અને થોડી જ ક્ષણોમાં આશરે બે-ત્રણ કરોડની રોકડ અને ઝવેરાત અંગ્રેજોની કોઠીમાં છલકાઈ ગયું. વલંદાની કોઠીમાં પણ એવી જ રીતે ધનના ને સોના-ઝવેરાતના ઢગલા થયા. આમ આખા શહેરમાં હાહાકાર વર્તાઈ રહ્યો હતો ત્યારે પણ પોતાના નવાબ દીવાનખાનામાં દશબાર દરબારી જીહજૂરિયાઓ સાથે નશામાં ચકચૂર પડ્યો હતો. સૂરલાલ વજીર ચકોર નજરે ચારે બાજુ જોઈ લેતો હતો અને અચાનક દરવાજા પર બે મનુષ્યો દેખાયા. સૂરલાલને ઇશારત થઈ ગઈ. ધીમે ધીમે સૂરલાલ નવાબ પાસેથી ખસીને બહાર નીકળ્યો. નવાબ તો નશામાં જાણે બેભાન બનીને ખુરશી પર ઢળી જ પડ્યો હતો. તેનામાં આજુબાજુ જોવાની કે કંઈ સમજવાની શક્તિ રહી ન હતી. બીજા હજૂરિયાઓ પણ ઘેનમાં



ઘેરાઈ રહ્યા હતા. તેમ તેમ પેલી અલ્લડ નવયુવતી બાંદી સૌના પ્યાલા છલકાવી રહી હતી.

નવાબના દીવાનખંડના દરવાજે સૂરલાલને દેખાયેલા બે મનુષ્યો અન્ય કોઈ નહિ પણ શિવાજીના વિશ્વાસપાત્ર પેલા બે જાસૂસો જ હતા. બાવાજી અને બહીરજી.

બાવાજી અને બહીરજીએ સૂરલાલને લાલચમાં એવો લપેટી લીધો હતો કે સૂરલાલ હવે તેના સંપૂર્ણ પંજામાં ફસાઈ ચૂક્યો હતો.

સૂરલાલ વજીર નહોતો બન્યો એ પહેલાં તે નવાબનો સાધારણ કારકુન હતો. વર્ષો સુધી કારકુનીના ઢસરડા કર્યા પછી એક વખત જ્યારે તેને ખબર પડી કે નવાબ ગ્યાસુદ્દિન રૂમી સૂરલાલની બહેન મોતી પર ફિદા છે ત્યારે તેના મનનો કીડો સળવળી ઊઠ્યો. તેને લાગ્યું કે, મોતીબહેન જો નવાબની બેગમ બને તો હું પણ આ સાધારણ કારકુનીના ઢસરડામાંથી છૂટું. અને નવાબનો વજીર બની શકું. પૈસાની રેલમછેલ થઈ જાય અને સત્તા પણ એટલી મળી જાય કે સુરત શહેર આખું મારા કદમ પર ઝૂકતું રહે. નાના માનવીઓ, અર્ધ ભૂખ્યા અને દુ:ખી માણસો પૈસા અને સત્તા માટે કંઈ પણ કરવા તૈયાર થાય તેમાં કોઈ નવી વાત નથી. પણ આ તો સૂરલાલ હતો. લંપટ શરાબી અને સ્ત્રીઓનો શોખીન સૂરલાલ પોતાની બહેનને નવાબની બેગમ બનાવી પોતે કાંઈક વધુ મેળવવા તૈયાર થયો. તેણે મોતીબહેનને ઊંઠાં ભણાવ્યાં. નવાબની જાહોજલાલી અને બેગમ બનીને એશ અશરતનાં રંગીન સ્વપ્નાંઓના તાણાવાણા તેણે મોતીબહેન આગળ વણવાની શરૂઆત કરી, મોતી પણ નવાબની યુવાની અને સત્તા પર મોહી પડી પરંતુ પ્રશ્ન એ હતો કે મોતીને નવાબની ગેરકાયદેસર બેગમ બનાવવી

''પ...પ...પણ... ?'' સૂરલાલ થોથવાયો હતો.

''પણ બણ કંઈ નહિ. તમને કોઈ ઊની આંચ નહિ આવે. તમારે ફક્ત દરવાજો ખોલી નાંખવાની મદદ કરવાની છે. બાકીનું બધું અમે સંભાળી લઈશું. સુરત શહેરમાંથી જે કાંઈ માલ અમને મળશે તે અમારો થશે. અને તમારે દર વર્ષે બે લાખ રૂપિયાનું નજરાણું અમારા શિવાજી મહારાજને આપવાનું રહેશે. બોલો તમારે આટલી નાની શરતે પણ સુરતના રાજા નથી બનવું ? સુરતમાં હિન્દુ સામ્રાજ્ય નથી સ્થાપવું ?'' બાવાજીએ સૂરલાલને બરાબર સાણસામાં લીધો. સૂરલાલ તૈયાર થઈ ગયો. પણ એક શરતે કે શિવાજીના હાથનો લખેલ પત્ર જેમાં આ બધી શરતો શિવાજી સ્વીકારે કે ફક્ત આ વખતે જ તે સુરતને લૂંટશે. પછી ક્યારેય સુરત શહેરને નહિ લૂંટે અને મને રાજા બનાવશે. એવા પ્રકારનો શિવાજીના હાથે લખેલ પત્ર મને મળે તો હું તૈયાર જ છું. સૂરલાલ તૈયાર થયો.

રાતના દસેક વાગે સૂરલાલને શિવાજીનો પત્ર મળી ગયો. અને સૂરલાલે કહી દીધું કે સુરત શહેરના બારેય દરવાજાઓ પર મારા માણસો મુકાઈ ગયા છે. રાતના કોઈ પણ પ્રહરે દરવાજા ખૂલી જશે. અને શિવાજી સુરત શહેરમાં પ્રવેશી શકશે.''

''તમે મોતીબેગમને વિશ્વાસમાં લીધી છે ?'' બાવાજીએ પૂછ્યું હતું.

''નહિ ! મોતીબેગમ તો હવે નવાબને એટલી હદ સુધી ચાહવા લાગી છે કે મારું વજીરપણું પણ તેને ખટકે છે. પણ હું તેનો ભાઈ છું. એટલે તે કાંઈ કહી શકતી નથી.'' સૂરલાલે ખુલાસો કર્યો.

''તો નવાબની સાથે મોતીબેગમને પણ સ્વધામે પહોંચાડવામાં



કેમ ? એ વખતે સુરત શહેરમાં હિન્દુઓની બહુમતી સબળ અને સશક્ત હતી. તે કોઈપણ સંજોગોમાં એક નાગરાણીને મુસલમાન નવાબની બીબી બનાવવા તૈયાર ન થાય એ સ્વાભાવિક હતું. મોટો વિરોધ જાગવાનો સવાલ હતો પણ લંપટ સૂરલાલે એક રસ્તો શોધી કાઢ્યો. તે વારંવાર નવાબની હજૂરમાં ઉપસ્થિત થવા લાગ્યો અને યોજના એવી બનાવી કે એવો દેખાવ કરવો કે નવાબે પરાણે મોતીબહેનનું હરણ કર્યું છે. થોડો વિરોધ જ્ઞાતિ તરફથી થશે જ પણ પછી મોતી અને સૂરલાલની સંમતિ હોવાના કારણે એ વિરોધ સમી જશે. નવાબ સૂરલાલની યોજનામાં જોડાયો અને સૂરલાલ નવાબનો રાતોરાત સાળો બની ગયો. અને થોડા સમય પછી વજીર પણ બની ગયો. બહેન મોતીબેગમની સહાયતા અને નવાબની લાચારીનો લાભ લઈને સૂરલાલ વજીર બન્યા પછી અનેક પ્રપંચ રચવા માંડ્યો હતો. તેને જોઈતું હતું તે મળી ગયું હતું. દરરોજ નવી નવી સ્ત્રીઓનો સહવાસ. શરાબના જામ અને પૈસાની રેલમછેલ સૂરલાલને મળી ગઈ. બસ બીજું શું જોઈતું હતું ? બહેન પણ બેગમ બની છે ને ? ક્યાં મુફલિસ મુસલમાનને પરણી છે ? એવું સાંત્વન મેળવી સૂરલાલ રંગરેલીઓમાં રચ્યોપચ્યો રહેવા લાગ્યો.

આ વાત બાવાજી અને બહીરજીથી છૂપી ન રહી અને તેઓએ સૂરલાલની કોણીએ ગોળ ચોંટાડ્યો. ''સૂરલાલ'' અમારા શિવાજી મહારાજ હિન્દુ ધર્મના રક્ષક છે. તમે હિન્દુ છો. મોતીબેગમ મુસલમાન નવાબના પંજામાંથી છૂટી જશે. નવાબને મારી નાંખવામાં આવશે. અને તમને સુરતના રાજા બનાવવામાં આવશે. શું તમે સુરતને મુસ્લિમ રાજ્યમાંથી ફેરવી હિન્દુ રાજ્ય કાયમ કરવા નથી ઇચ્છતા ? તમે ખુદ રાજા બનવા નથી ઇચ્છતા ?

અડચણ નહિ ખરું ને ?'' બાવાજીએ ખાતરી કરવા પૂછ્યું.

''હા... !'' કંઈક અચકાતા સૂરલાલ બોલ્યા હતા.

''નહિતર હું રાજા બનું તેમાં મોતીબેગમ ગડબડ કરશે જ.'' સૂરલાલે પૂરું કર્યું.

''અચ્છા તો હવે આજ રાતના દરવાજા ખૂલી જશે એવી ખાતરી સાથે હું જાઉં છું.'' કહીને બાવાજી અને બહીરજી વિદાય થયા. પણ રાતના બે વાગ્યા સુધી પણ દરવાજા ન ખૂલતાં શિવાજીએ રમાબાઈને દરવાજો ખોલવા પાટલાઘોની મદદથી કોટ પર ચડવા મંજૂરી આપી હતી. કારણ કે આજે રાતના જ સુરત શહેર પર હુમલો ન થાય તો લોકો જાગૃત થઈ જાય. સાવચેત થઈ જાય. માલમિલકત ભોમાં ભંડારાઈ જાય. તો પછી શિવાજીને મળે શું ? સુરતની જાહોજલાલી અને ધનસંપત્તિ પર સૌની નજર હતી અને એ મેળવવા આજે જ હલ્લો થવો જોઈએ એ આવશ્યક હતું.

રાતના સાડા દશના સુમારે તેજ રફ્તારથી દોડી આવતી એક બગી આવીને નવાબના મહેલના બારણે ઊભી રહી. અને હાંફળીફાંફળી ગભરાયલી એક સ્ત્રી ઊતરી. તે સ્ત્રીને પહેરેગીર બાંદીઓ ઓળખતી હોઈ તેને સત્વરે મોતીબેગમ પાસે જવા માર્ગ આપવા દરવાજો ખોલી આપ્યો. એ સ્ત્રી સૂરલાલની પત્ની મણિગૌરી હતી. મોતીબેગમે આશ્ચર્યથી પૂછ્યું, ''શું થયું ભાભી ? જાણે મોત પાછળ પડ્યું હોય એમ ગભરાટમાં દેખાઓ છો. શું વાત છે ?''

''મોતીબેન ! આપણા સૌનું મોત નજીક આવી પહોંચ્યું છે. અને તે તમારા ભાઈ – મારા પતિના કારણે જ બન્યું છે. શું તમે જાણતાં નથી કે સુરત શહેરને લૂંટવા શિવાજી મરાઠો આવી પહોંચ્યો છે ?''

''હેં... !'' મોતીબેગમ સફાળી ઊભી થઈ ગઈ. ભય તેના



ચહેરા પર પથરાઈ ગયો.

''બહેન ! મારા પતિએ શિવાજીની સાથે મળીને આપણા સુરતનું સત્યાનાશ વાળવાનું કાવતરું કર્યું છે. અને તમે અજાણ બનીને અહીં મહેલમાં બેઠાં છો ? શહેર આખું ફફડી રહ્યું છે. પ્રજામાં ભય અને ગભરાટ ફેલાયેલો છે. અને નવાબ સાહેબ ઊંઘી રહ્યા છે ?'' આવેશમાં મણિગૌરી બોલી રહી હતી.

''નવાબ સાહેબની તો તમને ખબર છે જ. તેઓ અત્યારે પણ નશામાં ચકચૂર પોઢેલા છે. પણ આટલું મોટું સંકટ સુરત શહેર પર આવી પડ્યું છે જાણીને મને તો ગભરામણ થઈ રહી છે.'' મોતીબેગમે કહ્યું.

''હવે આપણું શું થશે ?'' મોતીબેગમે ફરીથી સવાલ કર્યો.

ત્યાં જ મહેલના દરવાજે ધડાધડ અવાજો થવા લાગ્યા. બહાર શોરબકોર થવાનો અવાજ સંભાળાવા લાગ્યો. અમીર- ઉમરાવો, દીવાન અને લશ્કરના સેનાપતિની દોડધામ દેખાઈ રહી હતી. ''ક્યાં છે નવાબ સાહેબ ?'' એ સવાલ સૌના ચહેરા પર વર્તાઈ રહ્યો હતો. મણિગૌરી અને મોતીબેગમ બહાર આવ્યાં અને દીવાને ઝૂકીને કુરનીશ બજાવતાં કહ્યું, ''બેગમ સાહેબ ! સુરત શહેર પર લૂંટારા શિવાજી મરાઠાનું સૈન્ય ચડી આવ્યું છે. જોકે દરવાજા બધા બંધ છે, એટલે આપણે સલામત છીએ. પણ શહેરની સલામતી અને રક્ષણના જવાબદાર નવાબ સાહેબ પોતાના પલંગ ઉપર બેહોશ પડ્યા છે. નગરજનો અને ઉમરાવોની તત્કાલીન બેઠક યોજાઈ છે. તેમાં નવાબ સાહેબ હાજર નહિ રહે તો શહેરનું રક્ષણ નહિ થઈ શકે.'' એકી શ્વાસે દીવાન બોલી ગયા.

''દીવાનજી ! નવાબ સાહેબને મારા ખ્યાલ મુજબ વજીર સૂરલાલે જ બેભાન બનાવ્યા છે. તેઓએ જ શરાબના જામમાં કોઈ માદક

પદાર્થ તેમને આપ્યો હશે. અને આ બધી સૂરલાલની જ કારસ્તાની છે. તે શિવાજી સાથે મળી ગયેલા છે. તેમને તાત્કાલિક ગિરફ્તાર કરવાની ગોઠવણ કરો અને સભામાં આજે નવાબ સાહેબની જગ્યાએ હું આવી પહોંચું છું. તમે નિશ્ચિત રહો. સુરત શહેરનું રક્ષણ કરવા હું જાનની બાજી લગાવતાં પણ નહિ અચકાઉં.''

મોતીબેગમે હુકમ કર્યો. દીવાન તો સૂરલાલની ગિરફ્તારી અને બેગમની સરદારીની એવી બેવડી આશ્ચર્યજનક વાત સાંભળી આભા બની ગયા.

મણિગૌરીએ કહ્યું, ''દીવાનજી, મોતીબહેનની વાત સોળ આના સાચી છે. તમે તુરત જ મારા પતિને બેડીઓ પહેરાવો અને સભામાં તેમને હાજર કરો.''

નવાબના મહેલમાં પણ ભય અને ત્રાસનું મોજું ફરી વળ્યું. મોતીબેગમ સાવચેત બની ગઈ. મણિગૌરી તેમને પડખે ઊભી રહી. મોતીબેગમ જાણતી હતી કે તેના માથા પરનો બોજો કેટલો અસહ્ય છે. તે કેટલું મોટું જોખમકારક કામ હાથમાં લઈ રહી છે. પણ શહેરનું રક્ષણ કરવા તેણીએ સર્વ પ્રકારનું જોર અને મનોબળ એકઠું કરીને આ પ્રકારનો ગંભીર ફેંસલો કરી લીધો. તેણીએ જોઈ લીધું નવાબની સ્થિતિ અતિશય બગડી ગઈ હતી છતાંય આવા બારીક સમયે તેણીએ કમરકસી અને શહેરનું રક્ષણ કરવાનો નિશ્ચય કર્યો.

સ્ત્રીના સદ્ગુણ અને સ્ત્રીનું ગૌરવ તેના પ્રેમમાં સમાયેલું છે. એટલે જ સ્ત્રીને સદ્ગુણની પ્રતિમા તરીકે ઓળખવામાં આવે છે. સ્ત્રીના સદ્ગુણની શરૂઆત અને અંત સર્વસ્વ વાસ્તવિક રીતે તેના સદ્ગુણી પ્રેમમાં જ સમાયેલું છે. પ્રેમનાં કાર્યો આદરવાનાં હોય ત્યારે સ્ત્રી ઘણી સુખી દેખાય છે. તે જો શુદ્ધ મન અને





વિચક્ષણ બુદ્ધિથી રણ મેદાનમાં આવે તો પુરુષ કરતાંય ક્યાંય આગળ નીકળી શકે છે. મોતીબેગમનો ચહેરો એ ''પ્રેમ''ના કારણે દમકી રહ્યો હતો. એ પ્રેમ નવાબ તરફની નવાબી અને સુરત શહેરની પ્રજાજનો તરફનો પ્રેમ હતો. સ્ત્રીઓએ પ્રેમના આવેશમાં જે મોટાં મોટાં કામો કર્યાં છે તે ઇતિહાસમાં અમર બનીને સુવર્ણ અક્ષરે લખાયેલાં જ છે. પુરુષો પણ જે કામ અતિ મુશ્કેલીથી કરી શકે તે કામ સ્ત્રીઓએ સરળતાથી માત્ર પ્રેમના આવેગમાં કર્યાના ઘણા દાખલાઓ મોજૂદ છે.

મોતીબેગમે દરબાર ખંડમાં પ્રવેશ કર્યો. સભાનું સંચાલન અને સુરતની રક્ષા કરવાની કામગીરી પોતાના હાથમાં લેવા મોતીબેગમ કટિબદ્ધ બની હતી. તેણીએ પુરુષવેશ ધારણ કરી લીધો હતો સાથે મણિગૌરીએ પણ પુરુષવેશ સજી લીધો હતો અને તેણી બંને સભાખંડમાં આવી પહોંચી અને પોતે તદ્દન દૃઢ છે એની ખાતરીરૂપ તે આવીને ટેબલને મોખરે બિરાજી. એક તરફ ચાર હિન્દુ – બે નાગર – બે કાયસ્થ અને બીજી તરફ પાંચ મુસલમાન અમીરો બિરાજ્યા હતા.

દરબારીઓ થોડીક ક્ષણ અબોલ રહ્યા. કોઈએ પણ ચુપકીદી તોડવાની હિંમત કરી નહિ. જોકે નવાબને સ્થાને તેની બેગમને બિરાજેલી જોઈને તેઓ આશ્ચર્યચકિત થયા હતા.

''મારા દરબારીઓ !'' સઘળી શાંતિ તોડી નાંખી શોક, ચિંતા અને ભય ચહેરા પર છવાયેલા હોવા છતાં હિંમતથી મોતીબેગમે સંબોધન કર્યું, ''તમને ખબર છે કે, આપણા નગર પર જે આફત આવી છે. અને કમભાગ્યે આપણા પર ન ધારેલું સંકટ આવી પડ્યું તેના કારણમાં અત્યાર સુધીની મારી જાણ પ્રમાણે આપણામાંથી જ માટીપગા માનવીઓના શિવાજી સાથે ભળી જવાના કારણે



આમ બન્યું છે. હવે એ સંકટમાંથી આપણે સૌ કેવી રીતે બચવા પ્રયત્ન કરીશું તે આપ સૌ સૂચવો એવી મારી વિનંતી છે.''

''આપણે આપણા નગરનો બચાવ કોઈપણ જોખમે કરવો.'' વૃદ્ધ નવરોઝ ઉમરાવે શરૂઆત કરી.

''સૌપ્રથમ હું એક વાત પર પ્રકાશ પાડી દઉં ?'' મોતીબેગમે ફરીથી કહ્યું, ''દીવાનજી વજીર સૂરલાલને કેદ કરવા ગયા છે જ. કારણ કે સુરત શહેર પર હલ્લો કરવા શિવાજીને આમંત્રણ આપનાર એઓ જ છે. બીજી વાત શહેરના બધા દરવાજાઓ પર સૂરલાલના માણસો હતા તેને ખસેડીને લશ્કરના લોકોને મૂકી દીધા છે. અને શહેરમાં ત્રણસો સિપાહીઓને કોટને ફરતું રક્ષણ કરવા રવાના કરી દીધા છે. એટલે તત્કાળ ગભરાવાની જરૂરત નથી, માટે મારી વિનંતી છે કે આપ સૌ શાંતિથી વિચારીને શહેરને બચાવવાનો માર્ગ શોધી કાઢો અને સૂચન કરો એવી ફરીથી મારી વિનંતી છે.''

''પણ આપણા હાથમાં ઉપાય શું છે ?'' એક દરબારીએ પ્રશ્ન કર્યો.

''આપણી તલવાર એ જ આપણો ઉપાય.'' બેચાર સામટા અવાજો આવ્યા.

''તમારે તોશાખાનવાળાને નાણાં આપવાની વરદી આપવી. અમે અમારું કામ સારી રીતે સમજીએ છીએ.'' સેનાધિપતિએ કહ્યું.

''તોશાખાનમાં પૈસા જ ક્યાં છે ? ચાર ચાર મહિનાથી લશ્કરનો પગાર પણ ચૂકવાયો નથી. એટલે લશ્કર પણ નિષ્ક્રિય બની ગયું છે.'' કરડાકીથી તોશાખાનનો ઉપરી બોલ્યો.

''પૈસા તો શહેરના શાહુકારો પણ ધીરશે એમાં વાંધો નહિ

આવે.'' એક નાગર શાહુકારે ઉપાય સૂચવ્યો.

''આપણા લશ્કરની સ્થિતિ સારી નથી. પઠાણ અને આરબ સિપાહીઓ આવા સમયે પોતાનો જાન આપવા તૈયાર નહિ થાય. એનું શું ?'' એક બીજા અધિકારીએ કહ્યું.

''આપણે જેમ બને તેમ પોતે જ પોતાના રક્ષણની વ્યવસ્થા કરવી પડશે.'' એક નવો અવાજ આવ્યો. જેમાં ભારોભાર હિંમત ડોકાઈ રહી હતી.

એટલામાં જ બારણું ઊઘડ્યું. દીવાનજી વજીર સૂરલાલને મુશ્કેટાટ બાંધીને લાવ્યા હતા. તેની ફરતે ચાર-પાંચ શસ્ત્રધારી સિપાહીઓ સૂરલાલને પકડીને ઊભા રહ્યા.

દીવાનજીએ કહ્યું, ''સૂરલાલ પાસેથી એક પત્ર મળ્યો છે જે શિવાજીનો લખેલો છે જેમાં એની કબૂલાત છે કે સૂરલાલને સુરતનો રાજા બનાવશે.''

સૌએ નફરતથી સૂરલાલ તરફ જોયું. સૂરલાલની ગરદન ઝૂકેલી હતી. મોતીબેગમે સૂરલાલને કેદખાનામાં લઈ જવાનો હુકમ કર્યો અને સભામાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે આજની રાત કોઈપણ સંજોગોમાં શિવાજી નગરમાં પ્રવેશ ન કરી શકે તેની તકેદારી સાથે સૌ નગરજનો તાત્કાલિક પોતાના સંરક્ષણની પોતે વ્યવસ્થા કરે. આવતીકાલે લશ્કરના સિપાહીઓને હું સમજાવી લઈશ અને જરૂરત પડશે તો લશ્કરની આગેવાની લઈ હું શિવાજી સાથે લડવા નીકળી પડીશ. મોતીબેગમની આ વાત સાંભળી સૌના ચહેરા પર મોતીબેગમ માટે માન ઊભરાતું દેખાયું. સૌને ખાતરી થઈ કે હવે શિવાજી સુરત શહેરને કદાપિ લૂંટી નહિ શકે, કારણ કે જે દેશમાં સ્ત્રીઓ પણ સંરક્ષણમાં જોડાય એ દેશની ભૂમિ પર કોઈ દુશ્મન શું ચડી આવે ?

# ૫

દરવાજો ખૂલતાંવેંત જ મરાઠા સૈન્ય સુરત શહેર પર ત્રાટકી પડ્યું. દરવાજાના રક્ષક સરદાર અલીબક્ષખાન મરાઠા સૈન્યને પ્રવેશતું જોઈ ડઘાઈ ગયા. પરંતુ હિંમત અને બહાદુરીથી તેણે શક્ય એટલો મુકાબલો કરવાની કોશિશ કરી પણ બે-પાંચ સૈનિકો હજારો મરાઠા સૈનિકોનું શું બગાડી શકવાના હતા ? બે મરાઠા સૈનિકોને તલવારના ઘાથી પછાડ્યા બાદ તેઓ પણ ભાલા-તલવારોથી વીંધાઈ ગયા. તેમની ચીસો, મરાઠા સૈન્યના શિવાજી મહારાજની જય રામદાસ સ્વામીનો જય અને જય ભવાની તથા હરહર મહાદેવના એક સામટા ઊઠેલા અવાજોમાં દબાઈ ગઈ.

મળસ્કું થવા આવ્યું હતું. શહેરમાં ગભરાટનો પાર ન હતો. લશ્કરની પણ કશી તૈયારી નહોતી એટલે કોઈય સામું થવા ન આવ્યું. એથી તો શિવાજીને મોકળો માર્ગ મળી ગયો. મરાઠા સૈન્ય પણ ગેલમાં આવી ગયું. વગર મુકાબલે તેઓ શહેરમાં પ્રવેશી ચૂક્યા હતા. અને ગગનભેદી નારાઓ ગજાવીને શહેરની પ્રજા પર ભયનું સામ્રાજ્ય પ્રસરાવી દીધું.

સહરા દરવાજેથી લશ્કર પ્રવેશ્યું હતું. સૌ પ્રથમ નવાબની કોઠી અને મહેલ પર ત્રાટકવાનું નક્કી હતું. પરંતુ શિવાજીએ અચાનક દિશા બદલી વ્યુહ બદલતાં તેણે વિચાર્યું કે સૌ પ્રથમ નવાબના મહેલ પર હલ્લો કરવાથી અગર મુસ્લિમ સૈન્ય સામું થશે અને મુકાબલો થશે તો મરાઠા સૈન્ય કદાચ થાકી જાય.

સૈનિકો મરાય અને કદાચ મરાઠા સૈન્ય ગભરાઈ જાય. કોને ખબર કે લડાઈમાં કોની જીત થાય ? અત્યારે હાથમાં આવેલી બાજી ખોઈ નાંખવી કેમ પાલવે ? તેણે તુરત જ હુકમ કરી દિલ્હી દરવાજા પાસે બધા સરદારોને એકઠા કરી કહ્યું "દરેક સરદાર પાંચસો પાંચસો સૈનિકો લઈને શહેરને ચારે તરફથી ઘેરી વળો અને પછી દસ દસ સૈનિકોની એક ટુકડી બનાવી શહેરવાસીઓ પર તૂટી પડો. સૌ પ્રથમ આપણો હલ્લો નાણાવટ અને ગોપીપુરા પર થશે."

મરાઠા સૈન્ય અને સરદારો તો ફક્ત હુકમની રાહ જોતા હતા. હુકમ મળતાં જ મરાઠા ઘોડેશ્વારોનું દળ કટક શહેર પર વીજળી વેગે ત્રાટકી પડ્યું. માન દરવાજા અને લાલદરવાજામાંથી હજારેકનું બીજું સૈન્ય પણ આવવા લાગ્યું. ઉપરાંત નવસારી દરવાજેથી પાંચસો સુસજ્જ ઘોડેશ્વાર સૈનિકો પણ આવી પહોંચ્યા. અને ઝનૂન ભેર મરાઠા સૈન્યે લૂંટ આદરી. નાણાવટની આત્મારામ ભુખણની પેઢી પર હલ્લો બોલાવી સૈન્યે સૂંડલે સૂંડલે નાણું ઉસરડવા માંડ્યું. બીજી પેઢીઓ પરથી પણ કોથળાઓ ભરી ભરીને ધન ઉલેચવા માંડ્યું. અને શિવાજીની છાવણીમાં ધનના ઢગલા ખડકાતા રહ્યા.

મરેલા શબ પર કાગડાઓ અને ગીધો તૂટી પડે તેમ સૈનિકો સુરત શહેરવાસીઓનાં ઘરોમાં ઘૂસી ગયા. ભયના કારણે થર થર ધ્રૂજતા લોકો પાસેથી લૂંટાય એટલું ધન લૂંટાઈ રહ્યું હતું. જે જે ઘરમાં મરાઠા સૈનિકો ઘૂસતા ત્યાં વિકરાળ દેખાવ ઊભો થઈ જતો. બંધ ઘરોમાં ભરાયેલી પ્રજા જિંદગીનો છેલ્લો દિવસ આવી ગયો સમજીને ધન અને ઝવેરાત ઘરેણાં વગેરે આપવાથી બચાતું હોય તો બચવા પ્રયત્ન કરી રહ્યા હતા.

બારી-બારણાં તોડીને અગાસીઓ સુધી સૈનિકો પહોંચી ગયા. એક અગાસી પરથી ઠેકીને બીજી અગાસી અને ઘરમાં પ્રવેશી



મરાઠા સૈનિકો લૂંટ ચલાવી રહ્યા હતા.

ગભરાટના માર્યા લોકો ઘરમાં રાખેલું જિંદગીનું મૂડી સમું સર્વસ્વ અર્પણ કરી દેતા. અંગ પરનાં ઘરેણાં ઉતારી આપવા લાગ્યા. બાળક પર તોળાઈ રહેલી તલવાર કયાં માબાપ જોઈ શકે ? અંગ પરનાં ઘરેણાં ઉતારવામાં બીકની મારી સ્ત્રીઓને વાર લાગતી તો મરાઠા સૈનિકો તલવાર પણ ચલાવી દેતા.

આખું સુરત શહેર લોહીના લાલ રંગથી રંગાઈ ગયું. હાહાકાર મચી ગયો. શ્રાવકોના મહોલ્લામાંથી થોડા લોકો સામા થયા તો પચાસ-સો માથાં રખડતાં થઈ ગયાં. આમ પણ ઘણા આગળ થોડાનું જોર ઝાઝીવાર ટકી શકે નહિ. ગોપીપુરા અને સગરામપુરામાં તો લોહીની નદીઓ જ વહેવા લાગી. નાણાંની રેલમછેલ પણ ત્યાંથી જ થઈ. શિવાજીનું કેટલુંય સૈન્ય તો ફક્ત નાણાં અને સોનું ઝવેરાત છાવણી પર પહોંચાડવાનું જ કામ કરી રહ્યું હતું.

આવા અંધકારમય ખૂની વાદળો સુરત શહેર પર ક્યારેય ચડી નહોતાં આવ્યાં. તેની ગર્જના સાંભળીને સુરતના લોકોનાં ગાત્રો જ ઢીલાં પડી ગયાં હતાં. મોત અને ચિચિયારીઓ કિકિયારીઓનું વાતાવરણ આખા સુરત શહેરમાં ફેલાઈ ગયું હતું.

રાત પડી. આખા દિવસના થાકેલા મરાઠા સૈનિકો બીજા દિવસની રાહ જોતા કિલ્લાનું મેદાન સહરા, વરિયાવી માન, નવસારી અને લાલદરવાજાને ઘેરીને પડ્યા હતા. ઠેર ઠેર મરાઠા સૈનિકો રોન મારી રહ્યા હતા. આખા શહેર પર તેમનો કબ્જો સ્થપાઈ ચૂક્યો હતો. શહેર પર હવે શિવાજીનું આધિપત્ય સ્થપાઈ ચૂક્યું હોય એવું ભાસવા માંડ્યું.

નવાબના મહેલ પર સૂનકારનું સામ્રાજ્ય વર્તાઈ રહ્યું હતું. મહેલમાં નવાબ અને દીવાન તથા શહેરના સાજનમહાજન તથા

દરબારીઓ ભયથી ફફડતા ભરાયા હતા.

મોતીબેગમ અને તેના બીજા સલાહકારો મણિગૌરી વગેરે પણ મહેલમાં બેઠાં બેઠાં સુરત શહેરની કેવી કફોડી પરિસ્થિતિ થઈ હશે તેની કલ્પના કરી રહ્યાં હતાં. સૌના ચહેરા પર દુઃખ અને વિશાદની સ્પષ્ટ છાપ વર્તાઈ રહી હતી. આંખોમાં ભયની છાપ પણ ઉપસેલી હતી.

શિવાજી એ દિવસની લૂંટ જોઈ આશ્ચર્યચકિત બની ગયા. તેમણે નહોતું ધાર્યું કે એક દિવસમાં જ આટલું ધન અને સોનું ઝવેરાત મેળવી શકાશે. આજની લૂંટમાં લગભગ બે અઢી કરોડનું રોકડ નાણું અને એનાથી કેટલુંય વધારે સોનું અને ઝવેરાત હાંસલ થયું.

શિવાજી ધન જોઈને જેટલા ખુશ થયા, એટલા જ ક્ષણવારમાં તે દુઃખી દેખાવા લાગ્યા. રમાબાઈની યાદ આવતાં આજની સફળ મબલખ લૂંટને પણ તે ભૂલી ગયા. જ્યારે તાનોજી મુલસરેએ આવીને તેને કહ્યું કે, રમાબાઈ જીવતી છે અને સુરત શહેરમાં જ છે ત્યારે જ શિવાજીનો જીવ હેઠો બેઠો. તેણે હુકમ કર્યો ‘‘જલદી અને કોઈપણ સંજોગોમાં રમાબાઈને લઈ આવો. જેથી તેને સૂરલાલને સુપ્રદ કરીએ.’’

બીજા દિને પ્રાતઃકાળે, કાગડા કકળે એ સમયે શિવાજીનું લશ્કર ફરી સાબદું થયું અને શહેરના ઘણાખરા ભાગમાં મારો લૂંટો...અને જય ભવાનીના અવાજો કરતા ફરી વળ્યા.

ફિરંગીઓની લાટીઓ પર હલ્લો કરી લૂંટફાટ ચલાવવામાં આવી. બસરાથી આવીને સુરત શહેરમાં વ્યાપાર કરતા એક મુસ્લિમની પેઢીની લૂંટ આદરાઈ. મુસલમાન વ્યાપારીએ પોતાનું સર્વસ્વ આપી દીધું. મરાઠા સૈનિકોએ લૂંટ ચલાવ્યા બાદ એક ગાડામાં ભરીને





મુસ્લિમ વ્યાપારીનું ધન શિવાજીની છાવણી પર રવાના કર્યું.

બીજે દિવસે નવાબ પોતાની મૂર્ખાઈ અને સુરા સુંદરીની સોબત કરવાના પરિણામ પર પશ્ચાત્તાપ કરી રહ્યો હતો. નવાબ જાણી ચૂક્યો હતો કે આગલા દિવસે તેને વજીર સૂરલાલે શરાબમાં નશીલો પદાર્થ ભેળવીને બેહોશ બનાવી દીધો હતો. અને તેની એ બેહોશી સુરત શહેરની બેહાલીનું કારણ બની ગઈ હતી. તે ન તો લશ્કરને સાબદું કરી શક્યો હતો કે ન કોઈ બીજા સંરક્ષણનાં પગલાં લઈ શક્યો હતો. જોકે સૂરલાલ કેદ થયા તે બાદ પણ દરવાજા બંધ હતા. તે શિવાજીના લશ્કરે કેવી રીતે ખોલી નાંખ્યા તે તેને સમજાતું નહોતું. પણ થવાનું થઈ ચૂક્યું હતું. જાગ્યા ત્યારથી સવાર ગણીને હવે કાંઈક કરવા તેણે કમર કસી.

કિલ્લા નજીકની ખાઈનો પુલ ઉપાડી લીધો. ખાઈમાં પાણી ભરાઈ ગયું. મહેલની પણ સંરક્ષણાત્મક વ્યવસ્થા કરાઈ અને મહેલના પશ્ચિમ ભાગમાં એક બેઠક યોજાઈ.

''સરદાર નવરોઝ તમે હવે શું કરવાની સલાહ આપો છો ?'' નવાબે ગમગીન સ્વરે પૂછ્યું.

''મને કાંઈ સૂઝતું નથી.'' બૂઢા નવરોઝે ચોખ્ખું કહી દીધું.

''દુશ્મનો મારી રાંક પ્રજાને રંજાડે અને તે મારે જોયા કરવાનું ?''

''તેનું જેવું નસીબ, ખુદાવંદ મારો શો ઉપાય ?''

''આવી રીતે તો મરાઠો શિવાજી ઘણું સત્યાનાશ વાળશે.''

''તે તો ખરું જ.''

''નવરોઝ, સૌ પ્રથમ તો આપણે હવે મરાઠા લૂંટારાની હિલચાલ જાણવી જોઈએ.''

''તમે ગઈ કાલે આ શબ્દો બોલ્યા હોત અને જાગ્યા હોત,



તો સુરત શહેરમાં મરાઠા લૂંટારા પ્રવેશ્યા જ નહોત.''

''હું શરમિંદો છું અને હવે લાચારીથી આપ સૌને વિનવું છું. સુરત પર આવી પડેલ વિપદાનને દૂર કરવા આપણે સૌએ મળીને મરાઠા લૂંટારાઓને હાંકી કાઢવાના છે. બોલો આપ સૌ એ માટે તૈયાર છો ?''

''હા.હા.હા.'' એકી સાથે સૌનો અવાજ સંભળાયો.

''તો પછી મરાઠા સૈન્યની હિલચાલ જાણવાની જવાબદારી કોણ ઉપાડે છે ? હું મારા ગળામાંની મોતીની માળા મારા હાથમાં પકડી રાખું છું. જે શિવાજીની હિલચાલ જાણી આવવાની જવાબદારી લેવા તૈયાર હોય તેનું એ ઇનામ છે. તે ઊભો થઈને મારા હાથમાંથી માળા લઈ લે.''

નવાબે માળા ઝુલાવતાં જાહેરાત કરી.

સૌએ જાહેરાત સાંભળી. પણ કોઈ ઊભું ન થયું. માળા નવાબના હાથમાં હજુ ઝૂલી રહી હતી.

નવાબે આશ્ચર્યથી કહ્યું કે, ''એક લાખ રૂપિયાની માળાનું ઇનામ મેળવવા પણ કોઈ તૈયાર નથી ? શું આવી રીતે આપણે સુરત શહેરનું રક્ષણ કરવાના છીએ ?''

પરંતુ સભામાં ખામોશી છવાયેલી રહી. કોઈ સળવળ્યું નહિ. સૌ જાણતા હતા કે શિવાજીની હિલચાલ જાણવા જવું એ સામે ચાલીને મોતને બોલાવવા જેવું છે. એક લાખની માળા મર્યા પછી શું કામ આવવાની છે ? આપ મુવા ફિર ડૂબ ગઈ દુનિયા. મોતીની માળા માટે પોતાનો જીવ કોઈ આપે ?''

સૌના ચહેરા પરની લાલી લુપ્ત થઈ ગઈ હતી. સૌ એકમેક સામે જોઈ રહ્યા હતા.

અચાનક જનાનામાંથી અવાજ ગુંજ્યો, ''એ કામ હું અને

મણિગૌરી કરીશું.'' અવાજ મોતીબેગમનો હતો. તેમણે ઊઠીને નવાબના હાથમાંથી માળા લઈ લીધી. નવાબ આશ્ચર્યથી તેની સામે જોઈ રહ્યો.

બુઢ્ઢા સરદાર નવરોઝે કહ્યું, ''નહિ બેગમ સાહિબા. આ કામ તમારું નથી. તમે સ્ત્રી છો. અને શિવાજી...ખેર આ કામ હું કરીશ. શિવાજીની હિલચાલ જાણવા માટે મારી અનુભવી નજર સારું કામ કરશે. અને કદાચ મોત આવ્યું તો હું બુઢ્ઢો થઈ ગયો છું. દુનિયા મેં જોઈ લીધી છે. મારા મૃત્યુથી કોઈ ફરક નહિ પડે.''

''નહિ નવરોઝ, તમે અમને અબળાઓ માનીને અમને લાંછન ન લગાડો.'' મોતીબેગમે કહ્યું.

''માફી માગું છું બેગમ સાહિબા. મારો ભાવાર્થ એવો નહોતો. તમે બીજું કામ કરી શકો છો. તમે શહેરમાં ફરો. લૂંટાયેલી કચડાયેલી પ્રજાને આશ્વાસન આપો. સંગઠન એકઠું કરો.'' નવરોઝે કહ્યું.

''નવરોઝ બરાબર કહે છે.'' નવાબે સૂર પુરાવ્યો.

ધીમે ધીમે ગોઠવણ થવા લાગી. સરદાર નવરોઝની સાથે દસબાર બીજા યુવાનો જોડાયા અને મોતીબેગમ તથા મણિગૌરી પણ કેટલાક લોકોને સાથે રાખીને શહેરમાં મરાઠા સૈનિકોનું ધ્યાન ચૂકવતાં સૌને સાંત્વત આપતા આગળ વધવા લાગી.

રાત અંધારી હતી. નદીનું જળ જંપી ગયું હતું. શહેરમાંથી કોઈ પણ સ્થળેથી કોઈ પણ જાતનો માનવ અવાજ નહોતો આવતો. આવા સમયે વલંદાની કોઠી પર ચાલીસ-પચાસ માણસનું ટોળું એકઠું થયું હતું. એક મોટા ઓરડામાં તેઓ બધા એકત્ર થયા હતા. આ બધા સુરતવાસીઓ હતા. કેટલાક મુસલમાન હતા. કેટલાક હિંદુ અને પારસીઓ પણ ખરા જ. શિવાજીને કેમ જેર



કરવો, તેને કઈ રીતે ભગાડવો અને મુકાબલો કરવો તે વિચારવા માટે જ સૌ એકઠા થયા હતા. તેઓના ચહેરા પર ઉત્તેજના હતી.

વલંદાની કોઠીના ઉપરી જેનું નામ જોન્સ હતું. તે ઘણા બહાદુર અને નીડર હતા. કુનેહબાજ પણ એવા જ.

જોન્સે જ્યારે જોયું કે, નવાબ મહેલમાં ભરાઈ બેઠો છે અને પ્રજાના બૂરા હાલ છે. અને પ્રજાનો થોડોક વર્ગ પોતાનું રક્ષણ કરવા મુકાબલામાં ખડું થયું છે ત્યારે તેણે સૌને સંબોધતાં કહ્યું,

''શિવાજી સામે પડવું એ કપરું કામ જરૂર છે. પરંતુ બહાદુર માનવી શિયાળની મોતે કે કૂતરાની મોતે મરવાનું પસંદ કરતા નથી. માનવ માત્રને જીવનમાં એકવાર મરવાનું તો છે જ. આજે નહિ તો કાલે. મોત સૌને માટે નિર્માયેલું જ છે. પરંતુ સિંહની જેમ મરવું દુશ્મન સામે સામી છાતીએ લડતાં મરવું એમાં જ બહાદુરી છે. લૂંટારા શિવાજીની સામે લડતાં મરશે તે પોતાનું નામ અમર કરી જશે. બોલો તમારામાંથી મોતને મુઠ્ઠીમાં લઈને લડવા કોણ તૈયાર છે ?''

''કોઈ અમારી આગેવાની લઈને અમને દોરવા તૈયાર હોય તો અમે લડવા તૈયાર છીએ.'' એક સામટા દશવીસ અવાજો આવ્યા.

એક કણબી ઊભો થઈને બોલ્યો, ''શહેરમાં બે દિવસથી હડતાળ પડી છે. ખાવાપીવાનું કાંઈ મળતું નથી. જીવનજરૂરી કોઈ ચીજ મળતી નથી. નવાબ હીજડો બનીને જનાનખાનામાં ભરાયો છે. સૌની મરજી હોય તો હું મારા કાંડાના બળ પર મારી નજર પહોંચે એ રીતે સૌને દોરવા તૈયાર છું. દાવપેચ કેમ કરવા, પટ્ટા

કેમ ખેલવા તે હું જાણું છું. ડાબી બાજુએ દુશ્મનનું જોર હોય તો જમણે કેમ ઊતરવું. જમણે જોર હોય તો પૂંઠને ઘા કેમ કરવો તે મને ખબર છે. દોઢસો કણબી જુવાન તૈયાર છે. બીજા દોઢસો હોય તો એ ત્રણસો શિવાજીના ત્રણ હજારના સૈન્યનો કચ્ચરઘાણ કાઢી નાંખે. બોલો કોણ મરવા તૈયાર થાય છે ?''

''શાબાશ...શાબાશ.'' સોના મોઢામાંથી કણબીની બહાદુરીને બિરદાવતા શબ્દો સરી પડ્યા.

સુરત શહેરમાં એ સમયે લોકોમાં જે શક્તિ હતી, શૂરાતન અને બુદ્ધિબળ હતું તેવું ગુજરાતમાં કોઈ સ્થળે ન હતું. પ્રસંગ પડ્યે પઠ્ઠા જુવાનો હોંશ અને ઉમંગમાં મેદાનમાં કૂદી પડવા તત્પર રહેતા. હાથોહાથની લડાઈમાં કોઈને પણ પછાડી દેવા તેઓ હંમેશાં તૈયાર રહેતા તેનું કારણ હતું ત્યાંની કસરત શાળાઓ. એ સમયે સુરત શહેરમાં અનેક કસરત શાળાઓ હતી. અને તેના ઉસ્તાદો જોકે યુદ્ધકળામાં નિષ્ણાત ન હતા, પણ શારીરિક બળ અને મલ્લયુદ્ધમાં જરૂર નિપુણ હતા જ. તેઓ બળમાં જબરા હતા. વાણિયા સિવાયની બીજી ઊજળી કોમોનાં લોકો કસરતમાં ભારે કાબેલ હતા. તેમને કોઈ દોરવણી આપનાર હોય તો તેઓ હાથોહાથની કે સાધારણ લાકડી-કુહાડી જેવાં હથિયારોથી લડવામાં એક્કા હતા. તેથી વલંદાની કોઠી પર એકઠા થયેલા સૌનું લોહી ઊકળી ઊઠ્યું હતું.

નવાબ સુરાના નશામાં બેહોશ ન પડ્યો હોત અને સાવધ હોત તો લશ્કરની નિષ્ક્રિયતા છતાંય તેને શહેરી પ્રજામાંથી ઘણા વીર પુરુષો આવી મળ્યા હોત અને શહેરની ધૂળધાણી થતી અટકત. શહેરના દરેક બહાદુરના ઘરમાં તલવાર, બરછી, ફરસી, લાકડી, કુહાડી વગેરે જેવાં હથિયારો તો હતાં જ. અને જેટલું કામ શસ્ત્રો ન કરત એનાથી ક્યાંય વધારે પ્રજાનો જુસ્સો અને સંઘબળ કામ



કરત. લોકો લઠ્ઠા પઠ્ઠા દશવીસ સામે મરણિયા થઈને કૂદી પડે તેવા બહાદુર હતા જ, પરંતુ પીઠબળ સિવાય તેઓ ગભરાઈ ગયા હતા. પણ હવે નવાબની ખેવના કર્યા વગર પોતાના બાહુબળથી જ તેઓ આગળ આવ્યા હતા અને વલંદાની કોઠી પર જમા થયા હતા.

રામાભાઈ કણબીએ પોતાનો ઊભરો ઠાલવ્યો અને દૃઢ ઠરાવ જણાવ્યો. તુરત મિયાં બહાદુરજંગ બોલ્યા. ''મેં મહંમદ પેયગમ્બરકી કસમ ખાકર કહેતા હું મેરે જીગરસે મરનેં મૈં તૈયાર હું. લેકીન સબ અપની સોચતે હૈ હમ ક્યા કરેં ? ચલો સબ સાથ મિલકર ઊઠો...ઓર મરો યા મારો. પીછા પગ ન ધરના. સસૂરા દોતીન રોજસે શહેર મેં લૂંટ ચલાતા હૈ ઓર હમ હીજડે દેખતે રહેતે હૈ. સબ સાથ ઊઠો. અપની ઔર ઔરોકી રક્ષા કરો. મહંમદ પયગમ્બરકી કસમ મરાઠોકો માર દેંગે ભાગને કી ભી ઊનકો ફુરસદ ન મિલેગી.''

''આગેવાન ક્યાં છે ?'' જોન્સ ટટ્ટાર થઈ ખુરશી પર સીધો બેસતાં બોલ્યો. લોકોને ઉમંગમાં અને હજુ તો શસ્ત્ર વગરના અને ખાલી હાથે હોવા છતાંય લોકોમાં આટલું પાણી છે તે જોતાં જોન્સને આશ્ચર્ય થતું હતું. તેણે આગળ કહ્યું. ''તમારે માટે હું તૈયાર થાત. પણ મારાથી કોઠી છોડીને નીકળી શકાય તેમ નથી. કોઈ પણ તમારો દોરનારો હોવો જોઈએ. કોઈ તમારો એવો આગેવાન નથી ?''

''મારી જિંદગી અર્પણ કરવા હું તૈયાર છું.'' અચાનક મોતીબેગમ શહેરમાં નિરીક્ષણ કરવા નીકળી હતી તે વાલંદાની કોઠી પર પહોંચી અને દરવાજામાં પ્રવેશતાં જ બોલી ઊઠી.

''લશ્કર વ્યવસ્થિત નથી. અને ગોઠવણ થઈ શકી નથી.

અગર દોઢસો માણસ તૈયાર હોય તો બીજા દોઢસો માણસો સાથે હું લડવા અને મરવા યા મારવા માટે તૈયાર છું. મારી સાથે મણિગૌરી અને થોડાક સાથીઓ પણ છે.''

વ્યવસ્થા પલકવારમાં થઈ ગઈ. ત્રણસોને બદલે છસો નવયુવાન તૈયાર થઈ ગયા. અને જોતજોતામાં ''અલ્લાહો અકબર'' ''હરહર મહાદેવ''ના નારાઓ ઉચ્ચારતું છસો માણસોનું ટોળું મોતીબેગમના હાથ નીચે તૈયાર થઈ ઊભું રહ્યું.

જોન્સે એક યુક્તિ બતાવી, કે જેથી દુશ્મનને ઠેઠ લગી ખબર ન પડે કે શું થઈ રહ્યું છે. તેણે સૂચવ્યું. ''એક પછી એક મરાઠા ચોકીદાર સૈનિકોને લત્તે લત્તે મારતા જાઓ અને આગળ વધતા જાઓ. ચૂપચાપ અવાજ કર્યા વિના આગળ વધતાં જાઓ અને મરાઠા સૈનિકોનો કચ્ચરઘાણ કરતા જાઓ.''

આ યુક્તિ ખરેખર કામે લાગી. ચોકે ચોકે ઊભેલા દશ-વીસ મરાઠા સૈનિકોને વધેરતા તેઓનાં માથાં ધૂળમાં રગદોળતાં છસો શહેરીજનો આગળ વધતા રહ્યા. શૂર પર આવેલા છ યોદ્ધાઓ ધબાધબ પગલાં મૂકતાં જુસ્સામાં કુટુંબ કે બીજો કાંઈ વિચાર કર્યા વગર મેદાને પડ્યા હતા. ભયંકર કાળરાત્રિએ તેઓ મરવા કે મારવા માટે જાય છે એમ પણ કોઈ પોતાને ઘરે કહી આવ્યા વગર નીકળી પડ્યા હતા એ તેઓની હિંમત અને બહાદુરીની નિશાની હતી. શિવાજીને ખબર નહિ હોય કે સુરત શહેરના લોકો આટલા હિંમતવાન અને બહાદુર હશે.

## ૬

છસો માનવી જોશ અને જુસ્સાભેર દળ કટકનું રૂપ લઈને શિવાજીની સામે પડવા તૈયાર થયા. મોતીબેગમે તેની આગેવાની લીધી અને વાલંદાની કોઠી પાસેથી એ શહેરવાસીઓની કેસરિયા કરેલી ટુકડી ઘૂઘવતા સાગરની જેમ નીકળી પડી. આગળના ચોક પર દસવીસ મરાઠા સૈનિકો મસ્તીથી ઊભા હતા. તેમની પર જુવાનો તૂટી પડ્યા કોઈની ડાંગ કોઈ સૈનિકની ખોપરી ફોડવાના કામમાં આવી, તો કોઈએ તલવારથી મરાઠા સૈનિકોનું માથું ધડથી અલગ કરી દીધું. આવી રીતે ચોકમાં ઊભેલા મરાઠાઓનો કચ્ચરઘાણ વાળતાં બેગમ અને મણિગૌરી પોતાના હાથ નીચેના છસો શહેરવાસી યુવાનોનું અણઘડ છતાંય સબળ અભણ છતાંય તાકાતવાળું લશ્કર લઈને આગળ વધ્યાં.

આ બાજુ સરદાર નવરોઝે નવાબને મરાઠા સૈન્ય અને શિવાજીની છાવણીના જીવ હથેળી પર લઈને વેશપલ્ટો કરીને જાણી આવેલા સમાચાર કહ્યા. સરદાર નવરોઝે કહ્યું, 'નામવર, શિવાજી હવે આપના મહેલ પર હલ્લો કરવાની પેરવી કરી રહ્યો છે. મહેલમાં પ્રવેશવાનો માર્ગ જે બતાવશે તેને શિવાજી તરફથી વીસ હજાર રૂપિયા ઇનામ આપવાનું લશ્કરમાં તાનાજી મુલસરેએ એલાન કર્યું છે. પરંતુ મહેલમાં ઘૂસવું દુષ્કર હોઈને કાલ પૂરતું શિવાજીએ વિલાયતીઓ (અંગ્રેજો)ની

કોઠીઓ પર હલ્લો બોલીને તેમને લૂંટવાનો કાર્યક્રમ તૈયાર કર્યો છે. આપ તો જાણો છો જ નવાબ પરવર કે આપણી રૈયતનું ધન અને જરઝવેરાત અંગ્રેજોની કોઠીઓ પર સાચવવા સૌએ મૂક્યું છે. જો અંગ્રેજોની કોઠીઓ લૂંટાશે તો સુરત શહેરનું ધન અને સોનું ઝવેરાત શિવાજીના હાથમાં આવી જશે. અને સુરત શહેર નિર્ધન બની જશે.''

''સરદાર નવરોઝ'' નવાબે કહ્યું, ''સૈન્ય નિષ્ક્રિય બન્યું છે એ ખૂબ ગંભીર બાબત છે. પણ તમે પ્રયત્ન કરીને જેટલા સિપાહીઓ સુરત શહેરની રક્ષા કરવા તૈયાર હોય તેમને એકઠા કરો. તેની આગેવાની લઈને હું શિવાજીનો મુકાબલો કરવા માંગું છું. કોઈપણ સંજોગોમાં શિવાજીને મહેલ અને અંગ્રેજોની કોઠીઓ લૂંટવાની તક ન મળવી જોઈએ. પણ શિવાજીને ભગાડવા જ પડશે. કાં તો શિવાજી ભાગી જાય અથવા તો તે મારી લાશ પર થઈને સુરત લૂંટે, હવે મારાથી રૈયતનાં દુઃખ નહિ જોવાય.''

''નામવર, આપની વાત વાજબી છે.'' સરદાર નવરોઝે કહ્યું, ''મારી પણ એક સલાહ છે કે એક બાજુથી મોતીબેગમ છસો યુવાનોને લઈને નીકળ્યાં છે. બીજી બાજુથી તમો નીકળો. શહેરમાંના સૈનિકોને મારી હઠાવીને આપ સૌ શહેરની બહાર નીકળી જાઓ. હું અંદરથી દરવાજા બંધ કરાવી દઈશ. લૂંટેલું ધન શિવાજીના હાથમાં રહેશે. પછી તો તમે સૌ શિવાજીની છાવણી પર હુમલો કરી તેને ખદેડી મૂકો. મેં એના માટેની તૈયારીઓ કરી રાખી છે. પાંચસો જેટલા યુવાનો તૈયાર છે. તમો તૈયાર થાવ અને





કરો કેસરિયાં.''

''તો શું મોતીબેગમ છસો યુવાનોને લઈને સુરત શહેરને બચાવવા નીકળી પડી છે ?'' નવાબે પૂછ્યું.

''જી આલમપનાહ.''

''ચાલો એ પણ ઠીક થયું.'' નવાબે સંતોષ વ્યક્ત કર્યો. ''નવરોઝ હવે શહેરની જવાબદારી તમારા શીરે છે.''

''આલમપનાહ, શહેરને સલામત બનાવી હું પણ આપની પાછળ પાછળ બીજા યુવાનો-સિપાહીઓ અને શહેરવાસીઓને લઈને આપની મદદે આવી પહોંચું છું. આપ હવે નિશ્ચિંત રહો. કોઈપણ સંજોગોમાં શિવાજી હવે સુરતને લૂંટી નહિ શકે.''

''શાબાશ નવરોઝ. શાબાશ.'' નવાબે નવરોઝને શાબાશી આપી.

''નામવર, આપ હવે તૈયાર થાઓ. સિપાહીઓ અને યુવાનોનું ટોળું મહેલના પ્રાંગણમાં એકઠું થઈ ચૂક્યું છે.'' નવરોઝે કહ્યું.

નવાબ ગ્યાસુદ્દીન શસ્ત્રો સજીને મહેલના પ્રાંગણમાં આવ્યો. જ્યાં લગભગ પાંચસોથી વિશેષ સિપાહીઓ અને શહેરવાસી યુવાનો હાથમાં આવ્યું તે હથિયાર લઈને આવી પહોંચ્યા હતા. નવાબે એક નજર બધા પર ફેરવી લીધી. સૌના ચહેરા પર શહેરને બચાવવાનો થનગનાટ સ્પષ્ટ દેખાઈ આવતો હતો. આંખોમાં દુશ્મનને હઠાવવાનું તેજ ઝગારા મારી રહ્યું હતું. બાવડાના બળની ખાતરી આપવા તેઓ તૈયાર ઊભા હતા. નવાબને આ જોઈને શાંતિ થઈ, કોઈના ચહેરા પર મોતનો ગભરાટ કે લડવા-મરવાની બીક



દેખાતી ન હતી. નવાબે તેમની આગેવાની લીધી અને અલ્લાહો અકબર તથા હર હર મહાદેવનો જયનાદ કરતું ટોળું નીકળી પડ્યું.

મોતીબેગમ હજુ શહેરમાંના મરાઠા સૈનિકોને સ્વધામ પહોંચાડતી આગળ વધી રહી હતી. ત્યાં તેને નવાબ અને પાંચસો સૈનિકો તથા યુવાનોનો સંગાથ મળ્યો. હજાર બારસોનું ટોળું હવે લશ્કરનું રૂપ ધારણ કરી ગયું. અને જોશ અને ઉમંગભેર સૌ શહેરની બહાર નીકળી ગયા. સરદાર નવરોઝે શહેરના દરવાજા બંધ કરાવી દીધા અને દરવાજાઓ પર પહેરેગીરો ગોઠવી દીધા.

લાલ દરવાજાથી લઈને માન વરિયાવી અને નવસારી દરવાજો પણ બંધ થઈ ગયો. શહેરમાંના મરાઠા સૈનિકો માર્યા ગયા હતા. કેટલાક જીવ બચાવીને નાઠા અને શિવજીને બધી વાત જણાવી.



## ૭

ભારત ખંડમાં જેટલાં યુદ્ધો થયાં છે તે સર્વમાં કોઈએ કોઈ કાળે પીઠ બતાવી હોય એવો દાખલો નથી. કેસરિયાં કરતાં જવાં અને કીર્તિ મેળવવી એમાં જ પોતાનો ધર્મ આર્યવીરો માને છે. એમાં જ સર્વનું કલ્યાણ છે. આર્ય યુવાન લશ્કરમાં પીઠ બતાવી ઘેર આવે તો તેનું મોઢું તેની પત્ની પણ જુવે નહિ. તો બીજાઓ તેને કેમ અપનાવે ! પણ આર્યોની મોટી ખોડ એ છે કે દરેક કામમાં આળસ, તુચ્છ મોટાઈ અને વ્હેમીલાપણું ડગલે ને પગલે હોય છે. શત્રુ ચઢીને શહેરના કોટ લગી આવ્યો હોય પણ આળસ અને વહેમને કારણે આર્યો બેસી રહે છે. માથા પર મોતની તલવાર લટકતી હોય છતાંય તેઓ જોષીડાના જોષ પર વિશ્વાસ રાખી હાથ જોડી બેસી રહે એનાથી વિશેષ રણક્ષેત્રે અસાવધતા કઈ કહેવાય ? બસ આવી રીતે જ વ્હેમના માર્યા આર્યો ''ભેદ''ની યુક્તિથી અજાણ રહી રજપૂત, મરાઠા અને શીખો આજ સુધી માર ખાતા આવ્યા છે.

શિવાજીના યોદ્ધા ઘણી તીવ્ર શક્તિવાળા હતા. પણ આજે તેઓ નિરાંતે પડ્યા હતા. તેમના હથિયારનું ઠેકાણું ન હતું. લોથપોથ થઈને તેઓ પડ્યા હતા. કોઈ ક્યાં, કોઈ ક્યાં, એમ અવ્યવસ્થિત સૌ પડ્યા હતા.

બહીરજી, મોરોપંત, તામલે, હરપ્રસાદ વિશ્વાસરાવ વગેરે સરદારો ઘણા ગભરાયા. જેટલા થોડા તૈયાર હતા તેઓએ હથિયાર સજવાનો





હુકમ આપી દીધો. લશ્કરનો કેટલોક ભાગ જુદી જુદી દિશામાં વહેંચાઈ ગયો. હવે વખત હતો નહિ. નાગરિક સૈન્ય સામું આવી પહોંચ્યું હતું અને તેણે એકદમ ગગનભેદી અલ્લાહો અકબર અને હર હર મહાદેવના નારાઓથી શિવાજીના લશ્કરને ગભરાટમાં નાખી દીધું. એકી સાથે અલ્લાહો અકબર અને હરહર મહાદેવના અવાજો સાંભળીને શિવાજીએ માન્યું કે બેજાતનું લશ્કર આવી પડ્યું છે. તે પણ નવાબનું છે કે બહારનું તે તેઓ નક્કી ન કરી શક્યા. એક ક્ષણમાં શું થનારું છે તે કાંઈ નક્કી ન હતું. જો શિવાજી સાવધ અને જાગૃત હોત તો તેને એ જાણવા મળ્યું હોત કે આવનાર લશ્કર નવાબનું જ છે. અને તે પણ બિન ક્વાયતી અને નાગરિકોનું, અપૂરતા હથિયારોવાળું જ ! ફક્ત જોશ અને ઉમંગથી થનગનતું આ લશ્કર હતું. તે ગગનભેદી નારા લગાવી રહ્યું હતું. બાકી બિનકેળવાયેલું અને વ્યૂહ રચનાથી અજ્ઞાત એ લશ્કર શિવાજીને મૂંઝવી ન શકત.

અચાનક આવી ચડેલા લશ્કરથી શિવાજીનું લશ્કર ભયભીત બની ગયું. સામા સૈન્યનું જોર ઘણું જણાતું હતું. શિવાજીના લશ્કરમાંના કેટલાક સિપાહીઓ શહેરમાં હતા. કેટલાક થાકના કારણે આરામમાં હતા. આગલા દિવસની શહેર અંદરની લડાઈમાં કેટલાક ઘાયલ થયેલા પડ્યા હતા. બસ આમ અંધાધૂંધીમાં શિવાજીનું લશ્કર હેબતાઈ ગયું અને આમથી તેમ અથડાતું કુટાતું રહ્યું.

આકાશમાં કાળાં ભમ્મર વાદળાંઓ છવાયેલાં હતાં. એનાથી અંધારું થઈ ગયું હતું. શિવાજીની નાંખી નજર પહોંચે એટલામાં સામું લશ્કર દેખાતું હતું. એથી એ પણ સ્પષ્ટ નહોતું કે સામું લશ્કર કેવડું છે ? ઉતાવળથી શિવાજીએ તાબડતોબ લશ્કરને સાબદું કરવા બે હવાઈઓ ફોડાવી તો ત્યાં પણ નસીબ આડું ફાટ્યું,

હવાઈઓના ચમકાટથી ઘોડાઓ ભડક્યા અને લશ્કરમાં અવ્યવસ્થા ફેલાઈ ગઈ.

પરંતુ હજુ સુધી સામા લશ્કર તરફથી હુમલો થયો ન હતો. એ જોઈને શિવાજી વધુ આશ્ચર્ય પામ્યા. તેમણે વિચાર્યું કે આખરે આ બધું શું છે ? એવામાં શિવાજીના લશ્કરને સરદારોએ જેમ તેમ કાબૂમાં લઈ તૈયાર કર્યું અને લશ્કરે ગગનભેદી નારો ગજવ્યો 'જય ભવાની' 'રામદાસ સ્વામી ચા જય.'

સામેથી ''અલ્લાહો અકબર'' અને ''હરહર મહાદેવ''નો ગગનભેદી ધ્વનિ સંભળાયો. આથી તો શિવાજી ઔર વિચારમાં પડી ગયા. શિવાજીને લાગ્યું કે નવાબનું પૂરેપૂરું લશ્કર ચઢી આવ્યું હશે તો મરાઠાઓ કે જેઓ પંદરસોથી વધારે નથી તેનો ચોક્કસ નાશ કરશે. આવેલી લૂંટ તે લઈ લેશે અને માણસો કપાઈ મરશે તે જુદા. નવાબનું લશ્કર પાછળ પડે તો બાકી રહેલાં માણસોને ક્ષણમાં કાપી નાંખે. મેળવેલી કીર્તિ અને મેળવેલું ધન ઘડીના છઠ્ઠા ભાગમાં જતું રહે. મને માણસો કરતાં હાથ આવેલું આ ધન વધુ ખપનું છે. તો શું નવાબ સાથે સુલેહ કરવી ? ના...ના...ના તો તો હું બાયલો ઠરું ! મરાઠાઓનું હિર હણાય – મારી નબળાઈ જોઈને મરાઠા સૈન્ય હવે પછી મારા પર કદી વિશ્વાસ ન કરે. તેઓ પોતાનો જુસ્સો અજમાવતાં અટકી પડે. મરાઠાઓ ભારતના ઇતિહાસમાં નામના કરવા જ જન્મ્યા છે તો શું હું એવું પગલું ભરી તેમને હિણપત લગાડું ? ના ના મને મારા પર વિશ્વાસ છે અને રામદાસ સ્વામી પોતાના શિષ્યનું કલ્યાણ જ કરશે. નવાબ પાસે હું સંધિપત્ર મોકલું તો નવાબ આગળ મારી નબળાઈ છતી થાય. અને પછી નવાબ અચાનક તૂટી પડે તો શું કરવું ? નવાબનો શો ભરોસો ? તેઓ દગાખોર સત્ય અને ન્યાયને જોતા નથી.



હાથ આવેલી તક તે ચૂકશે નહિ. મારી નબળાઈ જોઈ વધારે જોરમાં આવશે તો ? હવે શું...શિવાજી વિચારવા લાગ્યા. ગમે તે થાય તેને એનું જોર અજમાવવા દે, તેઓ મારું શું નુકસાન કરી શકવાના છે ? સુલેહ કરીશું તો અપમાન ગણાશે. નાસીશું તો અપજશ મળશે. માણસો કપાઈ મરશે ને મેળવેલી લૂંટ ગુમાવીશું. શા માટે તૈયાર થયેલા તરુણોને તક ન આપવી ? જે થવું હોય તે થાય મરાઠા તરુણોને નસીબ અજમાવવા દેવું જોઈએ. એમ વિચાર કરીને શિવાજી લડવા તૈયાર થયા અને લશ્કરની આગેવાની સંભાળવા આગળ આવ્યા.

ભગવો ઝંડો લઈને આગળ આવી, લડવા મેદાને પડવા મરાઠા સિપાઈઓ હવે તત્પર હતા. શિવાજીએ માણસોને ઉત્તેજન આપવા મહાદેવ અને ભવાની માતાને પ્રસન્ન કરવા એક બકરાનું બલિદાન આપ્યું ને તેના પર ઘાસના પૂળા મૂકીને એક મોટો ભડકો કર્યો. આ જોઈને નવાબનું સૈન્ય ગભરાયું.

નવાબ, મોતીબેગમ અને હવે સરદાર નવરોઝ પણ બસો આરબ ઘોડેસવારોને લઈને આવી પહોંચ્યા હતા. પણ નવાબ અને સરદાર નવરોઝ શિવાજી તરફથી જય ભવાનીના ધ્વનિ થયા છતાંય લડાઈમાં થતા વિલંબથી અકળાઈ અને મૂંઝાઈ રહ્યા હતા. શું કરવું અને શું ન કરવું તે તેઓ નક્કી કરી શક્યા ન હતા. નવરોઝને લાગ્યું, શિવાજીનું લશ્કર બે-ત્રણ હજારથી ઓછું તો નહિ જ હોય અને આ બાજુ હતા ફક્ત બાર-પંદરસો બિનકેળવાયેલા યુવાનો. શિવાજીના લશ્કર આગળ આપણા મુઠ્ઠીભર યુવાનો કોઈ વિસાતમાં નથી. અગર શિવાજી નાસી જાય તો શહેર પીડામાંથી મુક્ત બને, ગયેલું ધન પાછું આવવાનું નથી, અને તેનો બદલો લેવાના મૂર્ખાઈભર્યા વિચારો નકામા છે. નાશ વ્હોરી સંહાર કરાવવો

તે મૂર્ખામી છે. ક્યાંક સામો હુમલો કરતાં સપડાઈ ન જવાય ! બકરું કાઢતાં ઊંટ ન પેસે નહીં તો ભારે થઈ જાય. નવાબનું લશ્કર કેળવાયેલું નથી. ક્યાંક હાર્યા તો શિવાજી પ્રજાને કચડી નાંખશે માટે બને ત્યાં સુધી રક્ષકનીતિ અપનાવીને શિવાજીને ભગાડવું જ હિતાવહ છે. આમ શિવાજી પોતાની નબળાઈ પર અને નવાબ તથા સરદાર નવરોઝ પોતાની નબળાઈ પર વિચારતા હુમલો રોકી ઊભા હતા. બંને પક્ષે સામેથી હુમલો થાય તો રક્ષણ કરવા લડવું એવું વિચાર્યું હતું. આખરે શિવાજીએ બકરાનું બલિદાન આપીને ઘાસમાં આગ પેટાવી ભડકો કર્યો એ જોઈ ઘડીભર નવાબનું સૈન્ય ગભરાઈ ગયું.

પરંતુ નસીબ કદાચ નવાબને યારી આપી રહ્યું હતું. ભૌગોલિક પરિસ્થિતિ પણ શિવાજીની વિરુદ્ધ હતી. નવાબનું નાગરિક સૈન્ય જે દિશામાં હતું તે હમાલનું મેદાન જોકે ઘણું મોટું હતું. અને ત્યાંની જમીન ઊંચીનીચી હતી, બાજુમાં ટેકરા-ટેકરી અને ઝાડઝાંખરાં પણ હતાં તેના કારણે નવાબનું સૈન્ય હુમલો કરીને લપાઈ જતું અને ગોરિલા લડાઈની જેમ શિવાજીના લશ્કર પર અચાનક હલ્લો કરીને ફરી લપાઈ જતું જેનાથી નવાબના નાગરિક લશ્કરને વિશ્રામ પણ મળી રહેતો. અને રક્ષણ પણ થતું જ્યારે બીજી બાજુ શિવાજીના સૈન્યની ખુવારી થતી હતી. અને એથીય વિશેષ આવા ઓચિંતા હુમલાઓના કારણે સૈન્ય મૂંઝવણમાં મુકાઈ જતું.

બીજી બાજુ નવાબના નાગરિક સૈન્યનો જુસ્સો હવે જાગી ચૂક્યો હતો. તેઓ થોડા હતા. અણઘડ હતા એ તો ખુદ પણ જાણતા હતા. આખા દિવસની લડાઈમાં તેઓએ શિવાજીના કેટલાક સૈનિકો માર્યા હતા એ વાત સાચી, પણ તેમને શિવાજી સામે જીત મળવાની તો ઉમ્મીદ નહોતી જ. તેઓ તો એવું ઇચ્છતા



હતા શિવાજી પોતાની સેના સાથે લૂંટી લીધો છે એટલો માલ પણ સાથે લઈ જાય અને ભાગી જાય. પરંતુ હવે શિવાજી ભાગી જાય એવાં કોઈ ચિહ્નો તેમને દેખાતાં ન હતાં. આખા દિવસની લડાઈમાં તેમણે જોઈ લીધું હતું કે શિવાજીના મરાઠા સૈનિકો જીવ હથેળી પર લઈને તલવાર વીંઝ્યે જતા હતા.

નવાબના નાગરિક સૈન્યની ધીરજ હવે ખૂટવા માંડી હતી. સાંજ પડી. લડાઈ બંધ થવાનો વખત આવ્યો એ વખતે નાગરિક સૈન્ય ઇચ્છતું હતું કે જેમ બને તેમ જલ્દી તૂટી પડી આ પાર કે પેલે પાર કરવામાં આવે તો ઠીક, ઘણી વાર જોશમાં ને જોશમાં રહી લડાઈમાં ઝંપલાવવામાં આવે તો પરિણામ સાનુકૂળ આવે એવી સંભાવના હોય છે. એક પક્ષ જોરાવર થાય અને બીજો પક્ષ મંદો પડે એનાં કરતાં ચાલુ લડાઈમાં જ જય-પરાજયનો ખ્યાલ આવી જાય એમ નાગરિક સૈન્ય ઇચ્છતું હતું. પણ શિવાજીનું સૈન્ય જોરશોરથી લડી રહ્યું હતું. એ જોઈ તેઓ ઠંડા પડી ગયા હતા.

સાંજ પડી. સૈનિકો અંધારામાં લડી શકે તેમ નહોતા. ક્યાંક અંધારામાં પોતાના જ સાથીઓને કાપી નંખાય તો ? બંને પક્ષ ઠંડા પડ્યા. નવાબનું સૈન્ય શહેરમાં પાછું ભરાવા લાગ્યું. શહેરના દરવાજા બંધ થયા અને શિવાજીએ આજના દિવસની લડાઈનું અવલોકન કરવા અને પરિસ્થિતિ જોવા સરદારોને એકઠા કર્યા. શિવાજીના શણગારેલા તંબુમાં સૌ એકઠા થયા હતા. સૌને ખબર હતી કે નવાબનું લશ્કર બિનકેળવાયેલું હોવા છતાંય દુમાલનું મેદાન તેમનું રક્ષણ કરી રહ્યું હતું. શિવાજીએ સરદારોને સંબોધીને કહ્યું, ‘‘નવાબના નાગરિકોને ભૌગોલિક ફાવટ હોવાથી તેઓ આજનો આખો દિવસ લડી શક્યા છે. મારા બહાદુર સરદારો ! નવાબ

આવતી કાલે આપણા પગ પર પડતો તમને સૌને દેખાશે. જીત આપણી છે. ફક્ત હિંમતથી મુકાબલો કરવાની જરૂરત છે. આપણે સુરત શહેરમાંથી જે ધન અને સોનું તથા ઝવેરાત લૂંટ્યું છે. તે આપણે અહીંથી રવાના કરી ચૂક્યા છીએ તે તો આપ જાણો છો. નવાબ આપણું કાંઈ બગાડી શકશે નહિ. તેમ આપણે સુરત શહેરમાંથી જેટલું ધન મેળવ્યું છે તેનાં કરતાં કેટલાંય ઘણું વધારે ધન મેળવવાનું છે. વધુ હિંમતથી લડવા આપણે તૈયાર રહેવાનું છે. કાલે સવારમાં નવાબના નાગરિક સૈન્ય પર તૂટી પડવાનું છે.''

''પરંતુ મહારાજ !'' એક સરદારે ઊભા થઈ કહ્યું, ''નવાબને નવસારીથી દેસાઈઓની મદદ આવી મળે તેવી ધારણા છે. આપણા જાસૂસોનું કહેવું છે કે એક-બે દિવસમાં જ દેસાઈઓની સેના આવી પહોંચે તેવી સંભાવના છે.''

ત્યાં જ બીજા સરદારે ધડાકો કરતાં કહ્યું, ''મહારાજને એ પણ ખ્યાલ હશે કે આપણી પાસે અનાજ ખલાસ થઈ ચૂક્યું છે. આજે જેટલું અનાજ હતું તે પૂરું થઈ ગયું. કાલે બપોરે અને રાત્રે ખાવા માટે અનાજનો દાણોય આપણી પાસે રહ્યો નથી.''

''તમારી વાત સાચી છે.'' શિવાજીએ કહ્યું, ''એ માટે આપણે હમણાં જ કેટલાક ઘોડેસવારોને આજુબાજુનાં ગામડાંઓમાંથી અનાજ લૂંટી લાવવા રવાના કરીએ છીએ.''

''ઠીક છે.'' સરદારોએ સંમત્તિ દર્શાવી.

લગાતાર ત્રણ દિવસ સુધી ઘમસાણ લડાઈ ચાલી. બંને પક્ષો પોતપોતાની રીતે ભયભીત અને અડગ પણ હતા. નવાબને પક્ષે સરદાર નવરોઝ અને મોતીબેગમ આશાવાદી હતાં અને નાગરિક સૈન્યનો જુસ્સો ટકાવી રાખવા પ્રયત્ન કરતા રહ્યા કે હવે શિવાજીનું



જોર તૂટી ગયું. ભાગવાની પેરવી કરી રહ્યો છે માટે શહેરને બચાવવા આપણે હજુ માત્ર એક દિવસ વધુ લડીને તેને ખદેડી દેવાના છીએ.''

બીજી બાજુ શિવાજી પોતાના મરાઠા સૈન્યને પ્રોત્સાહિત કરતા રહ્યા હતા. આમ ત્રણ દિવસની લડાઈ લડતાં બંને પક્ષો ઠેરના ઠેર જ હતા.

લડાઈના ત્રીજા દિવસની રાત્રે શિવાજી વિચારમગ્ન અવસ્થામાં બેઠા હતા ત્યાં જ દૂતે આવીને ખબર આપ્યા કે, ''બે મરાઠા જાસૂસો એક સ્ત્રીને પકડીને લાવ્યા છે.''

''પેશ કરો.'' શિવાજીએ તરત જ કહ્યું.

જાસૂસોએ આવીને નમન કર્યું. શિવાજીએ જોયું પકડાયેલી સ્ત્રીએ મુખ પર બુરખો પહેરેલો હતો.

શિવાજીએ પૂછ્યું : ''ભોંસલે ! શું વાત છે ? આ સ્ત્રી કોણ છે ? તેને શા માટે પકડવામાં આવી છે ?''

''મહારાજ !'' જાસૂસ ભોંસલેએ કહ્યું : ''આ મુસ્લિમ સ્ત્રી આપણી છાવણીમાં અંધારાનો લાભ લઈને જાસૂસી કરવા માટે આવી હતી. તેનો રૂખ આપના તંબૂમાં પ્રવેશ કરવાનો હતો કે અમે તેને પકડી લીધી. આ સ્ત્રી પોતે કોણ છે અને શા માટે આવી છે તે બતાવતી નથી. તેમ બુરખો ઊંચો કરીને પોતાની ઓળખ પણ આપતી નથી.''

''હં !'' શિવાજીએ વાત સાંભળતાં જિજ્ઞાસા દર્શાવતાં કહ્યું : ''તો નવાબ પાસે હવે પુરુષો રહ્યા નથી કે એક મુસ્લિમ સ્ત્રીને જાસૂસી કરવા સિંહની બોડમાં મોકલાવી ?''

''મહારાજ ! તે વારંવાર મારે મરાઠા લૂંટારા શિવાજીને મળવું છે એવું બોલી રહી હતી. એટલે અમે તેને પકડી...''

"લૂંટારા" શબ્દ એક જાસૂસ સ્ત્રીના મોંમાંથી નીકળ્યાનું જાણીને શિવાજી ગુસ્સે થયા. તરત જ તેમણે હુકમ કર્યો "દૂર કરો તેનો બુરખો ! કોણ છે મારું અપમાન કરનારી આ સ્ત્રી ?"

"સબૂર !" બુરખામાંથી સ્ત્રીનો અવાજ આવ્યો. "મહારાજ હું મારો બુરખો મારા હાથે જ દૂર કરું છું." કહીને તે સ્ત્રીએ બુરખો હાથથી હટાવ્યો.

ચહેરો જોતાં જ છત્રપતિ શિવાજી આશ્ચર્યથી બોલી ઊઠ્યા : "અરે ! રમાબાઈ તું ?!"

"જી હું રમાબાઈ છું. મારે આપને મળવું હતું તે માટે જ મેં તમારા જાસૂસો સમક્ષ અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા હતા, કારણ કે હું અગર અપમાનજનક શબ્દો ન ઉચ્ચારત તો મને સત્વરે અહીં લાવવામાં આવી ન હોત." રમાબાઈએ ખુલાસો કર્યો.

"તું આટલા દિવસ સુરત શહેરમાં જ હતી ?" શિવાજીએ પ્રશ્ન કર્યો. "મેં તો માની લીધું હતું કે, તું નાસી છૂટી છે. અને પાછી ઔરંગાબાદ જવા નીકળી હશે."

"વિચાર તો મેં એવો જ કરેલો પણ એક મરાઠા સૈનિક પાસેથી તમારા વિશે જે કંઈ જાણવા મળ્યું તે સાંભળીને મેં મારો વિચાર બદલી નાંખ્યો."

"હું તારા વિના કેટલો બેચેન રહ્યો. રમાબાઈ તને ખબર છે ?" શિવાજીએ કહ્યું : "રાતદિવસ તને યાદ કરી છે."

"મહારાજની મારા પર કૃપાદૃષ્ટિ છે. પરંતુ હું મહારાજને એ પૂછવાની હિંમત કરું છું કે મહારાજ મને કઈ દૃષ્ટિથી યાદ કરતા રહ્યા હતા ? તમે મને ગુલામડી તરીકે પકડી લીધી હતી. અને અહીં ઉઠાવી લાવ્યા હતા. પરંતુ સુરત શહેરના દરવાજા ખોલવાની શરતે મેં મુક્તિ મેળવી લીધી હોઈ ત્યારબાદ પણ



આપ મને યાદ કરતા રહ્યા એનું શું કારણ ? મને તમારા મરાઠા સૈનિકે કરેલી વાતો પર હવે શંકા થવા લાગી છે."

"શું કહ્યું હતું સૈનિકે તને ?" શિવાજીએ પૂછ્યું.

"પહેલાં મેં માન્યું હતું કે તમે એક લૂંટારા છો અને લૂંટ કરવી તમારો ધંધો છે. હિન્દુસ્તાની નારી, ખૂની લૂંટારા અને સ્ત્રીઓના ભોગી પુરુષને નફરત અને ઘૃણાથી જુએ એ સ્વાભાવિક છે. મેં પણ તમને એવા ધારી તમારાથી નફરત કરી હતી અને તમારા પંજામાંથી છૂટવા પ્રયત્ન કર્યો હતો જેમાં હું સફળ થઈ અને આઝાદ બની પરંતુ તમારા મરાઠા સૈનિકે જ્યારે મને કહ્યું કે તમે લૂંટ કરો છો ફક્ત ધન મેળવવા માટે જ. ધન તમે હિન્દુ રાષ્ટ્ર સ્થાપવામાં વાપરવા ઇચ્છો છો. મરાઠાઓના આધિપત્ય ખાતર તમે વધુ સૈન્ય એકઠું કરવા માંગો છો. અને દેશને માટે જ તમે કાર્ય કરી રહ્યા છો. મને પકડી લાવવા પાછળ પણ તમારો કોઈ એવો જ શુભ ઇરાદો હશે. એ સૈનિકે મને એમ પણ કહ્યું હતું કે તમે રાષ્ટ્ર અને ધર્મ ખાતર રાત-દિન ટાઢ-તડકો જોયા વિના જંગલો-પહાડોમાં ભટકીને જનમત એકઠું કરી રહ્યા છો. ધર્મની રક્ષા કરવા પોતાની ખુશીઓ અને આનંદનો પણ ત્યાગ કરી ચૂક્યા છો ત્યારે મને લાગ્યું કે કદાચ તમને સમજવામાં મારી ભૂલ થઈ હશે, પરંતુ હમણાં જ આપે કહ્યું રાત-દિવસ મને યાદ કરતા રહ્યા છો, તો તેનું કારણ જણાવશો તો આભાર થશે."

"રમાબાઈ ! તારો પ્રશ્ન વાજબી છે." શિવાજીએ કહ્યું – "તેં મને લૂંટારો અને લંપટ પુરુષ સમજીને મારી નફરત કરી એમાં તારા કરતાંય મારો વાંક હોય એવું મને સમજાય છે. સુરત આવતાં મેં તને મારી સાથે લાવીને યુદ્ધ સમયે તારો યુદ્ધને ઉપયોગી





કાર્ય માટે ઉપયોગ કરવા વિચાર્યું હતું. પરંતુ વજીર સૂરલાલની ગિરફ્તારી અને દરવાજાઓ નહિ ખૂલવાના કારણે સુરત શહેર પર હલ્લો કરવામાં જે વિલંબ થયો હતો તેનાથી હું બેચેન હોઈ તારી સાથે જંપીને મેં વાત પણ કરી ન હતી અને ત્યાં તો તું છટકી ગઈ. હું તને પકડી લાવેલો તેમાં મારો હેતુ અશુભ નહોતો. તારા રૂપ કે સૌંદર્ય પર મોહિત થઈને કે લંપટતાના કારણે મેં તને કદાપિ સાથે લાવવાનો ઇરાદો કર્યો ન હતો. પરંતુ રામદાસ સ્વામીની કૃપાથી આજે પણ તારા દિલમાંથી એ વ્હેમ દૂર થયો જાણીને મને ખુશી થાય છે !''

''મહારાજ ! હું સ્ત્રી છું. તમે પુરુષ છો. હું અબળા છું. તમે સબળ છો. પરંતુ માતૃભૂમિ જે સૌને સરખો ઉપહાર આપે છે તે સૌની પાસેથી સરખો જ ભોગ પણ વાંચ્છે છે, દેશ માટે, ધર્મ માટે જેટલું તમે કરો છો એટલું કાર્ય અમે સ્ત્રીઓ પણ કરી શકીએ. સ્ત્રી હોય કે પુરુષ બંને સરખું જ અનાજ ખાય છે. સરખી જ હવા લે છે અને પાણી પણ સરખું જ પીવે છે. તો પછી કુરબાની આપવામાં સ્ત્રીઓ પાછળ કેમ રહે ? હું દેશ અને ધર્મને ખાતર જાન આપવા પણ તૈયાર છું. અને એટલે જ આજે જીવ હથેળી પર લઈને આપને મળવા આવી છું.''

''શું કોઈ ગંભીર બાબત છે ?'' શિવાજીએ પ્રશ્ન કર્યો.

''જી હા, મહારાજ ! સુરતના નવાબનું નાગરિક સૈન્ય તો હવે હિંમત હારીને બેઠું હતું. પરંતુ હમણાં તેમને નવો જોમ અને જુસ્સો આવ્યો છે.''

''તેનું કારણ ?''

''નવસારીનું દેસાઈનું લશ્કર અને માંડવીના ઠાકોરનું લશ્કર તેમની મદદ માટે આવી પહોંચ્યું છે.''

"હેં... !" શિવાજી ભડકી ગયા. માંડ માંડ સૈન્યનો જુસ્સો ટકાવી રાખીને અત્યાર સુધી મુકાબલો કર્યો પણ હવે તો નાસી છૂટવું જ પડશે. તેઓએ મનોમન નિર્ણય કર્યો પરંતુ ખાતરી કરવા રમાબાઈને પૂછ્યું, "તને ક્યાંથી ખબર પડી ?"

"મહારાજ, હું સાત દિવસ સુરત શહેરમાં જ રહી હતી અને તમારા સૈનિકે તમારા વિષેની મારી ગેરસમજ દૂર કરી હોવાથી હું મારી ઇચ્છાથી જ મારી બુદ્ધિશક્તિ પ્રમાણે તમારા કાર્યમાં જોડાઈ ગઈ હતી, અને સુરતના કેટલાક ખાસ લોકોના સંપર્કમાં આવીને બાતમીઓ મેળવતી રહી. હું કેદખાનામાં વજીર સૂરલાલને પણ મળીને આવી છું અને તેમની પાસેથી તમારા માટેનો એક ખાસ સંદેશપત્ર લાવી છું લ્યો આ પત્ર." રમાબાઈએ પત્ર શિવાજીને આપ્યો.

શિવાજીએ પત્ર વાંચ્યો જેમાં સૂરલાલે પોતાની સ્થિતિ અને રમાબાઈને મૌખિક સમજાવેલી હકીતતોનું વર્ણન હતું.

"તો સૂરલાલનો મૌખિક સંદેશો શું છે ?" શિવાજીએ પત્ર વાંચીને આનંદમાં આવતાં પૂછ્યું, આજે પહેલીવાર આટલા દિવસો બાદ શિવાજી પત્ર વાંચ્યા પછી ખુશ થયા હતા.

"મહારાજ ! સૂરલાલે કહ્યું છે કે નવસારીના દેસાઈનું લશ્કર અને માંડવીના ઠાકોરનું લશ્કર હવે માત્ર બે ગાઉ ઉપર જ દૂર રહ્યું છે. તમે રાતોરાત આખું સૈન્ય એકઠું કરી, છાવણી સમેટીને છાવણીનો સામાન કેટલાક સૈનિકો સાથે ખાનદેશ તરફ રવાના કરીને બાકીનું પેદલ અને ઘોડેસવાર સૈન્ય લઈ છેલ્લો હસ્સો સુરત પર કરો. બીજું કાંઈ નહીં અંગ્રેજોની કોઠીનું ધન મેળવી શકો તો મેળવીને તમારા દેશમાં સિધાવો. સુરત રાજ્ય પર હિન્દુ ધર્મનો ભગવો ઝંડો ફરકાવવા માટે બીજા કોઈ યોગ્ય સમયની



રાહ જુઓ. હું અત્યારે બંદીવાન સ્થિતિમાં હોઈને આપને મદદ નથી કરી શકતો એ બદલ દિલગીર છું."

"પણ અંગ્રેજોની કોઠી લૂંટવામાં દેસાઈ અને ઠાકોરનું લશ્કર આવી પૂગશે તો ?" શિવાજીએ શંકા દર્શાવી.

"એ માટે સૂરલાલે એક બીજો પત્ર આપ્યો છે. સૂરલાલના બળવાખોર લશ્કરના સિપાહસાલાર પર જે સૂરલાલનો ખાસ માણસ છે સૂરલાલે તે પત્રમાં તેને આપને મદદ કરવા સૂચવ્યું છે." બીજો પત્ર પણ રમાબાઈએ શિવાજીને આપતાં કહ્યું.

શિવાજીએ પત્ર લઈને ઝટપટ વાંચ્યો અને ચહેરા પરની ખુશી સાથે તેમણે રમાબાઈનો આભાર માન્યો.

"રમાબાઈ, તેં આજે એટલું મોટું કામ કર્યું છે કે જેનો બદલો મરાઠા સૈન્ય વાળી શકશે નહિ. દેશ અને ધર્મ માટે તેં કરેલું કામ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે."

"મહારાજ ! એ તો મારી ફરજ હતી. જે મેં બજાવી છે. કૃપા કરીને હવે આપ સૂરલાલનાં એ સૂચનોનો અમલ શરૂ કરો. ક્યાંક એવું ન બને કે, મોતને હાથતાળી આપી છટકી જવાની તક મળે ત્યારે જ આંખો મીંચી લઈએ અને મોત ગળે પડી જાય."

શિવાજી ઊભા થઈ ગયા.

તેમના ચહેરા પર ખુશી અને સંતોષના ભાવ તરવરી રહ્યા હતા.

શાલનો પહેરેલો ડગલો ચમકતું કપાળ અને નાક, ઉપસેલી છાતીથી શોભી રહ્યાં હતાં. શ્યામલ ચહેરા વચ્ચે ઘટાટોપ વાદળાંઓમાંથી વીજળી ઝબૂકે તેમ તેમની આંખો ઝબૂકી રહી હતી. માથા ઉપર માંદેલ બાંધ્યું હતું ને તેની જમણી બાજુએ મોતીની સાત સેર કાનને અડીને લટકતી હતી. પાઘ બાંકો હતો. પાયજામો પણ કસબી કોરનો ભરેલો હતો. જમણા હાથ પર કમરમાં જીનવારી પાણીદાર લાંબી તલવાર મ્યાનમાં પડેલી હતી. તેમની દાઢી અને મોટી ભરાવદાર મૂછો શ્વાસના જોરે ઊડતી હતી. એ ઉપરથી સૌ અનુમાન લગાવી શકતા હતા કે આજે કોઈ અકલ્પ્ય ઉત્તેજના અને ખુશીની અણદેખી લહેરો તેમના અંતરમાં ઊમટી રહી હતી.

સૌની નજર તેમના પર મંડાયેલી જોઈ શિવાજીએ કહ્યું – આજે આપણા સૌ માટે ખુશીનો એવો પયગામ આવ્યો છે જેની આપણે આતુરતાથી રાહ જોઈએ છીએ. પ્રથમ કુદરત આપણને સાથ આપવા લાગી અને આપણે સુરત શહેરમાંથી અપાર ધન અને સોનું ઝવેરાત મેળવી શક્યા. ફરી કુદરતે આપણા દુશ્મનની પડખે રહીને નવાબને પગભર કર્યો અને તેણે પોતાનું સૈન્ય નહિ તો નાગરિકોનું મોટું ટોળું લઈને આપણો મુકાબલો કર્યો જેમાં આપણે કેટલાક સૈનિકો ગુમાવ્યા અને કાંઈ પણ મેળવ્યા સિવાય માત્ર લડતા રહ્યા અને લોહી આપતા રહ્યા. હવે કુદરતે બંને પક્ષે રહેવાનું નક્કી કર્યું હોય એવું બન્યું છે. એક નવાબને નવસારીનું દેસાઈનું લશ્કર મદદ માટે આવી પહોંચ્યું છે. જેના કારણે એમ કહી શકાય કે કુદરત નવાબને પડખે રહી છે. કારણ કે આપણું સૈન્ય હવે ટૂંકું છે, થાકેલું છે અને સામે પક્ષે નવાબનું નાગરિક સૈન્ય અને નવસારી તથા માંડવીનું લશ્કર એમ ત્રેવડા લશ્કરની સામે આપણે પળવાર પણ ટકી શકીએ નહિ.

## ૮

શિવાજીએ ચોકીદારને તાકીદે બધા સિપાહસાલારોને બોલાવવા રવાના કર્યો.

થોડી જ વારમાં શિવાજીના શણગારેલા તંબૂમાં જાણે કે આખું લશ્કર ઊમટી પડ્યું. મોરોપંત તિમલે, હર પ્રસાદ, બહીર નાયક, નાથજી પલકરે તાનાજી માલસૂરે, ગામોરાવ, જાદોરાવ, ચંદરરાવ, રાઘવ બલાળજી, વિકોજી, ભોંસલે, બાવાજી અને અન્ય સિપાહસાલારો અને જાસૂસો આવીને એકત્ર થયા હતા. સૌ રમાબાઈને જોઈને આશ્ચર્ય પામ્યા હતા. એમાંય આશ્ચર્યની અવધિ એ વાતમાં સમાયેલી હતી કે રમાબાઈ અત્યારે મુસ્લિમ સ્ત્રીઓ જેવા લેબાશમાં હતી. કાળો બુરખો તેણીએ પહેર્યો હતો.

શિવાજીના તંબૂની આસપાસ દસ જેટલા સશસ્ત્ર સૈનિકોને પહેરા પર ગોઠવી દેવામાં આવ્યા જેથી કોઈ છૂપી રીતે શિવાજીના તંબૂમાં ચાલતી વાતો સાંભળી ન જાય. જોત જોતામાં બધી વ્યવસ્થા થઈ ગઈ. સૌ સિપાહસાલાર અને જાસૂસોની નજર શિવાજીના ચહેરા તરફ મંડાયેલી હતી.

શિવાજીનો ચહેરો આજે વધુ તેજોમય દેખાઈ રહ્યો હતો. આંખોમાં અનેરી ચમક વર્તાઈ રહી હતી. હોઠો પરનું હાસ્ય તેના હૃદયની ખુશી જાહેર કરી રહ્યું હતું. શિવાજીની સાડત્રીસ વર્ષની ઉંમર છતાં અત્યારે ત્રીસ વર્ષના નવયુવાન જેવા દેખાઈ રહ્યા હતા. બાંધી દડીના, ઊંચા મજબૂત શરીર પર ઊંચી કાશ્મીરી





બીજી બાજુ રમાબાઈએ આજે જબરદસ્તીથી કુદરતને આપણી પડખે રહેવા લાચાર બનાવી છે. અને એટલા મોટા ત્રેવડા લશ્કર સામે આપણે ખૂબ જ થોડા લશ્કર છતાંય આપણી હોશિયારી, તાકાત અને બુદ્ધિચાતુરીથી જીત મેળવીએ એવી ગોઠવણ એની મેળે જ થઈ ગઈ છે. આટલું કહીને શિવાજી અટક્યા અને એક પછી એક ચહેરાનું નિરીક્ષણ કરવા લાગ્યા. શિવાજીએ જોયું નવસારી અને માંડવીનું લશ્કર આવી પહોંચ્યાનું સાંભળી સૌ ગંભીર બની ગયા હતા. પરંતુ કોઈના ચહેરા પર ભય કે ડરનું નામનિશાન ન હતું. કારણ કે શિવાજીએ પોતાનો પક્ષ પણ સબળ હોવાનો ઉલ્લેખ કર્યો હતો. પરંતુ વિગત જાણવાની તાલાવેલી સૌના ચહેરા પર વર્તાઈ રહી હતી.

તાનાજી મુલસરેએ કહ્યું, ‘‘મહારાજ, વિગતથી કાંઈક વર્ણવો તો કશીક સૂઝ પડે.’’

શિવાજીએ ઉમેર્યું : ‘‘મારા બહાદુર મરાઠા સિપાહસાલારો ! એમ માનો કે રામદાસ સ્વામી અને પંઢરપુરના પંઢરીનાથજીની આપણી ઉપર અસીમ કૃપાદૃષ્ટિ થઈ છે. અને જે રમાબાઈ આપણે નાસી છૂટેલી સમજતા હતા તે રમાબાઈ શરૂઆતથી જ સુરત શહેરમાં આપણું કામ કરી રહી હતી. તેણીએ જાસૂસી કરીને મેળવેલી માહિતી એટલી કીમતી છે કે જેનું વર્ણન ઇતિહાસમાં થશે જ. આપણે હારી ચૂક્યા હતા. તે બાજી રમાબાઈએ જીતીને આપણી સમક્ષ રજૂ કરી છે. સાત દિવસમાં રમાબાજીએ વજીર સૂરલાલની પત્ની મણિગૌરીની મિત્રતા કેળવી છે અને કેદખાનામાં સૂરલાલને પણ મળી છે. અને કેદખાનામાં સૂરલાલ પાસેથી જે બંને પત્રો આપણા માટે લાવી છે તે આપણા માટે લૂંટના ધન કરતાં કીમતી છે. એક પત્રમાં સૂરલાલે જણાવ્યું છે કે આપણે એક છેલ્લો હલ્લો અંગ્રેજોની કોઠી પર કરીને મેળવાય તેટલું ધન

મેળવીને આપણા વતનમાં પાછું ફરવું. સુરત શહેર પર હિન્દુ ભગવો ઝંડો ફરી ક્યારેક બીજી વખત ફરકાવી શકાશે. કારણ કે લડવાથી આપણે ત્રેવડા લશ્કરનો મુકાબલો કરવો પડશે. જેમાં ફાવવાને બદલે કદાચ આપણે બૂરી રીતે મોતને શરણે જવું પડે. છતાં ભગવો ઝંડો ફરકાવી શકાય એવી પરિસ્થિતિ નથી જ.''

''પણ અંગ્રેજોની કોઠી લૂંટવા જતાં ઠાકોરનાં લશ્કરો આપણને ઘેરી નહિ લે ?'' રાઘોજી બલ્લાળે સંદેહ વ્યક્ત કર્યો.

''તમારી વાત સાચી છે. પણ જો બીજો પત્ર સૂરલાલે મોકલ્યો છે તે આપણા પર નહિ પરંતુ નવાબના લશ્કરના મોવડી પર લખાયેલો એ પત્ર છે.''

શિવાજીએ કહ્યું.

''તે પત્રમાં શું લખ્યું છે ?'' બાવાજીએ પૂછ્યું.

''નવાબના લશ્કરે બળવો કર્યો હતો. તેમાં તોપખાનાના સેનાપતિએ અગ્રભાગ ભજવ્યો હતો. આજ પણ એ સેનાપતિએ તોપખાનું અને બારૂદ વગેરે પોતાના કબજામાં જ રાખ્યું છે. નવાબ નશામાં અને જનાનખાનામાં ગુલતાન રહેતો હતો તેથી એને પણ ખબર નહોતી કે લશ્કર પાસે કયાં શસ્ત્રો કે કયા કયા વિભાગો છે. તેણે તો આપણા અચાનક થયેલા હુમલા સામે નાગરિક સૈન્ય એકઠું કર્યું. અને એ પણ મોતીબેગમ અને સરદાર નવરોઝે કર્યું હતું. નવાબ તો ઊંઘમાંથી ઊઠીને લડાઈના મેદાનમાં પહોંચ્યો હતો. એને કાંઈ ખબર ગતાગમ પણ ન હતી કે ખુદ એની પાસે સૈન્ય તોપ જેવી શક્તિ પણ છે. સંજવારીમાં સાંબેલા જેવું નવાબનું કામ હતું. અને આજે પણ દારૂગોળો એને ઠેકાણે જ પડ્યો રહ્યો. હવે સૂરલાલે એ સેનાપતિ પર પત્ર લખીને કહ્યું છે કે બધો દારૂગોળો મરાઠા સૈન્યને સોંપી દે. એ સેનાપતિ અને એના હાથ નીચેના સૈનિકો આપણી સાથે રહીને નવાબ



સામે લડશે નહિ. ફક્ત દારૂગોળો આપણે હવાલે કરશે. અને એ દારૂગોળાના બળ પર આપણે ત્રેવડા લશ્કરનો સામનો કરવાનો છે. અને અંગ્રેજોની કોઠીઓમાં રાખેલું સુરતના શેઠ-શાહુકારોનું ધન અને સોનું ઝવેરાત હાથ આવતાં જ આપણું લશ્કર પોતાનું રક્ષણ કરતું કરતું ખાનદેશના માર્ગે થઈને વતન તરફ પોબારા ગણી જશે.'' શિવાજીએ લંબાણપૂર્વક પત્રોની વિગત કહી લડાઈનો વ્યૂહ સમજાવ્યો.

આટલીવારથી ચૂપ બેઠેલી રમાબાઈએ હવે કહ્યું. ''મરાઠા બહાદુરો ! સંજોગો સઘળા મરાઠા સૈન્ય તરફ ઢળ્યા છે. નવાબ અને તેનું નાગરિક સૈન્ય શહેરમાં પાછું ભરાયું છે. પરંતુ દેસાઈ અને ઠાકોરનું લશ્કર આવી પુગ્યાનું જાણીને તેનું સ્વાગત કરવા એક દરવાજો ખોલીને બેઠા છે. તમારે સૌએ પળવારમાં તૈયાર થવાનું છે. કારણ કે દેસાઈ અને ઠાકોરનું લશ્કર હવે માત્ર બે એક ગાઉ જ દૂર છે. તમારી છાવણીનો વધારાનો સામાન પચાસ સૈનિકોને સોંપીને ખાનદેશના માર્ગે રવાના કરી દ્યો. બાકીનું બચેલું છસો-સાતસોનું સૈન્ય દેસાઈ અને ઠાકોરો પહોંચે તે પહેલાં સુરત શહેર પર તૂટી પડે. સો સૈનિકોની એક ટુકડી પાંચેક સરદારોની રાહબરી હેઠળ અંગ્રેજોની કોઠી પર હલ્લો કરવા નીકળી પડે. પચાસ સૈનિકો નવાબના તોપખાનાનો કબજો લઈને તોપોને એક બાજુ મૂકીને ફક્ત દારૂગોળો હસ્તગત કરે. અને શહેરના કિલ્લા પર ફરતે ગોઠવાઈ જાય. એ દારૂગોળામાં એક પ્રકારના હાથે ફેંકી શકાય એવા ગોળા છે. જેમાંથી અગ્નિ અને ધુમાડો ઉત્પન્ન થાય છે. એ ગોળાઓ ફેંકી ફેંકીને દેસાઈ અને ઠાકોરના લશ્કરને શહેરમાં પ્રવેશતાં અટકાવવાનાં છે. ડરીને તેઓ દૂર જ ઊભા રહે. જેથી બાકીનું લશ્કર નવાબના નાગરિક સૈન્ય પર તૂટી પડીને નવાબની કમર તોડી નાંખે. આ બધું જેટલી ઝડપથી થશે એટલું

મરાઠા સૈન્યના ફાયદામાં છે જીત એટલી ઝડપી મળશે.''

''પછી ?'' તાનાજીએ કહ્યું.

''પછી જેવું અંગ્રેજોની કોઠીઓ પરનું ધન તમારા હાથમાં આવી જાય. તમે દેસાઈ અને ઠાકોરના લશ્કરથી બચીને ખાનદેશ ભણી રવાના થશો. અત્યારના સંજોગો એવા છે કે જેના હાથમાં લાઠી તેના હાથમાં ભેંસ, જે પક્ષેથી પહેલો હલ્લો થશે તે જીતી જશે.''

''તો હવે'' શિવાજીએ કહ્યું, ''પચાસ સૈનિકોની ટુકડી સાથે છાવણીનો સામાન લઈને બાવાજી રવાના થશે. સો સૈનિકોની ટુકડી લઈને તાનાજી, બલ્લાળ, જાદોરાવ, ચંદરરાવ અંગ્રેજોની કોઠી પર હલ્લો કરશે. મોરોપંત તીમલે અને બહીરજી પચાસ સૈનિકોની ટુકડી લઈને દારૂખાનું જેમાં ફક્ત હાથો વડે ફેંકી શકાય તેવા ગોળા લઈને જેવું દેસાઈ અને ઠાકોરનું લશ્કર આવી પહોંચે કે ચારેબાજુથી તેના પર અગ્નિ અને ધુમાડા કાઢતાં ગોળા ફેંકવા માંડશે અને બાકીના સરદારો અને સૈનિકોની આગેવાની લઈને હું નવાબ સામે તેના નાગરિક સૈન્યનું નખ્ખોદ કાઢવા જઈશું. બરાબર !''

''બરાબર ! બરાબર !'' સૌએ સંમતિ દર્શાવી. વ્યૂહ અને વ્યવસ્થા થઈ ગઈ.

''અને...રમાબાઈ ?'' જાણે ભુલાયેલું યાદ આવ્યું તેમ કોઈએ પૂછ્યું.

''હું...'' રમાબાઈએ જ કહ્યું. ''હું મણિગૌરી અને મોતીબેગમને એવું કહીને આવી હતી કે શિવાજીની છાવણીમાં જાસૂસી કરવા જાઉં છું. એ બહાને હું બે પત્રો પહોંચાડી શકી. હવે ત્યાં જઈને કહીશ કે શિવાજી ભાગી જવાની તૈયાર કરી રહ્યો છે. એથી એઓ ખુશ થશે અને દેસાઈ, ઠાકોરના લશ્કરના સ્વાગત માટે



બીજા દરવાજાઓ પણ ખોલશે. એથી મરાઠા સૈન્યને શહેરમાં પ્રવેશવું સરળ થઈ પડશે.''

''એઓ તમારા પર વિશ્વાસ કરશે ?'' તાનાજીએ પૂછ્યું.

''અહીંથી પડાવ ઊપડવા માંડશે. તંબુઓ સંકેલાશે અને પચાસ સૈનિકો રવાના થશે. એ તેઓને નહિ દેખાય ? એ દેખાડવા માટે હું મોતીબેગમને કિલ્લા પર લઈ જઈશ. ત્યાંથી નરી આંખે તેને બધું દેખાશે. પછી વિશ્વાસ કેમ નહિ કરે ?'' રમાબાઈએ ખુલાસો કર્યો.

''શાબાશ રમાબાઈ !'' શિવાજીએ રમાબાઈની પ્રશંસા કરી.

અને સભા બરખાસ્ત થઈ. સૌ પોતાના કામને સમજી ચૂક્યા હતા અને તૈયારી આરંભી. રમાબાઈએ બુરખો ઓઢી લીધો અને તીરની માફક તંબુમાંથી નીકળી સુરત શહેર તરફ ચાલી ગઈ.

*

રમાબાઈ, મોતીબેગમ અને મણિગૌરી સુરત શહેરના કિલ્લાના કાંગરા પરથી શિવાજીની છાવણી ભણી જોઈ રહી હતી.

ત્રણેયના ચહેરા પર ખુશી ઝલકી રહી હતી. ''તંબુઓ ઊપડી રહ્યા છે.'' મણિગૌરીએ ઉત્સાહથી કહ્યું.

''આ સૈનિકો પણ તૈયાર કરી રહ્યા છે પોતાને ઘેર જવાની.'' મોતીબેગમે સૂર પુરાવ્યો.

''બિચારા ! કેવું વીલું મોં લઈને જશે પોતાને ઘેર ? સૌ પોતપોતાની પત્નીઓને શું કહેશે ? કે અમે મોતીબેગમ અને મણિગૌરીની તલવારથી ડરીને જીવ બચાવી આવ્યા છીએ.'' રમાબાઈએ મમરો મૂક્યો.

''લૂંટારા ! ધન લૂંટીને અને ઇજ્જત લૂંટાવીને પાછા જઈ રહ્યા છે. પીઠ બતાવીને !'' મોતીબેગમે કટાક્ષ કર્યો.

''નવાબ સાહેબની ગફલતના કારણે તેઓ ધન લૂંટી શક્યા.

નહિતર શી તાકાત એ મરાઠાઓની કે ધન પણ લૂંટીને જાય ?'' મણિગૌરીએ સત્ય ઉચાર્યું.

મોતીબેગમ ચૂપ રહી. રમાબાઈ ખામોશ હતી. મણિગૌરીને સમજાયું કે અત્યારે એવી વાત કરવાની જરૂરત ન હતી.

''ચાલો.'' મોતીબેગમે કહ્યું. ''સૌને ખુશખબર આપીએ કે લૂંટારો શિવાજી ભાગી ગયો.''

નવાબના ચહેરા પર ખુશી દોડી આવી. તેણે ધાર્યું ન હતું કે આમ શિવાજી અણધાર્યો અચાનક ભાગી જશે. તેણે ''હાશ...છૂટ્યા.''નો ભાવ અનુભવ્યો. પરંતુ સરદાર નવરોઝ હજુ શંકાશીલ હતો. તેને માનવા માટે કોઈ કારણ ન જડ્યું. શિવાજી આમ અચાનક ભાગી કેમ છૂટે ? ક્યાંક કોઈ નવી ચાલ તો નથી ખેલી રહ્યો ને ? પરંતુ વાંધો નહિ. દેસાઈ અને ઠાકોરનું લશ્કર પહોંચવા આવ્યું છે એટલે ચિંતા નથી. કદાચ શિવાજી પણ એ લશ્કર આવી પહોંચ્યાનું જાણીને ભાગી જવા લાચાર બન્યો હોય ! જે હોય તે, મોતીબેગમ અને મણિગૌરી કહે છે તો જરૂર શિવાજી ભાગી છૂટ્યો હોવો જોઈએ.

શહેરમાં આ ખુશાલીના સમાચાર વાયુવેગે પ્રસરી ગયા.

આનંદની કિકિયારીઓ પાડતી જનતા ઘરોમાંથી બહાર નીકળી બજારમાં આવી. સૌએ સાત દિવસનો જેલવાસ ઘરોમાં પુરાઈ રહીને ભોગવ્યો હતો. તેમાંથી છૂટ્યાનો આનંદ અને લૂંટારાના નાસી જવાના સમાચારનો એમ બેવડો આનંદ તેઓ મનમાં દબાવી ન રાખી શક્યા. એકબીજાને ભેટી પડીને વ્યક્ત કરવા લાગ્યા. જેજે ઘરોમાં મરાઠા લૂંટારાઓએ તલવારોથી કત્લેઆમ ચલાવી હતી તે જોવા જાણવા અને સાંત્વન આપવા જવાનું સૌ મનમાં ને મનમાં ગોઠવી રહ્યા હતા ત્યાં જ આગથી બચ્યા અને વાવાઝોડાનો ભોગ બન્યા જેવો ઘાટ ઘડાયો. કોઈ કાંઈ સમજે વિચારે એટલીવારમાં



તો વાવાઝોડાની માફક જયભવાની 'રામદાસ સ્વામીનો જય' અને 'હર હર મહાદેવ'ના જયનાદથી મરાઠા સૈનિકોએ તલવારોની ઝપાઝપી બોલાવી દીધી. ચમકતી તલવારો રક્તમાં તરબોળ થવા લાગી. બજારો અને ગલીઓમાં હર્ષપૂર્વક નીકળેલા નગરજનોનાં માથાં તથા ધડ રઝળવા લાગ્યાં. અને લાશો તરફડવા લાગી. હેબતાઈ ગયેલા બચેલા લોકો પાછા ઘરોમાં ભરાઈને બારણાં અંદરથી વાસી દેવા લાગ્યા. મોત ફરીથી તેમની સામે મોં ફાડીને આવી પહોંચ્યું હતું. 'જયભવાની', 'હર હર મહાદેવ'ના નારાઓ કાનના પડદા ચીરીની શરીરને કંપાવી રહ્યા હતા. લાલ, માન નવસારી, અને વરિયાવી દરવાજેથી પાછું મરાઠા સૈન્ય સુરત શહેરમાં પ્રવેશી ગયું હતું. નવાબની હાલત સાપે છછુંદર ગળ્યા જેવી થઈ ગઈ. દેસાઈ અને ઠાકોરનું લશ્કર આવી પહોંચ્યાની ખુશીમાં તેણે નાગરિક સૈન્યને બેપરવાહ બનાવી દીધું. એ મોટી ભૂલ થઈ હોવાનો હવે તેને ખ્યાલ આવ્યો. મોતીબેગમે મણિગૌરી અને રમાબાઈએ આપેલા શિવાજીના ભાગી જવાના સમાચાર પર એકદમ જ વિશ્વાસ મૂકવાનો તેને પસ્તાવો થવા લાગ્યો. આછાપાતળા જેટલા સૈનિકો અને નાગરિકો તેના હાથમાં હતા. તેઓને તૈયાર કરીને તેણે શિવાજી સામે મોરચો લીધો. સરદાર નવરોઝ ડઘાઈ ગયો. તે શંકાશીલ હતો જ પણ ખાતરી નહિ કરી હોવાનો ગમ તેને હવે લાગી રહ્યો હતો. કાંઈ વિચારી, કરી શકાય તેવી પરિસ્થિતિ ન હતી. દેસાઈ અને ઠાકોરનું લશ્કર પહોંચી જાય તો શિવાજી સામે પહોંચી વળાય એવી ઉમ્મીદ પર રહી શકાય તેમ નહોતું. એટલું ઝડપથી અને અચાનક આ બધું બની ગયું કે તેનું મગજ બહેર મારી ગયું. સમય ઘણો બારીક આવી પહોંચ્યો હતો. તેને સૂઝતું ન હતું શું કરવું ? મોરચો કેમ માંડવો ? રક્ષણ કેમ કરવું ?

નવાબ મેદાનમાં એકલો ઊભો છે જેમ સહરાના રણમાં

આકાશમાં ધુમાડાઓના ગોટા પ્રસરવા લાગ્યા. શહેરમાં અને શહેરબહાર ગોળાઓ વીંઝાઈ રહ્યા હતા. શહેરમાં હાથગોળા ફેંકીને મરાઠાસેના નાગરિકોને ભયભીત બનાવી રહી હતી. તો શહેર બહાર આવી પહોંચેલા દેસાઈ અને ઠાકોરના લશ્કરને ભયભીત બનાવવા તોપો ગર્જી રહી હતી અને હાથગોળાઓ ફેંકીને અગ્નિ વરસાવી રહ્યા હતા.

''ફતેહ... ! જય...! જય...' એકદમ મરાઠા સૈનિકો ખુશીની ચિચિયારીઓ પાડી ઊઠ્યા. મરાઠા સૈન્ય જીતી ગયું હોય એમ ફતેહ ! ફતેહના જયનાદ ગજાવતું લડી રહ્યું હતું.

આ બાજુ શહેર બહાર નવસારી દરવાજેથી લગભગ બે ફ્લાંગ દૂર સુધી આવી પહોંચેલું દેસાઈનું લશ્કર શહેરના કોટ પરથી પોતાના પર થઈ રહેલો તોપ અને બારૂદનો હુમલો જોઈ ખચકાઈને ઊભું રહ્યું.

અગ્નિ ઓકતા અને ધુમાડાથી વાતાવરણ ધૂંધળું બનાવતા હાથગોળાઓ શહેરમાંથી તેઓના ઉપર વીંઝાઈ રહ્યા હતા એ જોઈને દેસાઈઓ આશ્ચર્ય અને ગુસ્સાથી લાલપીળા થવા લાગ્યા. તેઓ ખચકાઈને ઊભા રહ્યા. ''અચાનક આમ કેમ બન્યું ? વાતાવરણ બદલાઈ કેમ ગયું ?– અમે નવાબને મદદ કરવા આવ્યા છીએ કે નવાબના હુમલાનો ભોગ બનવા ?'' દેસાઈઓને છેલ્લા સમાચાર નવાબ તરફથી એવા મળ્યા હતા કે શિવાજી તો ભાગી જવાની તૈયારીઓ કરી રહ્યો છે. તેના તંબૂઓ ઊખડી ગયા છે અને છાવણીઓ સંકેલાઈ ગઈ છે.

તો આ શું છે ? શું નવાબ આપણને શિવાજીનું સૈન્ય સમજીને આપણા પર તોપો અને હાથગોળાઓ વીંઝી રહ્યો છે ? આ કોઈ ગેરસમજ છે કે ગોટાળો ? કે પછી નવાબની મતિમાં ફરક આવી ગયો છે ? દેસાઈઓ સામે પ્રશ્નોની હારમાળા ખડી થઈ ગઈ,



એકાદ નાનો છોડવો ઊભો હોય તેમ. આભાસ થતો હતો કે પશ્ચિમમાંથી કેવો સુસવાટો આવશે કે જે તેને જડમૂળમાંથી કેવો ઉખેડીને ફેંકી દેશે ? શિવાજી, દાદાજી બલ્લાળ પર્વત જેવું મનોબળ લઈને સામે ઊભા છે. તેના સહાયકો અને સૈનિકો તલવાર વીંઝી રહ્યા છે. નાગરિક સૈન્ય ઝાડ પરથી પાંદડાં ખરે એમ ખરી રહ્યા છે. નવાબ ચિંતાતુર, આઘાતજન્ય અવસ્થામાં ઊભો છે. તેના ચહેરા પરનું નૂર હણાઈ ગયું છે, જાણે મોં પર લોહી જ નથી એવું મોં ફિક્કું પડી ગયું છે.

તેણે ક્ષણવારમાં થોડુંક સ્વબળ, થોડુંક કૃત્રિમ બળ એકઠું કરીને તલવાર લઈને લડવાની હામ ભીંડી છે. તલવાર ઉગામીને નવાબ મેદાનમાં કૂદી પડે છે, પરંતુ નવાબની ભય ભરેલી હાલત જોઈને ત્યાં ઊભેલા કેટલાક યુવાનો બેબાકળા અને બ્હાવરા બની ગયા. તેઓ પહેલાં તો અતિશય ગભરાઈ ગયા પણ નવરોઝે તલવાર અને ભાલો હાથમાં લીધો એ જોઈને અને માથા પર મોત ઝઝૂમતું જોઈને તેઓ પણ કૂદી પડ્યા અને તલવારોની ટકા...ટકી અને લાઠીઓની ફટાફટી વાતાવરણમાં ગુંજી ઊઠી.

ત્યાં જ વાતાવરણ ધડાકાભડાકાથી ગાજી ઊઠ્યું. શહેર બહારથી ધડામ...ધડુમ...હાથગોળાઓ અને હુડુડુડુ...કરતી તોપો ગર્જી ઊઠી.

પહેલાં તો નવાબ અને નાગરિકો ગભરાઈ ગયા પણ પછી તેઓએ માન્યું કે દેસાઈ અને ઠાકોરનું લશ્કર મદદ માટે આવી પહોંચ્યું લાગે છે. બસ એવો ખ્યાલ આવતાં જ તેઓના શરીરમાં જોમ અને નવો જુસ્સો ઊભરાવા લાગ્યો. અને વધુ ખુન્નસથી તેઓ મરાઠાઓ સામે લડી રહ્યા હતા.

અને મરાઠા સૈનિકો પણ ઘોડા કુદાવતા જોશમાં તલવાર-ભાલાઓ વીંધતા આગળ વધી રહ્યા હતા. શિવાજી આજની રંગત અને મરાઠા સૈનિકોનો જોશ જોઈને ગદ્‌ગદિત થતા હતા.

તેઓ કાંઈ સમજી અને વિચારી શકે એટલો સમય પણ ક્યાં રહ્યો હતો. નવાબે તો કહેવડાવ્યું હતું કે હવે શિવાજી નાઠી છે તો તમારે તલવારો મ્યાનમાંથી બહાર કાઢવી નહિ પડે, અમે તમારું સ્વાગત ફૂલહારથી કરશું. શું આવા જ ફૂલહારથી સ્વાગત નવાબ કરે છે ? તે આ ફૂલ ફેંકી રહ્યો છે કે – તોપના ગોળા ફેંકી રહ્યો છે ? અગ્નિ ઓકતા ગોળા ફેંકી રહ્યો છે કે દોસ્તીનો હાથ લંબાવી રહ્યો છે ?

અને વરિયાવી દરવાજે પણ માંડવીના ઠાકોરનું લશ્કર આવી પહોંચતાં તેનું સ્વાગત અગ્નિગોળાઓ ફેંકીને કરવામાં આવી રહ્યું હતું. હુડુડુડુ તોપો ગાજી રહી હતી. ધડામ...ભડામ...ગોળાઓ ઠાકોરો પર પડી રહ્યા હતા. દગો સમજીને ઠાકોરોએ પોતાની તોપોનું મોઢું શહેરની તરફ તાક્યું. ઉપરથી આગ વરસાવતા ગોળાઓ પડવાથી ઠાકોરનું સૈન્ય તીતર, ભીતર થઈ જવા માંડ્યું. સૈનિકો વિખરાવા લાગ્યા.

વિચાર કર્યા વગર ગુસ્સે થઈને ઠાકોરોએ નવાબની દગાબાજી સમજીને તોપોથી શહેરના નાગરિકો પર ગોળાઓ ફેંકવાનું શરૂ કર્યું. યુદ્ધ એવું જામી ગયું કે કોઈ સમજવા-વિચારવા પણ તૈયાર નહોતું. શિવાજીના સૈનિકો દ્વારા કરાઈ રહેલા તોપમારા અને હાથગોળાના વરસાદથી આખી બાજી પલટાઈ ગઈ. નવાબના દોસ્ત બનીને આવેલા ઠાકોરો જ હવે નવાબના નાગરિકો પર તોપગોળા ફેંકી રહ્યા હતા. દેસાઈઓ સૂનમૂન ઊભા હતા અને ખુદ નવાબ અને તેનું નાગરિક સૈન્ય ખતમ થઈ જવાની અણી પર હતું.

ભૂતની જેમ ગાંડા બનીને મરાઠા સૈનિકો લડી રહ્યા હતા. અને જયભવાની રામદાસ સ્વામીનો જય તથા ફતેહ ! ફતેહ ! બોલતા કિકિયારીઓ પાડી રહ્યા હતા.

છત્રપતિ શિવાજી હવે પોતાનો વ્યૂહ બદલીને છટકવાની પેરવી



કરવા લાગ્યા. સૈનિકોને વધુ ઉત્સાહિત કરવાને બદલે હવે તેઓ સૈનિકો એકઠા કરવા લાગ્યા. અંગ્રેજોની એક કોઠી પરનું ધન, સોનું અને ઝવેરાત તે સુરત શહેરના નાગરિકોએ દશ ટકા કમિશન પર સાચવવા મૂક્યું હતું–સલામત રહેશે એમ જાણીને – તે ધન-સોનું અને ઝવેરાત હવે સલામત રીતે શિવાજીના હાથમાં આવી ચૂક્યું હતું.

મોરચો ગોઠવાવવા લાગ્યો. મરાઠા સૈનિકો શહેરમાં પ્રસરી ગયા હતા અને કોટ પરથી હાથગોળા ફેંકી રહેલા સૈનિકો પણ હવે ધીરે ધીરે ખસતા ગયા અને તાનાજી માલસૂરેએ આવીને શિવાજીને કહ્યું – ''મહારાજ ફતેહ ! આપણું કામ પૂરું થયું છે. હવે આપણે તૈયારી કરવી જોઈએ. વિશેષ તો જેવો આપનો હુકમ.''

શિવાજીએ કહ્યું – આજે આપણા સૈનિકો આમ અચાનક ગેલમાં આવી ગયા છે તેનું કારણ શું છે ? જુઓને કેવા ખુમારી અને ઉત્સાહથી લડી રહ્યા છે ?

''મહરાજ ! તેઓ આજે જીતની ખુશીમાં છે. પણ હવે આપણે રવાના થવાની તજવીજ કરવી જોઈએ નહિતર જીતની બાજી હારમાં પલ્ટાતાં વાર નહિ લાગે. અત્યારે તો દેસાઈઓનું લશ્કર બહાર ચૂપચાપ ઊભું છે અને ઠાકોરો તો ગેરસમજનો શિકાર બનીને શહેર પર જ તોપગોળો ફેંકી રહ્યા છે. તેઓએ માની લીધું છે કે નવાબ દગો કરીને બોલાવીને હવે તોપો અને હાથગોળા ફેંકી રહ્યો છે. તેઓની આ ગેરસમજનો આપણને લાભ મળ્યો છે તે જીતની બાજી પલ્ટાય એ પહેલાં આપણે હવે આપણું કામ કરવું જોઈએ.''


શિવાજીએ કહ્યું, ''તમે બધાં આજે ઘણા જવામર્દોનું કામ કર્યું છે. આજની ફતેહ તમારા સૌના કારણે મળી છે. ચાલો

હવે તૈયારી કરો. બધા સૈનિકોને એકઠા કરો.''

''જી મહારાજ !'' કહીને માલસૂરેએ મરાઠા સૈનિકોને સ્ફૂર્તિથી નાસી છૂટવા માટેનું બ્યૂગલ ફૂંકાવ્યું. અને ઘડી બે ઘડીમાં ઘોડાઓનાં ડાબલાના અવાજો વાતાવરણમાં ગુંજવા લાગ્યા અને શિવાજીએ ખાનદેશનો માર્ગ લીધો.

પાંચસો-છસો મરાઠા સૈનિકોને શહેરમાંથી હડડડડ કરી નીકળતા જોઈ દેસાઈઓ હવે સમજી ગયા કે શહેરમાંથી તોપો અને હાથગોળાઓ નવાબ નહિ પરંતુ મરાઠાઓ ફેંકી રહ્યા હતા. નવાબે તેને શિવાજીના નાસી જવાના સમાચાર કહેવડાવ્યા હતા તેમાં નવાબની કેટલી મોટી ભૂલ થઈ હતી તે દેસાઈઓ સમજી ગયા અને તેઓએ મરાઠા લશ્કર જે નાસી રહ્યું હતું તેની પૂંઠ પકડી અને દોડતા જતા મરાઠા સૈનિકો જેટલા હાથમાં આવ્યા એટલા પર તલવારો વીંઝતાં લગભગ દસ-બાર માઈલ સુધી તેમની પાછળ ગયા.

અને ઠાકોરના સૈન્યે પણ હવે શહેરમાં શાંતિ પથરાયેલી જોઈ આશ્ચર્ય અનુભવ્યું. હમણાં સુધી તેમના પર ફેંકાઈ રહેલા ગોળાઓ હવે બંધ થયા હતા એનાથી ઠાકોરના સૈન્યને આશ્ચર્ય થયું હતું. તેણે હવે તોપમારો બંધ કર્યો અને ધીરે ધીરે શહેર તરફ કૂચ કરી પરંતુ હજુ મનમાં દગાની બીક, અને ભાઈચારાનો ભરોસો એવી ગડમથલ ચાલી રહી હતી.




મોતીબેગમની આંખો સૂઝી ગઈ હતી. શરીર પરનાં ઘરેણાં તો તેણીએ પુરુષવેશ સજીને શિવાજીના લશ્કર સામે લડવા નીકળી હતી ત્યારે કાઢી નાંખ્યાં હતાં. આજે એ ઘરેણાં વિનાનાં અંગો સૂનાં સૂનાં લાગી રહ્યાં હતાં. માથાના વાળ વિખેરાઈને સુંદર ચહેરાને પણ બદસૂરત બનાવી રહ્યા હતા. આંખો ફરતે પડેલા કાળા ડાઘ, અને સૂજેલી આંખોએ પણ ચહેરાની બેડોળતામાં વધારો કર્યો હતો. કપડાં પણ વેરવિખેર થઈ ગયાં હતાં. ચોળાઈ જવાના કારણે ઊંચા પ્રકારનાં કપડાં પણ બદસૂરતીમાં વધારો કરી રહ્યાં હતાં.

મોતીબેગમની બેહાલીનું કારણ હતું તેની ભાભી, અને ભાભી કરતાંય વિશેષ તેની સખી મણિગૌરી. જે મણિગૌરીએ સુરતને શિવાજીના વિકરાળ પંજામાંથી છોડાવવા સૌને જગાડ્યા હતા. સુરત શહેરની જનતાને બચાવવા તેણીએ પોતાના પતિને પણ રાજ્યને હવાલે કરી દઈને સંબંધ કરતાં રાજ્ય અને દેશ મહાન છે એવું સાબિત કરી આપ્યું હતું. એ મણિગૌરી શિવાજીના છેલ્લા હલ્લામાં મરાઠા સૈનિકો સાથે પુરુષવેશમાં લડતાં લડતાં ખપી ગઈ હતી.

મણિગૌરીની બહાદુરી અને હિંમત નવાબે અને મોતીબેગમે આઠ દિવસના શિવાજી સાથેનાં સંઘર્ષ દરમ્યાન જોઈ લીધી હતી.

મણિગૌરી કોઈ પુરુષ સૈનિક કરતાંય વધુ હિંમતવાન અને બહાદુર હતી. પુરુષવેશ પહેરીને તેણીએ શિવાજીના સૈન્ય સામે

તલવાર લઈને મુકાબલો કર્યો હતો.

મણિગૌરીનો પ્રજા તરફનો પ્રેમ, રાજ્ય તરફની ભક્તિ, અને ભૂમિ પ્રત્યેનો પ્રેમ અદ્વિતીય હતો. મણિગૌરીએ જ શિવાજીનું સૈન્ય આવી પહોંચ્યા બાદ સુરતની જનતા અને મોતીબેગમ તથા અન્ય સિપાહસાલારોને મુકાબલો કરવા પ્રેરણા આપી હતી. મણિગૌરીના દેશ પ્રત્યેના ઉમદા વિચારો અને ભક્તિ સૌને પ્રેરણા આપી ગયાં. તેથી જ શિવાજીનો મુકાબલો થઈ શક્યો.

એ જ મણિગૌરી શિવાજીના અંતિમ હલ્લામાં સુરતની ભૂમિને સલામ કરતી શહીદ થઈ ગઈ હતી.

અને મણિગૌરીના વિરહમાં મોતીબેગમ બેહાલ બની ગઈ. મણિગૌરી મોતીબેગમની ભાભી જ નહિ પણ તેની પ્રાણપ્યારી સખી હતી. સખી જ નહિ પણ એ વીરાંગનાનું મોત મોતીબેગમ જીરવી ન શકી. તેણી એટલી હદે દુઃખી થઈ ગઈ હતી કે તેને પોતાના શરીર, કપડાં અને ખાવા-પીવા સુધ્ધાંનું ભાન નહોતું રહ્યું.

નવાબ ગ્યાસુદ્દીન મોતીબેગમની આવી હાલત જોઈને મૂંઝાઈ ગયો હતો.

હિંમત રાખીને નવાબે મોતીબેગમને આશ્વાસન આપતાં કહ્યું : ‘‘બેગમ ! આ બનાવ બહુ અનર્થકારક બન્યો છે. તારી પ્રિય સખી અને ભાભી મણિગૌરી આ રણમાં પડી છે એ એક મોટો જબરો કમનસીબ બનાવ છે. સૂરલાલ તારો ભાઈ આ સમાચાર જાણીને કારાગારમાં અસ્વસ્થ બની ગયો છે. મેં તેની શૂશ્રૂષા માટે વૈદ્ય અને હકીમોને કારાગારમાં મોકલ્યા છે. તમે હવે ગભરાઓ નહિ બેગમ ! થવા કાળ થઈ ચૂક્યું છે તેને કોઈ મિટાવી નહિ શકે. મણિગૌરીનો ઉપકાર જેવોતેવો નથી. એનો બદલો કઈ રીતે વાળી શકાય ? ખરેખર તો એમ જ માનવું જોઈએ કે સુરત



શહેરનું રક્ષણ મણિગૌરીએ જ કર્યું છે. લૂંટારો શિવાજી લૂંટી ગયો છે તેના કરતાં અનેક ગણું લૂંટી ગયો હોત. અરે ! સુરત શહેરને પાયમાલ કરી ગયો હોત. અગર મણિગૌરીએ સુરત શહેરનું રક્ષણ કરવા કમર ન કસી હોત ! મણિગૌરી ન હોત તો શિવાજીએ કદાચ સુરત પર ભગવો ઝંડો ફરકાવ્યો હોત અને મને બંદી બનાવીને શિવાજી સમક્ષ ખડો કરવામાં આવ્યો હોત. ધન્ય છે મણિગૌરી ! જેણીએ મારા પર અને સુરત રાજ્ય પર ઉપકાર કર્યો છે. અને અનેક લોકોને મોતના મુખમાંથી ઉગારી લીધા છે. અને લૂંટાતા બચાવી લીધા છે. ખેર ! જે બનવાનું હતું બની ગયું. અફસોસ કરવાથી કે આમ બેહાલ બનીને બેસી રહેવાથી કશું વળશે નહિ. અત્યારે રૈયતને આપણે આશ્વાસન આપવાનું છે. લૂંટાયેલા બરબાદ થયેલા લોકોને ફરીથી આબાદ કરવાના છે. બેઘર બનેલા લોકોને સહાય કરવાના કામમાં લાગવાનું છે. લૂંટાયેલા લોકોને મદદ કરીને પગભર કરવાના છે. આવા સમયે તમે આમ બેહાલ બનીને બેસી રહેશો તો રૈયતનું શું થશે ? રાજ્યના કેવા હાલ થશે ?? ઊઠો, સ્વસ્થ થાઓ. અને સૌપ્રથમ તમે તમારા ભાઈ સૂરલાલને આશ્વાસન આપો. અને રૈયતમાં ફરીને સૌને સાંત્વન આપો. મદદ કરવા જેવા લોકોને મદદ કરવા રાજ્યની તિજોરીઓ ખોલી નાંખો. રાજ્યની તિજોરીમાંથી પૂરું ન પડે તો આપણી મહેલની બધી મિલકત આજે રૈયતને આપી દેતાં અચકાશો નહિ. છતાંય પૂરું ન પડે તો જે જે શાહુકારોનું ધન લૂંટાતું બચી ગયું હોય તેની પાસેથી રાજ્યને ખાતે ઉધાર લઈને પણ રૈયતનાં સુખ-દુઃખમાં ભાગીદાર બનો. આ બાજુ હું પણ નવસારીના દેસાઈઓ અને માંડવીના ઠાકોર જે આપણા મિત્ર બનીને મદદે આવ્યા તેમની સરભરા કરું છું. માંડવીના ઠાકોરને જે ગેરસમજ થઈ છે તેને



ઉકેલવી પડશે. નવસારીના દેસાઈઓને જે તકલીફ પડી છે તેની માફી માંગીને તેમને દિલાસો આપવાનો છે.''

મોતીબેગમ નવાબનો દુઃખી ચહેરો છતાંય સુરત શહેરની પ્રજા તરફનો પ્રેમ જોઈ સ્વસ્થ થયાં. મોતીબેગમને આજે નવાબ તરફ પ્રેમની લાગણી થઈ આવી. કારણ કે નવાબને આજ સુરતની લૂંટાયેલી, કચડાયેલી પ્રજા તરફની પોતાની ફરજનું ભાન થયું હતું. અને એ ફરજ બજાવવા નવાબ આજે આતુર હતા. મોતીબેગમને લાગ્યું કે નવાબની વાત સાચી છે. સૂરલાલ તેનો ભાઈ રાજ્યનો ગદ્દાર હોવા છતાંય તેનો મા જણ્યો ભાઈ છે. તેને મણિભાભીના વિયોગ માટે આશ્વાસન આપવું જ જોઈએ. પ્રજા જે નિર્દોષ હોવા છતાંય રાજ્યની અવ્યવસ્થાના કારણે લૂંટાઈ અને મરાઈ છે તેને મદદ મળવી જ જોઈએ. આશ્વાસન મળવું જ જોઈએ. પ્રજા દુઃખમાં પણ રાજ્યકર્તાઓ તેની પડખે છે એ જાણીને પોતાનું દુઃખ હળવું અનુભવે છે. માટે પ્રજાનું ખમીર અને હિંમત જાળવી રાખવા માટે પ્રજા પાસે જવું જરૂરી છે. બીજી બાજુ નવાબ દેસાઈઓ





અને ઠાકોરનો સદ્ભાવના અને મદદ કરવા માટે આભાર માને તે પણ અગત્યનું છે.

મોતીબેગમે નવાબની વાત માની લીધી. અને તૈયાર થઈ ગઈ. છતાંય હજુ દુઃખ તેના ચહેરા પરથી વિલાયું નહોતું. મોતીબેગમે નવાબ તરફ જોઈને કહ્યું. ‘‘ખાવિંદ ! આપની આજ્ઞા છે તો હું જરૂર ભાઈ સૂરલાલ પાસે સાંત્વન આપવા જાઉં છું અને રૈયતમાં પણ ફરીને સૌને સાંત્વન આપું છું. આપ આપના કામ માટે સિધાવો. પણ...મણિભાભીની યાદ આવતાં જ મારું હૃદય અત્યંત કલ્પાંત કરે છે. મને તેના કરતાં વિશેષ પ્રિય પાત્ર આપ જ હતા. પણ શું તેનો કોઈ બચાવ કરી શક્યું નહિ ? મારા નાથ ! એ પાપી ચંડાળો આ નગરને સર્વ રીતે લૂંટી ગયા હોત તોપણ મને દુઃખ ન થાત જેટલું દુઃખ મણિગૌરીના મૃત્યુથી થયું છે.’’

આટલું કહેતાં કહેતાં મોતીબેગમની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. પરંતુ નવાબે નજીક આવીને મોતીબેગમના ખભા પર સાંત્વન આપતા હાથ મૂક્યો. મોતીબેગમ એથી સ્વસ્થ બની અને કારાગાર તરફ જવાની તૈયારી કરી. નવાબ પણ મહેલમાંથી બહાર નીકળ્યા અને રાજ્યના સભાખંડ તરફ ડગલાં માંડ્યાં.



## ૧૦

વરિયાવી દરવાજે માંડવીના ઠાકોરનું લશ્કર પડાવ નાંખીને પડ્યું હતું. શિવાજીના લશ્કરે તેના પર શહેરના કાંગારાઓ પરથી ફૂંકેલા અગ્નિગોળાઓની કળ હજુ તેમને વળી નહોતી. હવે નવાબ ખાસ ચાર-પાંચ વિશ્વાસુ માણસોને સરદાર નવરોઝ સાથે મોકલીને માંડવીના ઠાકોરને કહેવડાવ્યું હતું કે, શિવાજી હવે ખરેખર ભાગી છૂટ્યો છે. ગેરસમજના કારણે ઠાકોરોને જે તકલીફ અને જાનહાની વેઠવી પડી તે બદલ નવાબે માફી માંગી હતી. જેનાથી ઠાકોરો ઠંડા પડ્યા હતા. અને વરિયાવી દરવાજે તેના સૈનિકોએ પડાવ નાંખ્યો હતો. ખાવાપીવાની સામગ્રી લશ્કરને સુરત શહેરમાંથી મોકલવામાં આવી હતી. ભૂખ અને થાકના કારણે ઠાકોરો અકળાઈ રહ્યા હતા. તે હવે ખાવાનું આવી પહોંચતાં જ ઠંડા પડ્યા. સૈનિકો આરામથી ગડમથલમાં પડ્યા. સિપાહસાલારો ઠાકોર સાથે રહીને સુરતના નવાબના પ્રતિનિધિ સરદાર નવરોઝ સાથે સંતલસ કરવા અને સુરત શહેરની પરિસ્થિતિ જાણવા આતુર હતા. બીજી બાજુ નવસારી દરવાજેથી દેસાઈઓનું સૈન્ય શહેરની લગોલગ આવી ગયું હતું. અને લશ્કરનો અમુક ભાગ તો શિવાજીની પાછળ પડીને મરાઠાઓને નસાડી મૂકવા ગયો હતો. એથી બાકીનું થોડું સૈન્ય હોઈ તેને શહેરમાં લાવીને બંદર પરનાં મોટાં મોટાં ગોડાઉનોમાં

ઉતારો આપવામાં આવ્યો.

સાંજે નવાબ ગ્યાસુદ્દીન રૂમીના શાહી દરબાર ખંડમાં માંડવીના ઠાકોર અને તેના ખાસ સિપાહસાલારો તથા નવસારીના દેસાઈઓનું ઇજ્જતભેર દરબારમાં આગમન થાય અને તેઓનું માનભેર સ્વાગત થાય તેની તૈયારીઓ ચાલી રહી હતી.

નવાબ બંને મિત્રોનું બહુમાન કરવાના હતા કારણ કે યુદ્ધ સમયે ભીડ પડ્યે બંને મિત્રો મદદ માટે આવી પહોંચ્યા હતા. અને એમાંય તેઓની બેઇજ્જતી થાય એવો પ્રસંગ નવાબની ભૂલના કારણે બની ગયો હોઈ નવાબ તેઓની માફી માંગીને તેઓનું ખૂબ ધૂમધામથી વાજતેગાજતે બહુમાન કરવાના હતા. એની સર્વ તૈયારીઓથી વાતાવરણ ધમધમી ઊઠ્યું હતું.

નવાબના સભાખંડમાં સુરત આખું જાણે આવીને એકઠું થયું છે.

સભાખંડ ખીચોખીચ ભરાઈ ગયો છે. તલભાર પણ ખાલી જગ્યા રહી નથી. મુખ્યાસન પર નવાબ ગ્યાસુદ્દીન રૂમી બિરાજમાન છે. તેઓ જે આસન પર બિરાજેલા છે તેના ચાર પાયા નક્કર ચાંદીના બનાવેલા છે. અને તેના પર એટલું સુંદર નકશી કામ કરવામાં આવ્યું છે કે તે ચારેય પાયા, પાયા નહિ પણ જૂનાગઢના કેશરી સિંહના પગ જેવા દેખાઈ રહ્યા હતા. ફરક માત્ર એટલો કે તેનો સફેદ ચાંદીનો રંગ તેના નકશી કામની ચાડી ખાઈ રહ્યો હતો. અન્યથા જોનાર એમ જ કહી દે કે નવાબ ગયાસુદ્દીન રૂમી સિંહાસન પર નહિ, કિન્તુ સિંહ પર બિરાજમાન થયેલા છે. કારણ કે એ સિંહાસનનો બાકીનો ઉપરનો ભાગ સોનેરી રંગથી



ઝળાંહળાં થતો હતો. એ કાંઈ રંગની કરામત ન હતી. પરંતુ તેના પર શુદ્ધ સોનાનાં પતરાં જડેલાં હતાં. જેના કારણે ઉપરનો ભાગ સિંહના શરીર જેવો દેખાતો હતો. અને ચારેય પાયા સિંહના પગ જેવા જ આબેહૂબ દેખાઈ રહ્યા હતા. પણ એ પાયા ચાંદીના હોઈ સફેદ રંગના ઝગારાઓ સ્પષ્ટ કરી દેતા હતા કે નવાબ સિંહ પર નહિ પણ સિંહ જેવા સ્વરૂપે બનેલા સિંહાસન પર બિરાજેલા છે.

નવાબની જમણી બાજુની સોનાનાં અને ચાંદીના પતરાં જડેલી ખુરશીઓ પર માંડવીના ઠાકોર અને તેમના ખાસ ખાસ પાંચ-સાત શૂરવીરો બેઠા હતા.

નવાબની બાજુમાં જ ડાબા હાથે નવસારીના દેસાઈ મૂછે વળ દેતા બેઠા હતા. તેમની બાજુમાં પણ તેમના થોડાક સરદારો અને ભાયાતો બેઠા હતા. દેસાઈના ચહેરા પરની ચમક શિવાજીનો પીછો પકડી, કેટલાક સૈનિકોને સ્વધામ પહોંચાડી અને શિવાજી લૂંટારાને ખરેખર તગેડી મૂકી આવવાની જીતના કારણે હતી. નવાબ પણ દેસાઈના હસતા ચહેરાને જોઈને હસુ હસુ થઈ રહ્યા હતા. નવાબની સામે ઠાકોરોની હરોળમાં સુરત શહેરનાં સાજન-માજન અને ખાસ ખાસ સલાહકારો પોતપોતાનાં આસન પર બેસી ગયા હતા. ડાબા હાથની હરોળમાં આગળના ભાગમાં વાલંદાની કોઠીનો ઉપરી જોન્સ પોતાની છટાદાર વેશભૂષામાં આવીને બિરાજમાન થયા હતા. જોન્સને નવાબે ખાસ નિમંત્રણ મોકલીને તેડાવ્યા હતા. અંગ્રેજની કોઠીનો વડો અને બસરાથી આવીને સુરતમાં વ્યાપાર વ્યવસાય કરતો મુસ્લિમ વેપારી પણ હરોળની આગલી બેઠક

પર બેસી ગયા હતા.

એ સર્વ બેઠકોની પાછળ પાછળ છેક છેડા સુધી કેટલાક નાગરિકો અને ખૂબ જૂજ પ્રમાણમાં નવાબના લશ્કના સિપાહીઓ દેખાઈ રહ્યા હતા. તેઓ સૌ ઊભા હતા અને પોતાની આતુર નજરે નવાબ તરફ મીટ માંડીને આજની સભાની શરૂઆત કઈ રીતે અને કેવી વાતોથી થાય છે તે જાણવા જિજ્ઞાસા સાથે ઊભા હતા.

સભાનું સંચાલન વૃદ્ધ સરદાર નવરોઝ કરી રહ્યા હતા. સરદાર નવરોઝે સર્વપ્રથમ માંડવીના ઠાકોર અને નવસારીના દેસાઈઓનો આભાર સુરત રાજ્યની જનતા અને નવાબ ગ્યાસુદ્દીન રૂમી તરફથી માન્યો. આભારદર્શન વખતે સભાખંડમાં થયેલા તાળીઓના ગડગડાટથી ઠાકોરો અને દેસાઈઓ ખુશી અને આનંદના કારણે પોતાને પડેલ તકલીફ અને થયેલી જાનફેસાની પણ ભૂલી ગયા. તેઓના ચહેરા ચમકી રહ્યા હતા. પરંતુ નયનોમાં આતુરતા હતી એ જાણવાની કે સુરત શહેરમાં શું શું બન્યું ? શિવાજી મરાઠાએ લૂંટ ચલાવીને કેટલું ધન, જર-ઝવેરાત સોનું-ચાંદી લૂંટ્યું ? અને ખાસ તો સૌને એ જાણવું હતું કે, શિવાજીએ સુરત શહેરને લૂંટ્યું શા માટે ? શું શિવાજી બહારવટિયો છે ? લૂંટારો છે ? તેમની ગણના એક સબળ હિન્દુ પ્રશાસક તરીકે થાય છે. તો પછી આ લૂંટનું કારણ શું ? નવાબ સાથે શિવાજીની કોઈ દુશ્મની હતી ? જેના કારણે શિવાજીએ સુરત શહેરને પાયમાલ કરવા આવું પગલું ભર્યું ! આખરે શિવાજીએ લૂંટફાટ આદરી તેનું કોઈ કારણ તો હશે જ ને ?

પરંતુ આ વાતનો જવાબ ન તો નવાબ ગ્યાસુદ્દીન રૂમી



પાસે હતો કે ન તો સુરતની પ્રજા એ વિષે કાંઈ જાણતી હતી.

છતાંય સરદાર નવરોઝે જે કાંઈ કહ્યું એનું મહત્ત્વ ઓછું ન હતું.

નવરોઝે કહ્યું : ‘‘છત્રપતિ શિવાજી લૂંટારો નથી. ફક્ત લૂંટારો નથી એ તો સૌ કોઈ બેધડક કહી શકે છે. કારણ કે આજ સુધી શિવાજીએ કોઈ શહેર કે રાજ્ય લૂંટ્યું હોય તેવું બન્યું જાણમાં નથી. પરંતુ અમારું સુરત શહેર લૂંટવામાં આવ્યું છે એ દીવા જેવી સ્પષ્ટ વાત છે. એના સંદર્ભમાં હું બેચાર કારણો કલ્પી શકું છું. જે ફક્ત હું મારા અનુભવના આધારે કહું છું. એમાં સત્ય શું છે તે હું ખુદ નથી જાણતો. પરંતુ ચોક્કસપણે કહી શકાય તેવું પહેલું કારણ મને એ દેખાય છે કે શિવાજી કદાચ સુરત શહેર પર હિન્દુ ભગવો ઝંડો ફરકાવવા માંગતો હતો. અને એ માટે એણે ખુદાવંદ નવાબસાહેબના સાળા અને રાજ્યના વજીર સૂરલાલને ભ્રષ્ટ કર્યો હતો. સાધ્યો હતો, વજીર સૂરલાલને તેણે એવી લાલચ આપી હતી કે સુરત શહેરમાંથી નવાબશાહી હટાવી તમોને હિન્દુ રાજા તરીકે સ્થાપિત કરાશે. જેની ખંડણી રૂપે કેટલાક રૂપિયા કે બીજી શરતો થઈ હશે તે તો વજીર સૂરલાલ અથવા શિવાજી પોતે જ જાણતો હશે.’’

આટલું સાંભળતાં જ ઠાકોરો અને દેસાઈઓ એકમેક સામે જોવા માંડ્યા. તેમને સમજાયું નહિ કે આ વાત સાચી હશે કે કલ્પિત !? પરંતુ સરદાર નવરોઝની વાત હજુ અધૂરી હતી. એથી વધુ જાણવા તેઓ ઇન્તેજારીપૂર્વક સરદાર નવરોઝ તરફ જોવા માંડ્યા.

સરદાર નવરોઝે વાત આગળ ધપાવી. ''પરંતુ શિવાજી મરાઠો શહેર પર હલ્લો કરે એ પહેલાં જ વજીર સૂરલાલનો ભાંડો ફૂટી જતાં તેમને બંદી બનાવીને કારાગારમાં પૂરવામાં આવ્યા. છતાંય શિવાજી શહેરમાં કેવી રીતે પ્રવેશી શક્યા તે હજુ સમજી શકાયું નથી.''

''શું બીજો કોઈ માનવી પણ શિવાજી સાથે ભળી ગયો હશે ?'' એવી શંકાથી સૌ એકમેક સામે ભયભીત નજરે જોઈ રહ્યા.

''પરંતુ...'' નવરોઝે આગળ ચલાવ્યું. ''કાદવમાં જ કમળ ખીલતાં હોય છે એ કુદરતી ન્યાયને સત્ય સાબિત કરી બતાવ્યો એ જ ગદ્દાર વજીર સૂરલાલની પત્ની મણિગૌરીએ. મણિગૌરીએ જ શહેરની રક્ષા કરવાની પહેલ કરી. શિવાજી સામે પુરુષવેશ સજીને રણમેદાનમાં કૂદી પડી. પતિ ગદ્દાર અને પત્ની રાજ્યની વફાદાર ! વિધિની કેવી કરુણતા છે. દુઃખની વાત એ છે કે દેવી મણિગૌરી પોતાના છેલ્લા શ્વાસ સુધી સુરત શહેરની પ્રજાને બચાવવા માટે લડતી રહી અને પોતાનો જાન આપીને સુરતને બચાવી લેવા પ્રયત્ન કર્યો. મણિગૌરીની શહીદીને સુરત રાજ્ય કદી વિસારી નહિ શકે.''

મણિગૌરીની બહાદુરી, રાજ્ય તરફની ભક્તિ અને પ્રેમ તથા શહીદીની વાત સાંભળી સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. સરદાર નવરોઝ થોડી ક્ષણો થોભીને ફરી બોલ્યા. ''શિવાજી સામે મુકાબલો કરવા સુરત શહેરના નાગરિકોએ કમરકસીને શિવાજીને ખદેડી મૂક્યા. એ સુરત રાજ્યની જનતાની બહાદુરીનું પ્રતીક છે. કણબીઓ,



મુસ્લિમો, પારસીઓ, હિન્દુઓ સૌ હાથ લાગ્યું તે હથિયાર લઈને શિવાજી સામે થયા. અને એ સાબિત કરી બતાવ્યું કે જનતા જ્યારે ખુદ જાગે છે ત્યારે દુશ્મન લાચાર બની જાય છે. દુઃખની વાત એ છે કે ખરે ટાંણે યુદ્ધ સમયે જ લશ્કર બળવો કરીને શાંત બેસી રહ્યું. જેના કારણે જનતા વધુ લૂંટાઈ છે. અન્યથા શિવાજી મરાઠો સુરત શહેરને આમ છડેચોક લૂંટીને જાત એ અસંભવ હતું... !!''

સરદાર નવરોઝની વાત અધ્ધવચ્ચે કાપતાં માંડવીના ઠાકોરે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું. ''તો શું લશ્કરની નિષ્ક્રિયતા છતાંય સુરતની જનતા એકલે હાથે મરાઠા શિવાજી સામે લડી હતી ?''

''હા.'' નવરોઝે ટૂંકો જવાબ આપ્યો.

''આશ્ચર્ય... !'' દેસાઈના મોંમાંથી શબ્દો સરી પડ્યા. વલંદાની કોઠીનો ઉપરી જોન્સ સુરતની પ્રજાની બહાદુરી જોઈ ચૂક્યો હતો. અનુભવી ચૂક્યો હતો. સરદાર નવરોઝની વાતને સમર્થન આપતાં તેણે સુરત શહેરના લોકોની હિંમતને બિરદાવતાં કહ્યું, ''મેં મારી જિંદગીમાં આવા બહાદુર લોકો જોયા નથી. મને આશ્ચર્ય થાય છે કે હિન્દુસ્તાનના લોકો સુરતના લોકો તક આવ્યે દુશ્મન સામે સામી છાતીએ વગર હથિયારે પણ લડવા તૈયાર થઈ જાય છે. કેટલા બહાદુર લોકોની વચ્ચે હું બેઠો છું. એ જોઈને મને ગર્વ થાય છે. પરંતુ દુઃખ એ વાતનું છે કે, લોકો પોતાની જ ભૂલના કારણે શિવાજીના હાથે લૂંટાયા અને મરાયા છે. સુરતના લોકો આટલા બહાદુર અને તાકાતવાન હોવા છતાંય તેમણે માર ખાધો એમાં થોડે અંશે ખુદાવંદ નવાબ સાહેબનો દોષ પણ ખરો જ... !''

આટલું સાંભળતાં જ સભાખંડમાં ગણગણાટ શરૂ થઈ ગયો. નવાબ સાહેબના ચહેરાનો રંગ બદલાવા લાગ્યો. સરદાર નવરોઝ આંખો ફાડીને જોન્સ સામે જોવા લાગ્યો. માંડવીના ઠાકોર અને દેસાઈઓ જોન્સ સામે નવાઈ અને કુતૂહલની દૃષ્ટિએ તાકી રહ્યા. નવાબસાહેબની સામે બેસીને નવાબની વિરુદ્ધ આટલી હદે બોલી જવું એ જોઈને સૌ આશ્ચર્યથી જોન્સ સામે અને ક્યારેક નવાબ સામે જોઈ રહ્યા હતા.

પરંતુ જોન્સ ફક્ત ઊંધું ઘાલીને બોલવા ખાતર બોલી રહ્યો હતો એવું નહોતું. તે જાણતો જ હતો કે નવાબની સામે બેસીને નવાબની ભૂલ કાઢવી કે તેને દોષિત ઠરાવવા એ કેટલું ભયંકર છે. તેમાંય તે તો વિદેશી હતો. એટલે એણે જોઈસમજીને જ બોલવું જોઈએ. શિષ્ટાચાર ખાતર નવાબે તેને સભામાં પધારવા આમંત્રણ આપ્યું. એનો અર્થ એવો નથી કે તે નવાબની સામે જ કાદવ ઉડાડે ! પરંતુ જોન્સ સજાગ હતો. તેણે વાતને વધુ ચગાવતાં કહ્યું, ''નવાબ સાહેબની પહેલી ભૂલ એ હતી કે તેમણે લશ્કરને નિષ્ક્રિય થવા દીધું. અને બીજી ભૂલ એ હતી કે તેમણે આંધળૂકિયાં કરીને, પોતાની આજુબાજુના દરેક માનવીઓ પર વિશ્વાસ મૂક્યો. દરેક રાજ્યકર્તાએ પોતાના દૂરના કરતાંય નજીકના મિત્રોથી સાવધ રહેવું જોઈએ. એ સિદ્ધાંત તૂટતાં જ વજીર સૂરલાલ જે તેમનો પોતાનો સાળો હોવા છતાં ફૂટી ગયો અને સુરતની બેહાલી તેણે નોતરી લીધી. જોકે સૂરલાલ પકડાઈ ગયો. નહિતર નવાબસાહેબનું શું થાત તે તો ઉપરવાળો જ જાણે. અને તેમની ત્રીજી ભૂલ એ હતી કે, તેમણે લશ્કરને નિષ્ક્રિય થવા દીધું. લશ્કર



તો રાજ્યનો જમણો હાથ કહેવાય. એ નિષ્ક્રિય બને તો રાજ્ય અપંગ બની જાય. અને અપંગ કોઈ મુકાબલો કરી શકે નહિ. એ વાત દીવા જેવી સ્પષ્ટ છે.'' જોન્સ બોલતો રહ્યો. સૌને હવે સમજાવા લાગ્યું કે જોન્સ વિરોધ કરવા, કે નવાબને ખોટી રીતે દોષ આપવા બોલતો નથી. પરંતુ તે સત્ય હકીકત સાચાં કારણો શોધી શોધીને બતાવી રહ્યો છે. આજે જ્યારે સૌ સુરતની શિવાજીના હાથે થયેલી બેહાલીનું કારણ જાણવા બેઠા છે ત્યારે જોન્સે કહેલી વાતમાં કંઈ દમ છે, વજન છે. એટલે તેમને બોલવા દેવામાં કોઈને ચિંતા કે ક્ષોભ થયો નહિ. ખુદ નવાબ પણ મૂંગો પૂતળાની જેમ સાંભળી રહ્યો હતો. કારણ કે તે જાણતો હતો કે જોન્સ સાચું કહી રહ્યો છે.

જોન્સે વાતને હવે નવો વળાંક આપતાં કહ્યું. ''મેં ઘણી લડાઈઓ જોઈ છે. સાંભળી છે. લડાઈ નિયમ મુજબ લડાય તો જ જીત થાય. લશ્કર, સિપાહીઓ, ક્વાયતી અને કેળવાયેલા હોય તો લડાઈમાં નુકસાન ઓછું થાય. જાનફેસાની ઓછી થાય, અને મુકાબલો સબળ રીતે કરી શકાય. સુરતનું નાગરિક સૈન્ય તદ્દન અણઘડ, હથિયાર વિહોણું અને લગામ વગરનું હતું. છતાંય બહાદુરીથી તે લડ્યું. હું તો એટલું પણ કહી શકું છું કે, ખુદ શિવાજીના લશ્કરમાંય શિસ્ત, કેળવણી દોરવણી વગેરેનો અભાવ હતો અને એવા બિન કેળવાયેલા લશ્કરને તો ઘડીના છઠ્ઠા ભાગમાં ભગાડી શકાય. પણ સામે આપણું લશ્કર પણ તદ્દન બિન કેળવાયેલું હતું એથી શિવાજી આટલી લૂંટ ચલાવી ગયો.


પશ્ચિમી દેશોનો કોઈ સેના નાયક આવી ટુકડીનું નાયક પદ

સ્વીકારવાની ના પાડી દે એવી શિવાજીના સૈનિકોની ટુકડી હતી. જેને અમે ક્વાયતી સૈન્ય કહીએ છીએ તેવા સરદારોનું લશ્કર ઘણી રીતે કેળવાયેલું અને યુદ્ધનું અનુભવી હોય છે. જેણે જિંદગી યુદ્ધ કૌશલમાં કાઢી હોય તેવી જ વ્યક્તિ 'સરદાર' બની શકે.

અને આવા અનુભવી સરદાર દરેક ડીલ (વલણ) સારી રીતે જાણે છે અને શક્તિમાન અને સારા 'કમાન્ડરો' અર્જુન અને દ્રોણાચાર્ય જેવી વ્યૂહરચના ગોઠવી શકે છે...'' જોન્સની લશ્કરી તાલીમ બાબતની વાત અને અર્જુન અને દ્રોણના દાખલા સૌને ગમ્યા. એથી સભામાં શાંતિ હતી અને સૌ જોન્સની વાત ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા. જોન્સે આગળ કહ્યું, સામા પક્ષની વ્યૂહરચના જાણીને તે પ્રમાણે નેપોલિયન અને વોશિંગ્ટનની યુદ્ધ કળા પ્રમાણે વર્તવું જોઈએ. લડાઈમાં એક ક્ષણમાં વ્યૂહ બદલવો પડે અને સરદાર કઈ રીતે વ્યૂહ બદલે છે તે આખા સૈન્યના સૈનિકોની જાણ માટે એક વાવટાવાળો માણસ રાખ્યો હોય છે. જે પળે પળે વાવટા દ્વારા સૈન્યને સંકેત આપતો રહે છે. લડનાર દરેક સૈનિકની નજર તે વાવટા પર સતત રહેવી જોઈએ. જેથી સેનાપતિ કઈ રીતે વ્યૂહ બદલે છે અને આગળ-પાછળ શું બની રહ્યું છે તે સૌને સમજાતું રહે છે જેના કારણે અચાનક કંઈ બનતું નથી. અચાનક સામા પક્ષેથી હુમલો થતો નથી. અને એ રીતે બચાવ કરતા રહેવાય છે અને સંકડાશમાં આવી પડાતું નથી.

બીજી બાજુ નગારાં અને રણશિંગાવાળાએ પોતાના સૂરો દ્વારા જે સૂર સાંકેતિક હોવા જોઈએ એવા સૂર દ્વારા આગળ વધવું (Advance) 'હઠવું' (Relly) 'આશ્રય લેવો' (Retreat)





ભરાવું કે હરોળ બદલવી (Charge) એ કમાન્ડરના હુકમ મુજબ થતું રહે છે. જેનાથી સિપાહીઓને સરળતા રહે છે. સતત વાવટા પર સંકેત આપવા એક કમાન્ડરની ચતુરાઈ અને હોશિયારી પર નિર્ભર રહે છે. ઉપરાંત પાંચ-પાંચ કે છ-છની હરોળ બાંધવી જોઈએ જેથી આગળપાછળ હરીફરી શકાય. ડાબી, જમણી, પૂંઠ કે આગળ વધવા પાછા વળવામાં તકલીફ ન થાય. આમ આ સંકેતો જરૂરી બને છે. જે શિવાજીના સૈન્યમાં પણ નહોતા. બસ જોરમાં આવીને લડવું અને મરવું અથવા મારવું. એ જ એનો હેતુ હતો. આપણું સૈન્ય તો સૈન્ય જ નહોતું. 'ટોળું' હતું. અને ટોળું જે કરી શકે તેનાથી ઘણું વધારે સારું કામ ટોળાએ કર્યું. એ જોઈને મને આનંદ થાય છે. હું સુરતના નાગરિકોની બહાદુરી જોઈને ખૂબ જ પ્રભાવિત થયો છું. તેમને હું અભિનંદન આપું છું. '' જોન્સે એનું ભાષણ પૂરું કર્યું.

જોન્સના ભાષણમાં સત્યનો રણકો હતો. અનુભવની ઝલક હતી. અને ખામીઓ જાણવાની-ઉકેલવાની દૃષ્ટિ હતી. એ જોઈને નવાબ પ્રભાવિત થયા.

સભાનું કાર્ય ઘણું મોડે સુધી ચાલતું રહ્યું. જનતાએ પોતપોતાની આપવીતી, પડેલી તકલીફો અને શિવાજીના સૈન્યે જેમનાં કોઈ સગાંસંબંધી વગેરેને મોતને ઘાટ ઉતાર્યા હતા, લૂંટ્યા હતા તેનું વર્ણન રડતાં, કકળતાં કર્યું. નાગરિક સૈન્યમાંના કેટલાક લોકોએ પોતાની અને બીજાઓની બહાદુરીનું વર્ણન કર્યું. ઘડીમાં સભામાં દુ:ખ અને ગમગીની તો ઘડીકમાં હાસ્ય અને પોરસનું વાતાવરણ બની જતું હતું. થોડી થોડીવારે બદલાતા વિષયો અને વાતાવરણમાં નવાબે જનતાને ખાતરી આપવાથી માંડીને સહાય આપવાનો હુકમ કરવા માંડ્યો. વ્યાપરધંધાથી જેઓ રખડી પડ્યા હતા તેઓને વ્યાપાર-ધંધા માટે ખાવા-પીવાનું જેઓ પાસે રહ્યું ન હતું તેમને રાજ્ય તરફથી કપડાં-લત્તાં, અનાજ વગેરેની સહાય થવા લાગી. સૌના ઘા આ રીતે રૂઝાવા લાગ્યા. રડતા ચહેરાઓ સામાન્ય બનવા લાગ્યા. હસતા ચહેરાઓ સહાનુભૂતિ દર્શાવતા સામાન્ય બન્યા. સૌએ પોતપોતાની રીતે શિવાજી તરફથી ઘા ઝીલ્યા હતા. કોઈએ પોતાના ઘરનું કોઈ માણસ ગુમાવ્યું હતું. કોઈએ પોતપોતાના હાથ-પગ ગુમાવ્યા હતા. કોઈએ ધંધા-વેપાર ગુમાવ્યા હતા. સૌનું વર્ણન સૌએ કર્યું અને નવાબે પણ જાણે પોતાની ભૂલ સુધારતો હોય તેમ રાજ્યના ભંડાર પ્રજા માટે ખુલ્લા મૂકી દીધા. સભા બરખાસ્ત થઈ ત્યાં સુધીમાં તો સુરતના લોકોના મગજમાંથી ગઈકાલે શિવાજીએ વર્તાવેલો કાળો કેર ખંખેરાઈને નવી પ્રેરણા આવી ગઈ.



પણ હજુ સૌની જબાન પર શિવાજી અને તેની સુરતની લૂંટની વાતો હતી જ. સુરતને ચોકે-ચૌટે બસ શિવાજીની જ વાતો કરતાં કરતાં લોકો સામાન્ય થવા લાગ્યા.

દુ:ખ આવે છે ત્યારે માનવી ગભરાઈ જાય છે. દુ:ખ રહે છે ત્યાં સુધી માનવી રોતોકકળતો રહે છે. અને દુ:ખ જતું રહેતાં જ માનવી એ દુ:ખને એવો ભૂલી જાય છે કે ફરી તેને ક્યારેય યાદ કરતો નથી. પણ છત્રપતિ શિવાજીની સુરતની લૂંટની ઘટના સુરતવાસીઓ ભૂલી શક્યા નહિ. જોકે અણસાર જણાવા ન દીધો. પણ વાતો તો સૌએ કેટલાક સમય સુધી શિવાજીની જ કર્યા કરી. શું સુરતવાસીઓ શિવાજીએ કરેલી બેહાલીને ક્યારેય ભૂલી શકશે ?



## ૧૧

સુરત શહેરમાંથી અંતિમ લૂંટ ચલાવ્યા પછી શિવાજીએ સલામતી અને પોતાના બચાવ ખાતર વિજાપુર તરફનો માર્ગ લીધો ત્યાં સુધી તેમણે કોઈ ખાસ અસુવિધા અનુભવી ન હતી. ઊલટું સુરત શહેરને સફળતાપૂર્વક લૂંટવાનો આનંદ તેના ચહેરા પર હતો. પરંતુ છેલ્લે છેલ્લે દેસાઈએ તેની પૂંઠ પકડીને કેટલાક સૈનિકોને તલવારથી વાઢી નાંખ્યા હતા તે તલવારના ઘા જાણે કે શિવાજીના કલેજા પર થયા હોય એવું શિવાજી અનુભવી રહ્યા હતા. શિવાજીની જાણે કે કમર દેસાઈઓએ તોડી નાંખી હતી તેવું દુઃખ શિવાજી અનુભવી રહ્યા હતા.

પરંતુ યુદ્ધ કળાના પ્રવીણ શિવાજીએ વખતે ઊભા રહીને દેસાઈઓનો મુકાબલો કરવાનું પાલવે તેમ નથી એ સમજી લીધું અને ચહેરા પર લૂંટની ચમક અને દેસાઈઓના ઘાનું દર્દ લઈને શિવાજી વિજાપુર આવી પહોંચ્યા.

વિજાપુર રાજ્યમાં શિવાજીની સફળતા અને મળી આવેલું કરોડોનું ધન જોઈને ખુશીઓની છોળો ઊડવા લાગી. મરાઠાઓ ગેલમાં આવી ગયા. આટલું અઢળક ધન, સોનું ઝવેરાત વિજાપુર રાજ્યને માલામાલ કરી દેશે એમાં કોઈને કાંઈ શંકા ન હતી.

લશ્કરમાં સફળતાને કારણે સિપાહસાલારો અને સિપાહીઓ આનંદના અતિરેકમાં આવી ગયા અને લશ્કરને વધુ ને વધુ વિશાળ બનાવવા નવી ભરતીઓ શરૂ થઈ ગઈ. સૌને હવે ખાતરી થઈ





ગઈ હતી કે શિવાજી હવે જરૂર એક પછી એક મુસ્લિમોના હાથમાંથી હિન્દુ રાજ્યોને સ્વતંત્ર કરાવશે. એક જીત માનવીને અનેક જીતની આશા આપે છે. પ્રેરણા આપે છે. તેમ મરાઠાઓ નવી નવી યોજનાઓ વિચારવા અને અમલમાં લાવવા લાગ્યા.

પરંતુ શિવાજીનું દર્દ કોણ જાણતું હતું ? શિવાજીએ સુરત લૂંટ્યું. અઢળક ધન મેળવ્યું, પણ ચહેરા પરનું નૂર જાણે કે ગુમાવ્યું હતું. ઉદાસી તેમના ચહેરા પર આવીને બિરાજી હતી.

શિવાજીને પહેલું દુઃખ હતું, સુરત શહેર પર હિન્દુ ભગવો ઝંડો ન ફરકાવી શકવાનું. જોકે એમાં શિવાજીનો દોષ ન હતો. તેની નબળાઈ પણ ન હતી. સૂરલાલ પકડાયો ન હોત તો સુરત પર ભગવો ઝંડો ફરકાવીને જ શિવાજી પાછા આવ્યા હોત.

બીજું દુઃખ હતું દેસાઈઓએ કરેલા પૂઠના ઘાનું. ''આ હિન્દુઓ જ મુસ્લિમોને મદદ કરે છે. ત્યારે જ હિન્દુ ધર્મનાં મૂળ ઊંડાં હોવા છતાંય મુસ્લિમો તેને તીતર-ભીતર કરી શકે છે. હિન્દુઓ સંગઠિત હોય તો હિન્દુસ્તાન પર કોની મગદૂર છે કે આંખ ઊંચી કરીને પણ જોઈ શકે ?''

ત્રીજું દુઃખ શિવાજીને એ હતું કે, સૂરલાલને સુરતનું રાજ્ય સોંપી રાજા નહિ બનાવી શકવાનું અને રમાબાઈનેય સુરતમાં છોડી આવવાનું. જોકે રમાબાઈને શિવાજીએ સૂરલાલને ભેટ આપવા સૂરલાલ સાથે પરણાવવા જ સાથે લીધી હતી. રમાબાઈ મરાઠણ હતી. સૂરલાલ સુરતનો રાજા બને અને રમાબાઈ તેની રાણી બને તો તેનું સંતાન ભવિષ્યમાં સુરતનો વારસદાર જ બને. કારણ કે સૂરલાલ મણિગૌરીથી નિઃસંતાન હતો. રમાબાઈથી સૂરલાલને જે સંતાન થાય તે હિન્દુ પિતા અને મરાઠણ માતાનું સંતાન હોઈ તેના સુરતમાં વારસદાર બનતાં જ ફરી ક્યારેય કોઈ મુસ્લિમ સુરત

શહેર તરફ નજર ઊંચી ન કરી શકે એવી શિવાજીની ધારણા હતી. કારણ કે એ સમયે સુરત શહેરની પ્રજા ઘણે ભાગે હિન્દુ જ હતી. શિવાજીની આ યોજના પણ ફળી ન હતી. એનું દુઃખ શિવાજીને હતું. શિવાજી ઇચ્છતા હતા મુસ્લિમો પાસેથી હિન્દુ રાજ્યો જે મુસ્લિમોએ ઝૂંટવી લીધાં હતાં તે ધીમે ધીમે એક પછી એક ફરીથી હિન્દુ રાજ્યો બનાવવાં. હિન્દુ રાજાઓને પ્રસ્થાપિત કરવા એ જ શિવાજીની નેમ હતી.

શિવાજીએ બહીરજીને બોલાવ્યા. બહીરજી આવ્યા અને નમન કરીને શિવાજી સામે જોયું. શિવાજીનો દુઃખી ચહેરો જોઈને બહીરજીને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : ''મહારાજ ! આપના ચહેરા પર આ ઉદાસી ?''

''બહીરજી !'' શિવાજીએ કહ્યું : ''સુરતથી આવ્યા પછી હું એટલી બેચેની અનુભવી રહ્યો છું કે, નિરાંતે ઊંઘી પણ શકતો નથી. મને ખૂબ અફસોસ થાય છે કે આપણે સૂરલાલને સુરતનો રાજા ન બનાવી શક્યા અને રમાબાઈ સૂરલાલને સુપ્રત ન કરી શક્યા. તમે તો જાણો છો કે રમાબાઈને સૂરલાલ સાથે પરણાવવા જ આપણે રમાબાઈને સુરત લઈ ગયા હતા !''

''તો શું મહારાજ આપ એવું ઇચ્છો છો કે રમાબાઈને સુરતમાંથી શોધીને સૂરલાલ સાથે પરણાવવી જોઈએ. હજુ પણ !?'' બહીરજીએ આશ્ચર્યથી પૂછ્યું. ''હા. બહીરજી.'' શિવાજીએ ઊંડો શ્વાસ લેતાં કહ્યું. ''મારી ઇચ્છા છે કે તમે સુરત જાઓ. રમાબાઈ હજુ સુરતમાં જ હશે. તેને શોધો અને સૂરલાલને નવાબની કેદમાંથી આઝાદ કરાવો અને રમાબાઈનાં લગ્ન સૂરલાલ સાથે કરાવો.''

''આપની એવી ઇચ્છા હોય તો હું સુરત જવા તૈયાર છું. પણ શું મારે એકલાએ જ જવાનું છે કે બીજું કોઈ મારી સાથે



આવશે ?''

''બાવાજીને પણ સાથે લઈ જાઓ. તમારી બંનેની જોડી શરૂઆતથી જ સાથે જાસૂસી કરી રહી છે. તો અત્યારે પણ તમે બંને જાઓ. તમારી જોડી મને ગમી છે. તમે બંને સાથે હો છો તો તે કામમાં અચૂક તમને સફળતા મળે છે.'' શિવાજીએ કહ્યું.

''જેવો આપનો હુકમ.'' બહીરજીએ નમન કર્યું.

''મા ભવાની તમારી સહાય કરે.'' શિવાજીએ આશીર્વાદ આપ્યા. અને બહીરજીએ વિદાય લીધી. શિવાજીને જરા શાંતિ વળી. જઈ રહેલા બહીરજીને શિવાજીએ કહ્યું. ''બહીરજી ! સુરત રવાના થતાં પહેલાં સૂરલાલ માટે મારો એક પત્ર તમે લઈ જજો. બાવાજીને જલદી તૈયાર કરીને આજે સવારે જ તમે નીકળી જજો.''

''જી, મહારાજ !'' બહીરજીએ કહ્યું અને ઉતાવળા પગલે બહાર નીકળ્યા.



## ૧૨

સમયનું ચક્ર અવિરતપણે ફરતું જ રહે છે. સમય કોઈની રાહ જોઈને બેસતો નથી. સમયનાં વહેણની સાથે માનવીનાં દુઃખ-દર્દ, ખુશીઓ-આનંદ, વિચારો-સંજોગો વહી જતાં હોય છે. પલ્ટાઈ જતાં હોય છે. ભુલાઈ જતાં હોય છે.

સુરતના લોકો શિવાજીની લૂંટને ભૂલીને પોતાના ઉદ્યમમાં ફરીથી લાગી ગયા હતા. સુરત ફરીથી ધમધમવા લાગ્યું હતું. તેના વ્યાપારમાં પહેલાં જેવી ગરમી આવી ગઈ. ઉદ્યોગોમાં ફરીથી તેજી આવી ગઈ હતી. સુરતમાં નાણાંની ફરીથી ભરતી આવી હતી. દેશપરદેશમાં મોકલાતા માલનાં નાણાં આવીને સુરતમાં જમા થવા લાગ્યાં હતાં.

બહીરજી અને બાવાજીએ શિવાજીને એક પખવાડિયા પછી આવીને સુરતના સમાચાર કહ્યા. નવાબે સૂરલાલને મણિગૌરીના અવસાન અને તેની રાજ્યભક્તિના કારણે અને તેની બગડેલી તબિયતને લક્ષમાં લઈને તેને કારાવાસમાંથી મુક્ત કર્યો હતો. પરંતુ તેનું વજીરપણું તેની પાસેથી ઝૂંટવી લેવામાં આવ્યું હતું. સુરત શહેરમાં હિન્દુઓની સારી એવી વસતી હતી. અને ઘણા- ખરા નાગરો નવાબ પાસે નોકરી કરતા હોઈ સૂરલાલ પર દયા ખાઈને તેઓએ નવાબને સૂરલાલને છોડી મૂકવા મનાવ્યા હતા. પણ નવાબે એક શરતે તેને છોડવા તૈયારી બતાવી હતી કે સૂરલાલ રાજ્યના વજીર નહિ રહે. સૌએ એમાં નવાબ સાથે સંમતિ દર્શાવી હતી.





ખુદ મોતીબેગમ પણ પોતાના ભાઈની કારાવાસમાં થયેલી બૂરી હાલત અને મણિભાભીના અવસાનથી તેની એકલવાયી જિંદગી પર દયા આવતાં નવાબને મનાવી શક્યાં હતાં. નવાબ મોતીબેગમને નારાજ કરી ન શક્યા હતા. ઉપરાંત મણિગૌરીએ દાખવેલ અદ્‌ભુત શૌર્ય અને બહાદુરીની કદરરૂપે સૂરલાલને કેદમુક્ત કર્યા હતા.

રમાબાઈ સુરત શહેરમાં જ હતી અને ધીરે ધીરે તેણીએ મોતીબેગમ સાથેનો પરિચય ગાઢ બનાવવા માંડ્યો હતો.

સૂરલાલ કેદખાનામાં બીમાર હતો પણ કેદખાનાની બહાર આવતાં જ આઝાદ બનતાં જ તેણે સ્વસ્થતા મેળવવા માંડી. અને થોડા જ દિવસોમાં કેદખાનાની મુક્તિની ખુશી રમાબાઈના સહવાસ અને સેવાના કારણે તેની તબિયત સુધરી ગઈ હતી.

રમાબાઈ સૂરલાલની નજીક રહેવા લાગી હતી. તેને ચાહવા લાગી હતી. જોકે સૂરલાલ હવે વજીર રહ્યો ન હતો. તેથી એવું કોઈ કહી શકે તેમ ન હતું કે તેણી તેના વજીરપણાથી મોહીને તેને ચાહવા લાગી છે. જોકે સુરતના લોકો રમાબાઈને શિવાજીના કારણે ઓળખતા પણ ન હતા. સુરતમાં કોઈને પણ ખબર ન હતી કે રમાબાઈને શિવાજી ઔરંગાબાદ બાજુથી પકડી લાવ્યો હતો અને રમાબાઈ પણ પાછળથી શિવાજીને મદદ કરી રહી હતી. ખુદ મોતીબેગમ પણ રમાબાઈને ઓળખી શકી ન હતી. અને તેને પોતાની સખી માનવા લાગી હતી. અને હવે જ્યારે ધીમે ધીમે લોકો રમાબાઈ અને સૂરલાલના સંબંધની દબાયેલા અવાજે વાતો કરતા હતા ત્યારે મોતીબેગમને પણ એમ લાગતું હતું રમાબાઈ મણિભાભીની જગ્યા લે તો તેમાં કાંઈ વાંધા જેવું નથી. કારણ કે સૂરલાલ મણિગૌરીના અવસાન પછી રમાબાઈના સહવાસમાં જ સુખી દેખાતો હતો.

આખરે સૂરલાલ અને રમાબાઈ એકબીજાની સંમતિથી સંસારના નિયમોમાં જકડાઈ ગયાં. રમાબાઈએ હવે સૂરલાલ પર પોતાનું આધિપત્ય જમાવી લીધું હતું.

બહીરજી અને બાવાજી જ્યારે શિવાજીનો પત્ર લઈને આવ્યા ત્યારે રમાબાઈએ તેઓને કહ્યું હતું કે, ‘‘શિવાજી મહારાજને કહેજો કે, સૂરલાલ હવે સંપૂર્ણપણે શિવાજીના મિત્ર છે અને સમય આવ્યે શિવાજીની મદદથી જ સુરતના હિન્દુ રાજા બનવા પ્રયત્નો કરતા રહેશે. અને અવારનવાર આપને એ જણાવતા રહેશે અને રમાબાઈ પણ શિવાજી મહારાજના સ્વપ્નને સાકાર કરવા જાન આપવો પડે તો આપીનેય એકવાર સુરત શહેર પર ભગવો ઝંડો ફરકાવશે અને સુરતને હિન્દુ રાજ્ય બનાવશે.’’

બહીરજીએ જ્યારે શિવાજીને એ શબ્દો કહ્યા ત્યારે શિવાજીએ સંતોષનો શ્વાસ લીધો અને બોલ્યા. ‘‘અગર દરેક હિન્દુ નર અને નારી આવો સંકલ્પ કરે તો હિન્દુસ્તાન પર મુસ્લિમો રાજ્ય ન કરે. મા ભવાની સૌને સદ્‌બુદ્ધિ આપે.’’

શિવાજીના આ શબ્દો હિન્દુઓની નબળાઈ અને સંગઠનના અભાવની ચાડી ખાતા હતા.

શિવાજીને હવે શાંતિ થઈ. સુરતથી આવ્યા પછી જે એમને બેચેની થઈ રહી હતી તે બહીરજી અને બાવજીના સુરત જઈ આવવાથી અને સુરતના સમાચાર જાણીને દૂર થઈ. રમાબાઈના સૂરલાલ સાથેનાં સંસારની શિવાજીએ સફળતા મનોમન મા ભવાની પાસેથી ઇચ્છી.

બહીરજીએ શિવાજી તરફ જોયું. સુરતના સમાચાર જાણ્યા પછી શિવાજીના ચહેરા પરની ઉદાસી દૂર થઈ હતી. અને શિવાજીના ચહેરા પર ચમક આવવા લાગી હતી. આ રીતે શિવાજીએ પોતાનું



રાજ્ય શક્તિશાળી સિપાહસાલારો અને નિપુણ રાજનીતિજ્ઞોથી ભરપુર કરી લીધું.

*

શિવાજીની સઘળી ચિંતાઓ ટળી ગઈ. તેઓ પોતાના શાસનમાં વધુ ને વધુ પ્રજાલક્ષી કાર્યો કરતા થઈ ગયા. ધનની હવે તેમને કોઈ તકલીફ ન હતી. નવા નવા સિપાહીઓની ભરતી અને શસ્ત્રસરંજામ ખરીદવા માટે તેમની પાસે અઢળક ધન હતું. એ ધનના આધારે તેમની સઘળી ચિંતાઓ દૂર થઈ ગઈ.

સુરતે શિવાજીની મુરત બદલી નાખી. એ સમયે દિલ્હી પર ઔરંગઝેબ બાદશાહનું રાજ ચાલતું હતું. ઔરંગઝેબ બાદશાહ ઘાતકી અને ધર્માંધ શાસક હતો. તે હિંદુઓને મુસ્લિમ ધર્મ અપનાવવા કહેતો અને એ માટે ભયંકર જુલ્મ પણ કરતો. એનો વિરોધ હિંદુઓ કરતા અને હિંદુઓના શાસક મરાઠાવાડના શિવાજી, પંજાબના ગુરુ ગોવિંદસિંહ અને દક્ષિણના અનેક હિન્દુ રાજાઓ ઔરંગઝેબનો વિરોધ કરતા. આથી ઔરંગઝેબની તકલીફોમાં વધારો થતો અને ઔરંગઝેબ હંમેશાં હિન્દુઓ પર વધુ ને વધુ જુલ્મ કરતો રહેતો.

જોકે ઔરંગઝેબ ભીરુ સ્વભાવનો હતો. કારણ કે એણે પોતાના બાપ શાહજહાંને પકડીને કેદ કરી લીધો હતો અને શાસન હસ્તગત કર્યું હતું. પોતાના સગા બાપને જેલમાં પૂરીને એણે મેળવેલું શાસન એને તકલીફ આપતું હતું. એના વિચારોને અનુરૂપ એ સમયે શાસન ન હતું. કારણ કે શાહજહાં તો કવિહૃદય અને કલાના પૂજારી શાસક હતા. જ્યારે ઔરંગઝેબ ધર્માંધ અને જોરજુલ્મ કરનાર શાસક હતો. શાહજહાંએ આગ્રામાં તાજમહાલ બનાવ્યો હતો. જે આજે પણ દુનિયાભરના લોકોને આકર્ષી રહ્યો છે. શાહજહાંએ તાજમહાલ પોતાની વહાલી પત્ની મુમતાઝની યાદગીરીરૂપે નિર્માણ

કરાવ્યો હતો. એની બીજી પત્ની નૂરબેગમ જે ઔરંગઝેબની માતા હતી એણે જ્યારે જોયું કે એના પતિ શાહજહાંએ મુમતાઝ માટે તાજમહાલ બંધાવ્યો છે અને એની તરફ આંખ ઉઠાવીને જોતા પણ નથી ત્યારે તે સ્ત્રીએ શાહજહાં પાસેથી બદલો લેવા માટે અને પોતાના પુત્રને રાજ્ય અપાવવા માટે આ બધો કારસો ગોઠવ્યો હતો અને પોતાના પુત્ર ઔરંગઝેબને પ્રેરણા આપીને તેણે શાહજહાંને કેદ કરાવી દીધો.

શાહજહાંના ચાર પુત્રો દારાશિકોહ, સુજાખાન, મુરાદ અને ઔરંગઝેબ. એમાંથી ઔરંગઝેબ સૌથી નાનો હતો. શાહજહાં વૃદ્ધ થઈ ગયા હતા. આથી ઔરંગઝેબને ભાવતું મળી ગયું અને એના વૃદ્ધત્વનો લાભ લઈ તેને કેદખાનામાં પૂરીને પોતાના ત્રણે ભાઈઓને મોતને ઘાટ ઉતારી દીધા. હવે તેનો રસ્તો સાફ થઈ ગયો. તેનો વિરોધ કરનાર કોઈ રહ્યો નહીં. આથી ઔરંગઝેબે પોતાની માતા નૂરબેગમના સહકારથી જુલ્મી શાસન શરૂ કરી દીધું અને હિંદુસ્તાનની હિન્દુ પ્રજાને જોરજુલ્મ આચરીને તેને મુસ્લિમ બનાવવાનો પ્રયત્ન શરૂ કરી દીધો. તે એટલો ધર્માંધ હતો કે તેની ઇચ્છા એવી હતી કે આખું હિન્દુસ્તાન મુસ્લિમ બની જાય. પરંતુ તે શક્ય ન હતું.

જોકે બાળપણમાં ઔરંગઝેબ બહાદુર હતો અને નાની ઉંમરે જ તે હિંદુસ્તાનનો શાસક બન્યો એ પહેલાં એને એક લડાઈ લડવાની તક મળેલી. કંધારના ઉઝબેક લોકોનો મુકાબલો કરવા તેને જવું પડેલું.

લાવલશ્કર સહિત તે કંધાર પહોંચી ગયો અને ઉઝબેક લોકો સાથે લડાઈ લડીને તેણે જીત હાંસલ કરેલી. જોકે કહેવાય છે કે ઉઝબેક લોકો એટલા બધા બહાદુર અને લડવૈયા હતા કે



તેને કોઈપણ હરાવી શકતું ન હતું. ઔરંગઝેબ જાણે કે બગાસું ખાતાં પતાસું મળી ગયું એમ ઉઝબેક લોકોને એણે જબ્બે કર્યા. જેના કારણે તે બાળપણથી જ બહાદુરીનું બિરુદ મેળવી શક્યો. જોકે તે પુખ્ત વિચારોનો હતો અને પાકો મુસલમાન હતો. આથી જ તેણે સમગ્ર હિન્દુસ્તાનને મુસ્લિમ ધર્મી બનાવવા પ્રયત્ન કર્યો.

ઉઝબેક લોકો પાસે આધુનિક હથિયારો, તોપો વગેરે હતું. તેઓ બહાદુર પણ હતા. આવા ખોફનાક ઉઝબેક લોકો પર વિજય મેળવવાથી ઔરંગઝેબે પોતાની બહાદુરી દર્શાવી આપી હતી. આથી તે દિલ્હીનો બાદશાહ બનતાંવેંત જ ક્યારેય સુખની નિંદર સૂઈ શક્યો નહીં. એક બાજુ તેને એવો ડર રહેતો કે એના પિતાના મિત્રો અને શુભચિંતકો તેને મરાવી ન નાખે એવી બીક એના મનમાં હંમેશાં રહ્યા કરતી.

બીજી તરફ એણે પોતાના ત્રણ ભાઈઓનું ખૂન કરાવી નાખ્યું હતું. એના ટેકેદારો પણ હુમલો ન કરે એવી સતત બીક ઔરંગઝેબને રહ્યા કરતી હતી. આથી તે ભરઊંઘમાં સૂતો હોય તોય ઝબકીને જાગી જતો. એને ડર રહ્યા કરતો કે લોકો એને મારી નાખશે. એના મગજ પર એવી ગાઢ અસર બેસી ગઈ અને ડર ઘૂસી ગયો કે એને કોઈ મારી નાખશે અથવા કેદ કરી લેશે અને તેની ગાદી છીનવી લેશે. આથી તે આખો દિવસ અને રાત ચિંતા કર્યા કરતો અને એ ચિંતામાં ને ચિંતામાં તેણે ક્યારેય સુખની નિંદર માણી નહોતી.

આવા ડર અને ભયના કારણે તે રાજ્યનું ધ્યાન પણ રાખી શકતો નહોતો અને રાજ્યમાં ઠેર ઠેર બળવો થતો રહેતો અને તે પ્રજાને શાંતિ અને સુખને બદલે દુઃખ અને અશાંતિ જ પ્રાપ્ત થતી હતી. એ દષ્ટિએ જોવા જઈએ તો ઔરંગઝેબ શાસન ચલાવવામાં

લાયક સાબિત થયો નહોતો.

બીજું એની ધર્માંધતા પણ એને નડતી હતી. તે જબરદસ્તી સૌને મુસલમાન બનાવવા લાગ્યો હતો અને ધર્મપરિવર્તન નહીં કરનારને તે મરાવી નાખતો હતો, આથી પણ પ્રજા તેને ચાહતી ન હતી અને તેનાથી તંગ આવી ગઈ હતી. પરંતુ ઔરંગઝેબ જિદ્દી સ્વભાવનો હોવાથી તેને પ્રજાની ચિંતા ન હતી અને પોતાની જિદ્દને પૂર્ણ કરવા માટે તે હંમેશાં લડાઈઓ લડતો રહેતો હતો. જોકે તે સાદગીથી રહેતો. તે શરાબ પણ પીતો હતો અને સમયસર નમાઝ પણ અદા કરતો હતો. આથી જ કદાચ તે લાંબો સમય શાસન ચલાવી શક્યો.

આખરે ઈ.સ. ૧૭૦૭માં દક્ષિણનાં રાજ્યોનો બળવો દબાવી દેવા માટે લાવલશ્કર સહિત તે ગયેલો અને ત્યાં તેનું મૃત્યુ થયું અને એના મૃત્યુથી સૌએ રાહતનો દમ લીધો અને શાંતિ અનુભવી. એ સમયે ઔરંગઝેબની ઉંમર ૮૯ વર્ષની હતી.

આ રીતે હિન્દુસ્તાન પરથી ઔરંગઝેબના મૃત્યુથી મુસ્લિમ શાસનનો અંત આવી ગયો. જોકે ઔરંગઝેબ પછી તેનો પુત્ર મોઅજ્જમ ખાન ગાદીએ આવ્યો જેણે શાસન સંભાળતાં જ પોતાનું નામ બહાદુરશાહ અપનાવ્યું અને પાછળથી તે કવિહૃદયનો માનવી હોવાથી અને સુંદર રચનાઓ રચતો હોવાથી બહાદુરશાહ ઝફર નામથી મશહૂર કવિ તરીકે જાણીતો થયો. અને અંગ્રેજોનો વિરોધ કરતાં કરતાં તેનું કેદખાનામાં મૃત્યુ થયું. અને હિંદુસ્તાન પરથી મુસ્લિમ વાવટો સંકેલાઈ ગયો અને અંગ્રેજોનું શાસન શરૂ થયું.

## ૧૩

શિવાજી પૂના આવ્યા.

એક વખતની વાત છે. સાંજનો સમય છે. વાળુ-પાણી કરી સૌ નિરાંતે બેઠાં છે.

શિવાજી કહે : 'દેવમંદિરો અને ગૌમાતાઓ પર ધોળે દિવસે મુસલમાનો અત્યાચાર કરે છે તે સહન કરવું એ સાચા કર્મવીરનું ભૂષણ નથી.'

દાદાજી કહે : 'ખરી વાત છે.

શિવાજી કહે : 'આવા સમયમાં ધર્મનું રક્ષણ કરવા માટે તૈયાર થવું જ જોઈએ.'

દાદાજી કહે : 'સાચી વાત.'

શિવાજી કહે : 'અને મારે મારા પરાક્રમ વડે નવા રાજ્યની સ્થાપના કરવી છે. મારે મુસલમાનોની સત્તામાંથી ભારત દેશને છોડાવવો છે. હું શ્રદ્ધા રાખીને સાહસ કરીશ તો ઈશ્વર મને જરૂર મદદ કરશે.'

શિવાજીના આવા શબ્દો સાંભળી દાદાજી કોંડદેવે નિસાસો મૂક્યો અને શિવાજીના મોં તરફ જોયું.

શિવાજી મહારાજની નજર નીચી હતી. દાદાજીએ કાંઈ જવાબ ન આપ્યો એટલે શિવાજીએ વાત આગળ ચલાવી.

શિવાજી કહે : 'ગુલામીમાં સબડતા ભાઈઓને છૂટા કરવા માટે, દેવમંદિરો અને ગાયોને છોડાવવા માટે હું તનતોડ પ્રયાસ

કરીશ અને તેમાં મારો પ્રાણ જાય તો મારું જીવન ધન્ય છે એમ હું માનીશ.'

શિવાજીએ પોતાની વાત પૂરી કરી અને દાદાજી કોંડદેવનો મત જાણવા તેમના તરફ નજર કરી.

દાદાજી કહે : 'તમારા વિચારો બહુ ઊંચા છે પણ તમે કહ્યું તેમ બનવું બહુ અઘરું છે. મુસલમાન સત્તા જામી ગઈ છે. તેને ઉખેડી નાખવી તે બહુ મુશ્કેલ કામ છે. આપ યુવાન છો પણ જરા ઠરેલ બનીને વિચાર કરો. ઉતાવળ ન કરશો.'

શિવાજીએ દાદાજી કોંડદેવના શબ્દો સાંભળ્યા. શિવાજીએ કાંઈ ઉત્તર ન આપ્યો. માત્ર નીચું જોઈને બેસી રહ્યા.

દાદાજી કહે : 'શિવાજી ! આપને કડવું લાગે તો માફ કરશો, પણ આપના હિતની વાત કરવી એ મારો ધર્મ છે એટલે જ આપને શાંતિ રાખવાની સલાહ આપું છું.'

આ સાંભળીને શિવાજી કાંઈ બોલ્યા નહિ. આ ચર્ચા આટલેથી બંધ રાખવી સારી છે એવું શિવાજીને લાગ્યું. એટલે તેઓ વધુ ચર્ચામાં ઊતર્યા નહિ.

થોડા દિવસો પસાર થઈ ગયા. શિવાજીએ પોતાની જાગીરનો આખો પ્રદેશ જોવાનો વિચાર કર્યો અને શિવાજી મહારાષ્ટ્રનો મુલક જોવા નીકળી પડ્યા.

શિવાજી પ્રદેશો જોવા નીકળી પડ્યા. સાથે જાણીતા અનુભવી માણસો લીધા. પોતાની જાગીરના પ્રાંતો જોયા અને આસપાસના બીજા પ્રાંતો પણ જોયા. તેમાંના દરેક સ્થળો અને કિલ્લાઓનો બારીકાઈથી અભ્યાસ કર્યો.

દરેક કિલ્લાઓ ઉપર મુસલમાનોએ કેવો બંદોબસ્ત રાખ્યો છે તેની પણ તપાસ કરાવી લીધી. દરેકે દરેક ગુપ્ત અને વિકટ માર્ગો પણ જોઈ લીધા.



ત્યાંના દેશમુખો સાથે ઓળખાણ કરી લીધી અને તેમની સાથે સંબંધ બાંધ્યો. આમ શિવાજીએ દેશની સ્થિતિનું અવલોકન કરી લીધું. મોગલો અને હિંદુઓની સ્થિતિનો વિચાર પણ કરી લીધો.

પછી શિવાજીએ નક્કી કર્યું કે અત્યારે મોગલો અને મુસલમાનોના તાબામાં સિંહાદ્રિનો પ્રદેશ છે, પરંતુ તેની ઉપર તેઓની જોઈએ તેવી દૃઢ સત્તા નથી. વળી તે પ્રદેશ જો કાયમ મુસલમાનોના તાબામાં રહેશે તો તે પ્રદેશને કાંઈ લાભ થશે નહીં. આ કારણથી તે પ્રાંત સૌપ્રથમ આપણા કબજામાં કરી લેવો જોઈએ.

મોગલ સરકારે આ કિલ્લાઓ ઉપર થોડાક રખેવાળો જ રાખ્યા હતા. શિવાજીએ તે પ્રાંતને જીતી લેવાનું નક્કી કર્યું. આથી તેમણે પૂનાના નૈર્ઋત્ય ખૂણામાં પૂનાથી આશરે વીસેક માઈલ દૂર આવેલા તોરણાના કિલ્લાના અમલદારો સાથે વાતચીત કરવા માટે પોતાના વિશ્વાસુ માણસો યેસાજી કંક, તાનાજી માલુસરે અને બાજી ફણસલકરને મોકલ્યા.

તેઓ તોરણા આવી પહોંચ્યા અને તેમની સાથે વાતચીત શરૂ કરી.

યોસાજી કંક કહે : 'તોરણાનો કિલ્લો અમને સોંપી દો.'

સરદાર કહે : 'એ કિલ્લો એમ ન મળે.'

યેસાજી કહે : 'તમે સીધી રીતે કિલ્લો નહિ આપો તો પછી નાછૂટકે અમારે લડાઈ કરવી પડશે.'

સરદાર કહે : 'તમારાથી થાય તે કરી લેજો.'

આમ વાતચીત કરી તેઓ શિવાજી પાસે આવ્યા અને તેઓએ તે કિલ્લો જીતી લેવા માટે યુક્તિ કરી.

તે વખતે ચોમાસુ ચાલતું હતું. આથી તોરણાનો સરદાર

અને તેના માણસો કિલ્લો છોડીને કિલ્લાની તળેટીમાં રહેવા માટે ચાલ્યા ગયા હતા. તે વખતે શિવાજી અને તેના સરદારો ત્યાં આવી ચડ્યા.

તોરણાનો કિલ્લો લેવામાં લડાઈ કરવી પડી નહિ, તેમજ એક પણ માણસનો ભોગ આપવો પડ્યો નહિ.

શિવાજીએ તોરણાનો કિલ્લો ઈ.સ. ૧૬૩૬માં જીતી લીધો અને તોરણાને દરવાજે સ્વરાજ્યનું તોરણ બાંધ્યું. શિવાજીએ આ કિલ્લો સમારવાનું નક્કી કર્યું. કિલ્લાની દીવાલો ખોદાતી હતી. ખોદતાં ખોદતાં તેમાંથી અઢળક ધન મળી આવ્યું. લગભગ બે લાખ હોનના સિક્કા હતા.

આ ધનમાંથી થોડુંક તેઓએ વિજાપુરના અમલદારોમાં વહેંચી દીધું અને બાકીનું સ્વરાજ્ય સ્થાપવાના કામમાં લીધું.

તોરણા જીત્યું ત્યારે શિવાજીની ઉંમર માત્ર ૧૯ વર્ષની હતી. તોરણા જીત્યા પછી શિવાજીને ઘણો ફાયદો થયો. તેમને મદદ કરવા માટે મોરોત્રંબક પીંગળે, અણાજી દત્તો, નિરાજી પંડિત વગેરે યુવકો આવી મળ્યા. પછી શિવાજીની નજર તોરણાની આજુબાજુના પ્રદેશ ઉપર પડી.

તોરણાના અગ્નિ ખૂણામાં એક ડુંગર છે. એ ડુંગર ઉપર એક કિલ્લો છે. તે જીતવા માટે શિવાજીએ મોરોત્રંબક પીંગળેને મોકલ્યા. તેમણે તે કિલ્લો જીતી લીધો. તેનું નામ રાજગઢ પાડ્યું.

આ વખતે દાદાજી કોંડદેવની ઉંમર ૭૦ વર્ષની હતી. વૃદ્ધાવસ્થા હતી તોપણ દાદાજીને શિવાજીના અહિતની ચિંતાઓ રહ્યા કરતી હતી તો ચિંતા અને ચિતા સમાન છે.

તેને કારણે દાદાજીની તબિયત બગડવા માંડી. તેમને માટે શિવાજીએ દેશપરદેશથી વૈદ્યોને તેડાવ્યા પણ કોઈ દવા તેમને



લાગુ પડી નહિ.

દાદાજીને લાગ્યું કે હવે આ માંદગીમાંથી બચી શકીશ નહિ. આથી તેમણે શિવાજીને પોતાની પાસે બોલાવ્યા અને તેના મોં ઉપર હાથ ફેરવ્યો.

દાદાજી કહે : ‘શિવાજી ! પીડાતી પ્રજા, ગૌ-બ્રાહ્મણ અને હિંદુત્વની રક્ષા માટે તેં જે કામ ઉપાડ્યું છે તેમાં ભગવાન શંકર તને જરૂર યશ આપશે. હું હવે થોડાં જ દિવસનો મહેમાન છું.’

શિવાજીની આંખમાં આંસુ આવી ગયાં.

દાદાજી કહે : ‘શિવાજી ! વિજયનો વાયુ બહુ ઝેરી હોય છે એ તું યાદ રાખજે. ધર્મનું અભિમાન રાખજે. દુશ્મનોથી ડરતો નહિ અને આફતથી હિંમત હારતો નહિ.’

દાદાજી કોંડદેવ થોડા વખતમાં ઈ.સ.૧૬૪૭ના ઑક્ટોબર માસમાં મરણ પામ્યા. આથી બધી જાગીરની વ્યવસ્થાનું કામ શિવાજીને માથે આવી પડ્યું.

શિવાજીએ વિચાર કર્યો કે જો નવી સત્તા સ્થાપવામાં ફળીભૂત થવું હશે તો થોડાક સિદ્ધાંતો અમલમાં મૂકવા પડશે. આથી તેમણે સિદ્ધાંતો ઘડી કાઢ્યા અને તે પ્રમાણે વર્તવાનું શરૂ કરી દીધું.

એક મધ્યરાત્રિએ ત્રણસો માણસોને લઈને શિવાજીએ સૂપા ઉપર ચઢાઈ કરી. શિવાજીએ સૂપા જીતી લીધું. પછી તેમની નજર ચાકણ ઉપર પડી. એ કિલ્લો પૂના આવવા-જવાના માર્ગમાં આવતો હતો. આથી જો ચાકણ પોતાના કબજામાં આવે તો પોતાને ઘણી સગવડ થાય.

ચાકણના કિલ્લા ઉપર ફિરંગોજી નરસાને હવાલદાર તરીકે નીમ્યો હતો. પાછળથી આ ફિરંગોજી સ્વતંત્ર થઈને બેઠો હતો. શિવાજીને લાગ્યું કે સારાસારીથી જો ફિરંગોજી વશ થઈ જાય

## ૧૪

આદિલશાહને લાગ્યું હતું કે શિવાજી હવે કોઈ રીતે હારી શકે તેમ નથી. તેણે સીદી જોહર અને અફઝલખાનને મોટું સૈન્ય લઈને મોકલ્યા હતા પણ તેનું સારું પરિણામ આવ્યું નહિ. અફઝલખાન મરાયો હતો.

આદિલશાહે હવે પોતે લશ્કર લઈ જવાનો વિચાર કર્યો અને કૂચકદમ શરૂ કરી દીધી.

બાદશાહની સવારી કરાડ પ્રાંત ઉપર લઈ જવામાં આવી. કેટલાક પ્રાંતના જમીનદારોએ શિવાજીને ખંડણી ભરવાનું નક્કી કર્યું હતું પણ તેઓ બાદશાહની સવારીની વાત સાંભળીને તેની પાસે ગયા અને તેની આધીનતા સ્વીકારી. તે પછી આદિલશાહે પનાળા જીતી લીધું.

ત્યારપછી આજુબાજુના કિલ્લાઓ તેણે જીતી લીધા.

વર્ષાઋતુની શરૂઆત થવાથી તે પાછો ફર્યો અને કૃષ્ણા નદીના કિનારે ચિમલગા ગામ આગળ છાવણી નાખી. શિવાજીએ વિચાર કર્યો : બાદશાહ આદિલશાહના મોટા સૈન્ય સાથે હમણાં યુદ્ધ કરીશ તો મારા પુષ્કળ સૈનિકો મરણ પામશે અને મારું સૈન્ય ઘણું ઓછું થઈ જશે.

આ વિચારથી શિવાજીએ શાંતિ રાખી. પરંતુ તે કાંઈ સ્વસ્થ બેસી રહ્યા ન હતા. શિવાજીએ રાજાપુર શહેર ઉપર ફરીથી હુમલો કર્યો અને તે જીતી લીધું. તે વખતે રાજાપુરમાં અંગ્રેજોની કોઠીઓ





તો ઠીક. તેથી તેમણે એક માણસ મોકલીને વાટાઘાટ શરૂ કરી.

ફિરંગોજી તરત માની ગયો. આથી શિવાજીએ ચાકણનો કબજો મેળવ્યો અને ફિરંગોજીને જ ત્યાંનો કાયમી કિલ્લેદાર બનાવી તેની વ્યવસ્થા તેને સોંપી દીધી.

ચાકણની આજુબાજુનો વિસ્તાર પણ શિવાજીએ જીતી લીધો અને ફિરંગોજીને તેની દેખભાળ સોંપી.

ત્યારબાદ શિવાજીની આજ્ઞાથી ફિરંગોજીએ શિવનેરીનો કિલ્લો પણ જીતી લીધો અને તેની સંભાળ પણ ફિરંગોજીને સોંપી. પછી શિવાજીની નજર કોંડાણા નામના કિલ્લા ઉપર પડી. આ કિલ્લા ઉપર એક મુસલમાન હવાલદાર હતો. તેની સાથે લડાઈ કરવાથી ફાવી શકાય તેમ ન હતું અને મોગલો સાથે મોટી દુશ્મનાવટ ઊભી થાય તેમ હતું.

આથી શિવાજીએ તેને લાંચ આપવાનો વિચાર કર્યો. શિવાજીએ તેની સાથે વાટાઘાટો ચલાવી. હવાલદાર લાંચને વશ થયો અને શિવાજીએ કોંકણનો કબજો મેળવ્યો. શિવાજીએ તેનું નામ 'સિંહગઢ' પાડ્યું. પુરંદરના કિલ્લાની વ્યવસ્થા નિળો, પિલાજી અને શંકાજી નામના ત્રણ ભાઈઓ કરતા હતા. તે ભાઈઓની વચ્ચે સંપ ન હતો. આથી શિવાજીએ તે કુસંપનો લાભ લીધો. શિવાજીએ તે ત્રણે ભાઈઓને કેદ કરી લીધા અને પુરંદરનો કબજો મેળવ્યો.

ઈ.સ. ૧૬૪૮માં પુરંદરનો નામચીન કિલ્લો શિવાજીના હાથમાં આવ્યો.

હતી તે કોઠીમાં રિવિંગ્ટન અને બીજા અંગ્રેજ વેપારીઓ હતા તે બધાને પકડીને શિવાજીએ કેદ કર્યા.

અંગ્રેજોએ પનાળાના યુદ્ધ વખતે સીદી જોહરને દારૂગોળાની મદદ કરી હતી. આથી શિવાજીએ તેઓને કેદ પકડ્યા હતા. રાજાપુર જીત્યા પછી શિવાજીએ શ્રૃંગારપુર જીતી લીધું. આથી શિવાજીએ વ્યંકાજી પંતને સીદી સામે લડવા મોકલ્યો. બન્ને પક્ષ વચ્ચે ખૂબ ઝપાઝપી થઈ. તેમાં સીદીને હરાવ્યો અને શિવાજીએ દંડરાજપુર અને આસપાસના પ્રાંતો જીતી લીધા.

આદિલશાહને આ વાતની ખબર પડી. આથી બહિલોલખાન અને ઘોરપડેને લશ્કર લઈને શિવાજી સામે લડવા મોકલવાનો આદિલશાહે વિચાર કર્યો. ઘોરપડે લશ્કર લેવા માટે મુધોળ આવ્યો. શિવાજીને આ વાતના સમાચાર મળી ગયા. આથી શિવાજીએ અચાનક તેના ઉપર હુમલો કર્યો અને તેના અસંખ્ય માણસોને કાપી નાખ્યા. તે વખતે આદિલશાહ કર્ણાટકના દુશ્મનો સાથે લડવામાં રોકાયો હતો.

શિવાજીએ આ તકનો લાભ લઈ લીધો. બાદશાહે જે કિલ્લાઓ જીતી લીધા હતા તે બધા શિવાજીએ પાછા મેળવી લીધા.

સાવંતો અવારનવાર આદિલશાહને મદદ કરતા હતા. આથી તેઓને સીધા કરવાનો શિવાજીએ વિચાર કર્યો. શિવાજીએ સાવંતો ઉપર ચડાઈ કરી. આથી સાવંતો ગભરાઈ ગયા.

શિવાજીએ સાવંતોનાં ગામો કુંડાળ, બાંદા વગેરે કબજે કર્યાં.

આથી સાવંતો ફિરંગીઓના પ્રદેશમાં નાસી ગયા. ફિરંગીઓએ સાવંતોને આશ્રય આપ્યો. શિવાજીને આ વાતના સમાચાર મળ્યા એટલે શિવાજીએ ફિરંગીઓને ધમકી આપી. ફિરંગીઓની આંખ ઊઘડી ગઈ. તેઓએ સાવંતોને પાછા કાઢ્યા. હવે સાવંતો માટે



બીજો કોઈ રસ્તો રહ્યો ન હતો. તેથી તેઓ શિવાજીને શરણે આવ્યા.

આ સમાચાર આદિલશાહને મળ્યા. તેથી તે ખૂબ જ દુઃખી થયો. કોંકણ જીતવાની હવે આદિલશાહને આશા રહી નહીં. આથી તેણે શિવાજી સાથે ગુપ્તસંધિ કરી. આ ગુપ્તસંધિમાં તેણે ઠરાવ્યું કે, શિવાજીએ મેળવેલા પ્રાંતો તેની પાસે રહેવા દેવા. આ ઉપરાંત આદિલશાહે બીજા પણ કેટલાક પ્રાંતો આપવા. શિવાજી વિજાપુરના તાબામાં છે એવું માનવું નહીં. વિજાપુરના બાદશાહે દર વર્ષે શિવાજીને સાત લાખ હોન ખંડણી આપવી તથા લડાઈના વખતમાં એકબીજાને મદદ કરવી.

આમ ગુપ્તસંધિ થવાથી લડાઈ બંધ થઈ ગઈ. આદિલશાહે શાહજીને મહારાષ્ટ્ર જવાની અને તેમના પુત્રને મળવા જવાની પરવાનગી આપી. સાથે જણાવ્યું કે તમારો પુત્ર અમારી સાથે મિત્રભાવે વર્તે તેવી ગોઠવણ કરજો.

શાહજી શિવાજીને મળવા રવાના થયા.

વિજાપુરના બાદશાહે શિવાજી સાથે ગુપ્ત સંધિ કરી હતી. તે મુજબ દર વર્ષે ત્રણ લાખ રૂપિયા શિવાજીને ખંડણી તરીકે આપવામાં આવતા હતા. આથી શિવાજીએ વિજાપુરના રાજ્ય ઉપર ચડાઈ કરવાનું બંધ કર્યું હતું.

પણ ઈ.સ.૧૬૭૩માં આદિલશાહ મરણ પામ્યો. તેનો પાંચ વર્ષનો શાહજાદો વિજાપુરની ગાદીએ બેઠો. રાજ્યનો વહીવટ કરવા એક કારભારી નીમવામાં આવ્યો. આ કારભારીએ ગુપ્ત સંધિ રદ કરી. આથી શિવાજી ગુસ્સે ભરાયા અને યુદ્ધ કરવા માટે લશ્કર મોકલ્યું.

પંદર હજાર સૈનિકોને પનાળા જીતવા મોકલ્યા. તેઓએ કિલ્લાનો

ઘેરો ઘાલ્યો. તે વખતે અબ્દુલકરીમ એક મોટી ફોજ લઈને શિવાજી સામે લડવા માટે આવ્યો. બન્ને પક્ષો વચ્ચે ઘનઘોર યુદ્ધ થયું. એમાં અબ્દુલકરીમ જીત્યો. જીતનો આનંદ મેળવવા અને થાક ખાવા માટે તેણે તિકોટામાં છાવણી નાખી. શિવાજીના લશ્કરે આ તકનો લાભ લીધો.

તેઓએ અબ્દુલકરીમના સૈન્ય ઉપર હુમલો કર્યો અને તેના લશ્કરને મારી હરાવ્યું.

શિવાજીએ પનાળાનો કિલ્લો ઈ.સ.૧૬૭૩માં આ પ્રમાણે જીતી લીધો. પછી શિવાજીએ પશ્ચિમ કિનારાનો પ્રદેશ જીતી લેવાનોવિચાર કર્યો. તેણે પોતાનાં વહાણો કારવાર અને અકોલા ઉપર મોકલ્યાં. ત્યાં આગળ શિવાજીના સરદારોએ દેશમુખીઓને બંડ કરવા માટે ઉશ્કેર્યા અને તેઓએ બંડ કર્યું. આથી મુસલમાન થાણેદારો ત્યાંથી નાસી ગયા.

ત્યારપછી તેણે ચંદનવન, પાંડવગઢ, નંદગિરિ, તાટોરા વગેરે કિલ્લાઓ જીતી લીધા. આ બધા કિલ્લાઓમાંથી પણ શિવાજીને પુષ્કળ ધન મળ્યું. આ બધું ધન તેણે રાયગઢ મોકલી આપ્યું. આથી વિજાપુર સરકારને ગુસ્સો આવ્યો. તેણે બહિલોલખાનને પ્રચંડ સૈન્ય આપી મોકલ્યો. તેઓએ પનાળાની આસપાસનો પ્રદેશ જીતી લીધો. શિવાજીને આ સમાચાર મળ્યા. તેમણે તુરત જ પ્રતાપરાવ ગુર્જરને લશ્કર આપી પોતાના કિલ્લાનો સામનો કરવા મોકલી આપ્યો.

પણ પ્રતાપરાવ પનાલાના ઘેરાનો સામનો કરવાને બદલે વિજાપુર લડવા માટે ગયો. આથી વિજાપુરનો બાદશાહ ગભરાયો. તેણે પનાળાથી બહિલોલખાનને પાસે બોલાવી લીધો.

બાદશાહે ફરી પાછો બહિલોલખાનને મોકલ્યો. બહિલોલખાન



સાથે ફરી યુદ્ધ થયું. તેમાં શિવાજીના સૈનિકો જીત્યા. આથી બહિલોલખાન નિરાશ થઈ ગયો અને દિલગીર ચહેરે મહામુસીબતે વિજાપુર જવા માટે રવાના થયો. પણ શિવાજીએ જણાવ્યું કે સંપૂર્ણ પરાભવ કર્યા વિના પાછા આવવું જોઈએ નહીં. આથી હબીબરાવ લશ્કર લઈને બહિલોલખાનની પાછળ પડ્યો. આ સમાચાર મોગલ સરદાર દિલેરખાનને મળતાં તે પોતાનું સૈન્ય લઈને બહિલોલખાનને મદદ કરવા આવ્યો.

આથી હબીબરાવને લાગ્યું કે આ બંને સામે આપણે ફાવી શકીશું નહીં. આથી હબીબરાવ કાનડા તરફ નાસી ગયો.

બહિલોલખાન અને દિલેરખાન તેની પાછળ પડ્યા પણ તેઓ તેને પકડી શક્યા નહિ. આથી તે બંને નિરાશ થઈને પાછા આવ્યા. હબીબરાવે બહિલોલખાનની જાગીરનું પેચ નામનું શહેર લૂંટી લીધું.

આ લૂંટમાં તેને દોઢ લાખ હોન મળ્યા. લૂંટનો માલ લઈને તે પાછો ફર્યો. રસ્તામાં બહિલોલખાને તેને અટકાવ્યો. ત્યાં આગળ બન્ને વચ્ચે યુદ્ધ થયું. તેમાં મુસલમાનો હાર્યા અને નાસી છૂટ્યા.

માર્ચ ૧૬૭૪માં હબીબરાવ પાછો ફર્યો.



## ૧૫

શિવાજીએ એક પછી એક જીતો મેળવવા માંડી. લોહીનું એક ટીપું પણ રેડ્યા વગર શિવાજીએ એક પછી એક એમ અનેક કિલ્લાઓ કબજે કર્યા. જમીનો અને ગામ લીધાં અને તેની વ્યવસ્થા કરી.

ચાકણની નીરા નદી સુધીનો મુલક શિવાજીએ જીતી લીધો. આથી શિવાજી પૈસાની ભારે તંગીમાં આવી પડ્યા. શિવાજી પૈસાની ભારે ચિંતામાં પડ્યા.

શિવાજીનો હેતુ શુદ્ધ હતો. આ સેવા તો પ્રભુની છે. કચડાતી અને પિડાતી પ્રજાનું દુ:ખ દૂર કરવાનું કામ શિવાજીનું છે. માટે ઈશ્વર શિવાજીને જરૂર મદદ કરશે. આ તો શિવાજીનો કસોટીકાળ હતો.

શિવાજીનું ધ્યાન થાણા જિલ્લાના એક ધનવાન શહેર-કલ્યાણ તરફ ખેંચાયું.

એ વખતે અહમદશાહે કલ્યાણનું મહેસૂલ ઉઘરાવ્યું હતું અને એ નાણાં બાદશાહની તિજોરીમાં જમા કરાવવા વિજાપુર રવાના કર્યા.

આ ખજાનો કોંકણમાં વાઈને મારગે જતો હતો. શિવાજી મહારાજે આ ખજાનો લૂંટવાનો વિચાર કર્યો. શિવાજીએ ચુનંદા ઘોડેસવારો પસંદ કર્યા. તેની સરદારી તાનાજી માલુસરે અને યેસાજી કંકને સોંપી દીધી અને લૂંટ કરવા માટે ટુકડી નીકળી





પડી.

પૂનાની પશ્ચિમે બોરઘાટ પાસે ટુકડી આવી પહોંચી. નાણાંથી ભરેલાં ગાડાઓ અને તેનું રક્ષણ કરતાં સિપાઈઓ દૂરથી આવતા દેખાયા. તે વખતે ૧૬૪૮ની સાલ હતી. ધનનાં ગાડાં જેવાં નજીક આવ્યાં કે તરત જ શિવાજીની ટુકડી તેના પર તૂટી પડી. બન્ને પક્ષ વચ્ચે જબરી ઝપાઝપી થઈ.

શિવાજીના દશ-પંદર માણસો મરાયાં અને વીસેક માણસો ઘવાયા. મૌલાનાની ટુકડીમાંથી પણ વીસેક માણસો મરાયા અને સોએક માણસો ઘવાયા.

અંતે મૌલાનાની ટુકડી હારી ગઈ. શિવાજીએ બધું ધન કબજે કરી લીધું. તરત જ તે બધો ખજાનો રાયગઢના કિલ્લામાં મોકલી આપ્યો. ત્યારપછી શિવાજીએ કલ્યાણમાં વિજય દરબાર ભર્યો અને જેણે બહાદુરી બતાવી હતી તેને ઈનામો આપવામાં આવ્યા.

આબાજી સોનદેવ કહે : 'મહારાજ ! આ યુદ્ધમાં આપણને જે કાંઈ ધનસંપત્તિ મળ્યાં છે તે બધું આપને ચરણે ધરેલ છે.'

શિવાજી કહે : 'આબાજી ! મને તમારી ઉપર વિશ્વાસ છે. તમે તેમાંથી કાંઈપણ લઈ લો એવી મને જરાય શંકા નથી.'

આબાજી કહે : 'આપની એ વાત સાચી છે, મહારાજ ! પણ એ લૂંટમાંથી અમને એક અણમોલ રત્ન પ્રાપ્ત થયું છે તે હજુ આપને સોંપ્યું નથી.'

શિવાજી કહે : 'એવું કયું રત્ન છે ?'

આબાજી કહે : 'એ રત્ન આપને લાયક જ છે મહારાજ ! અમે હમણાં જ તેનો કબજો સોંપીએ છીએ.'

આમ કહી તેઓ એક સુંદર પોષાકમાં સજ્જ થયેલી ખૂબ રૂપાળી સ્ત્રીને સભામાં લઈ આવ્યા. તે સ્ત્રી સભામાં આવી.

લજ્જાથી તે નીચું જોતી હતી અને ધીમે પગલે તે નજીક આવી રહી હતી. તે સ્ત્રી બે હાથ જોડી નીચું જોઈ ઊભી રહી.

શિવાજી કહે : 'મારી માતા જીજાબાઈ જો આવાં રૂપાળાં હોત તો તેને પેટે હું જન્મ લઈને જરૂર રૂપાળો થાત.'

શિવાજીના આવા શબ્દો સાંભળી આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. શિવાજી પ્રત્યે લોકોનાં માન અને પ્રેમ વધી ગયાં. શિવાજી કહે : 'આબાજી ! તારી સ્વામીભક્તિ ઉપર હું પ્રસન્ન થયો છું પણ સ્ત્રી એ અબળા છે. તેનું રક્ષણ કરવું તે આપણી ફરજ છે. દરેક પરસ્ત્રીને મા-બહેન ગણી તેની મદદ કરવી જોઈએ.'

આમ શિવાજીએ તે સ્ત્રીને સુંદર વસ્ત્રો અને અલંકાર ભેટ આપ્યાં અને તેના સસરા પાસે બીજાપુર મોકલી આપી.

શિવાજીએ તિજોરી લૂંટી એટલે બાદશાહને શિવાજી સાથે વેર બંધાયું. પરંતુ શિવાજીએ તો યુદ્ધો ચાલુ જ રાખ્યાં હતાં.

ખજાનાની લૂંટ કર્યા પછી પણ ઈ.સ.૧૬૪૮ની સાલમાં કાંગુરી, તુંગ, તિકોના, લુઢગઢ, કુંવારીગઢ, ભોરપ, ધનગઢ, કેળજાગઢ વગેરે કિલ્લાઓ તેમણે કબજે કર્યા.

કલ્યાણ પ્રાંતના ઉત્તર ભાગમાં શિવાજીએ પોતાનો ડેરો જમાવ્યો. શિવાજીના અમલથી ત્યાંની પ્રજા સુખી થઈ. શિવાજીની કીર્તિ મહારાષ્ટ્રમાં ચારે તરફ ફેલાઈ ગઈ. કોંકણની પ્રજા મુસલમાનોના ત્રાસથી કંટાળી ગઈ હતી એટલે તેઓએ શિવાજીને સંદેશો મોકલ્યો કે અમને આ દુ:ખમાંથી છોડાવો.

આથી શિવાજી કોંકણનો મુલક જીતવા જવાની તૈયારી કરવા લાગ્યા. ચુનંદા સૈનિકોનું લશ્કર લઈ શિવાજી ઉપડ્યા અને દક્ષિણ કોંકણ ઉપર ચડાઈ કરી. ત્યાં તેમણે તળા અને ઘોસાણાના કિલ્લા જીતી લીધા. શિવાજીએ ત્યાંના સૂરગઢનો કિલ્લો પણ કબજે કર્યો અને આ કોંકણ ઉપર દેખરેખ રાખવા



માટે તેમણે કોલાબા જિલ્લામાં રોહે તાલુકામાં બિરવાડી ગામ નજીક ઈ.સ.૧૬૪૮માં કિલ્લો બંધાવ્યો.

આ વિજય પ્રાપ્ત કરી શિવાજી પાછા ફરતાં સાવિત્રી નદીને કિનારે આવી ચડ્યા. ત્યાં હરિહરેશ્વરનું દેવસ્થાન છે.

શિવાજી આ મંદિરમાં આવ્યા. ત્યાં તેઓએ સ્નાન કર્યું અને ખૂબ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક હરિહરેશ્વરનાં દર્શન કર્યાં. રસ્તામાં ગોવલકર સાવંતને શિવાજીને મળવાની ઈચ્છા થઈ એટલે તેમણે શિવાજીની મુલાકાત માગી. શિવાજીએ આ માંગણી સ્વીકારી. સાવંત ખૂબ પ્રેમથી મળ્યા.

તે મુલાકાત વખતે એક માણસે કહ્યું : 'સાવંતને ત્યાં એક મૂલ્યવાન તલવાર છે તેનું પાનું બહુ ઊંચા પ્રકારનું છે. તેનું પાણી પણ અજબ છે. એ તલવાર ખૂબ લાભદાયક છે. આપના હાથમાં શોભે તેવી છે.'

શિવાજી કહે : 'કોઈપણ માણસની ચીજ તેની ઈચ્છા વિના માગવાથી વેર ઉત્પન્ન થાય છે.'

સાવંતના સાથીદારોએ સાવંતને વિનંતી કરી. સાવંતે એ વિનંતી માન્ય રાખી અને પોતાની તલવાર શિવાજીને ભેટ ધરી. આવી કિંમતી ભેટ જોઈને શિવાજી ખૂબ રાજી થયા. બદલામાં શિવાજીએ ૩૦૦ હોન અને એક પોષાક સાવંતને અર્પણ કર્યાં.

શિવાજીએ આ તલવારનું નામ 'ભવાની તલવાર' રાખ્યું.

દર દશેરાએ શિવાજી વિધિપૂર્વક આ તલવારની પૂજા કરતા અને હંમેશાં પોતાની પાસે જ રાખતા. આ ભવાની તલવાર કોલ્હાપુરના મહારાજાના કબજા હતા, પરંતુ ઈ.સ.૧૮૫૭માં જ્યારે પ્રિન્સ ઑફ વેલ્સ હિંદુસ્તાન પધાર્યા ત્યારે તેમણે તેમને ભેટ આપી. આજે આ ભવાની તલવાર વિલાયતમાં ઈન્ડિયન મ્યૂઝિયમમાં છે.

## ૧૬

વિજાપુર સરકારના પ્રાંતોમાં શિવાજીએ ભારે ધમાલ મચાવી મૂકી હતી. એક પછી એક કિલ્લાઓ શિવાજી જીતતા જતા હતા. આ બધા સમાચારો બિજાપુરના બાદશાહને મળતા હતા. આથી બાદશાહને ખૂબ ચિંતા થઈ.

બાદશાહે શાહજીને પત્ર લખ્યો. તેમણે લખ્યું કે, ‘તમે અમારા પ્રમાણિક અમીર છો છતાં પણ તમારો પુત્ર પૂનામાં રહીને અમારી વિરુદ્ધ વર્તે છે. તેણે વિશ્વાસઘાત કરીને અમારા કિલ્લાઓ લઈ લીધા છે. આ સારું નથી. તમને આજ્ઞા ફરમાવવામાં આવે છે કે તમારે તમારા પુત્રને કબજામાં રાખી તેને ચેતવણી આપવી જોઈએ.

શાહજીને પત્ર મળ્યો. તેમણે તે પત્ર ખૂબ વિચારપૂર્વક વાંચ્યો અને તરત જવાબ લખી મોકલ્યો : ‘શિવાજી મારો પુત્ર છે, પરંતુ તે મારી આજ્ઞામાં રહેતો નથી. આપ તેની સાથે આપની ઈચ્છા અનુસાર વર્તી શકો છો. મારું એ બાબતમાં કાંઈ ચાલી શકે તેમ નથી.’

આવો ઉત્તર મળવા છતાં બાદશાહને વિશ્વાસ બેઠો નહિ. તેણે ગુપ્ત રીતે મુસ્તફાખાન નામના એક સરદારને મોકલ્યો અને શાહજીને પકડી મંગાવ્યા.

બાદશાહે શાહજીને ધમકી આપી : ‘તમે તમારા પુત્રનું તોફાન અને ઉદ્ધતાઈ બંધ કરાવો.’





શાહજીએ એકનો એક જવાબ આપ્યો : ‘નામવર ! તેની સાથે મારે કાંઈ જ સંબંધ નથી. તે મારા કબજામાં નથી.’

છતાં પણ બાદશાહને વિશ્વાસ આવ્યો નહીં.

બાદશાહે જોરજુલમથી શાહજી પાસે શિવાજી ઉપર પત્ર લખાવ્યો : ‘શિવાજી ! તમે જેમ બને તેમ જલદી વીજાપુર આવો અને જીતેલા કિલ્લાઓ બાદશાહને પાછા સોંપી દો. તમારા આવા વર્તનથી બાદશાહ મારા ઉપર નારાજ થયા છે અને હું ભયમાં આવી પડ્યો છું.’

શિવાજીને આ પત્ર મળ્યો. તેઓ વિચારમાં પડ્યા : ‘મારે લીધે મારા પિતાજી સંકટમાં આવી પડ્યા, હવે શું કરવું ?’

શિવાજીના મોઢા ઉપર ચિંતાનાં વાદળો ઘેરાયેલાં જોઈને પત્ની સઈબાઈએ તેનું કારણ પૂછ્યું.

જવાબમાં શિવાજીએ પિતાનો કાગળ બતાવ્યો. સઈબાઈએ જવાબ આપ્યો : ‘ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખી તમે તમારું કામ આગળ ધપાવો.’

શિવાજીએ ખૂબ વિચાર કર્યો. જીજાબાઈ, બીજા સરદારો અને કારભારીઓની પણ સલાહ લીધી. પછી શિવાજીએ જવાબ લખી મોકલ્યો : ‘હું ત્યાં આવું તેથી મને કંઈ લાભ થવાનો નથી. મેં જે કિલ્લાઓ જીતી લીધા છે તે હું છોડી દેવા ઈચ્છતો નથી. તમારા ભાગ્યમાં જે લખ્યું હશે તે થશે.’

પત્ર મળ્યો કે તરત જ શાહજીએ બાદશાહને બતાવ્યો.

છતાં પણ બાદશાહને સંતોષ થયો નહીં. તેને તો શાહજીનાં જ બધાં કારસ્તાન લાગ્યાં. બાદશાહે શાહજીને શિક્ષા કરવાનું નક્કી કર્યું. બાદશાહે ભીંતમાં પથ્થરનો એક ગોખલો કરાવ્યો અને તેમાં બેસવા જેટલી જગ્યા રાખી અને તેમાં શાહજીને

બેસાડી તે ગોખલો ચણી લીધો. માત્ર ખાઈ શકે તેટલી જગ્યા બાકી રાખી.

બાદશાહ કહે : ‘શાહજી ! અમુક મુદ્દતમાં તમારો પુત્ર મારે શરણે નહીં થાય તો તમને જીવતા ભીંતમાં ચણી લેવામાં આવશે.’

શાહજી કહે : ‘આપને યોગ્ય લાગે તેમ કરો, નામદાર !’

પિતાજી ઉપર આવી પડેલા દુઃખના સમાચાર શિવાજીએ સાંભળ્યા. આ સમાચાર સાંભળીને શિવાજીને ખૂબ દુઃખ થયું. પણ શિવાજીએ નક્કી કર્યું હતું કે ગમે તેવું સંકટ આવે તો પણ આરંભેલું કામ છોડવું નહીં. વળી તરત જ તેમને વિચાર આવ્યો કે જો પિતાનું મરણ થશે તો પિતૃહત્યાનું કારણ થવાશે.

આથી તેમણે એક યુક્તિ કરી. શિવાજીએ શાહજહાંના પુત્ર મુરાદબક્ષને વિનંતી કરી કે મારા પિતાને વિજાપુરના બાદશાહે ભીંતમાં ચણી લીધા છે. તેમને કોઈપણ રીતે છોડાવો તો હું અને મારા પિતા આપની નોકરીમાં રહીશું.

શિવાજીની આ વિનંતીથી મુરાદબક્ષ લલચાયો અને તેની વિનંતીને તરત જ માન આપી વિજાપુર એક ખરીતો મોકલ્યો અને જણાવ્યું કે, ‘શાહજીને કોઈપણ જાતની શિક્ષા કર્યા વિના છોડી દેવા.’ આથી વિજાપુરના બાદશાહે શાહજીને જામીન ઉપર છોડ્યા.

## ૧૭

શિવાજીએ વિજાપુરના બાદશાહને આડકતરી રીતે ખૂબ હેરાન કર્યો. મોગલોને પણ તેમની સામે લડાઈમાં ઉતાર્યા. શિવાજીએ વિજાપુરના બાદશાહના ઘણા કિલ્લાઓ જીતી લીધા હતા. આથી વિજાપુરના બાદશાહને શિવાજી ઉપર ખૂબ વેર હતું. એ વેર વાળવાનો વિચાર તેઓ રાત-દિવસ કરતા હતા.

બાદશાહને લાગ્યું કે, ‘શિવાજી જેવા બળવખોરને જેમ બને તેમ જલદીથી શિક્ષા કરવી જોઈએ. જો તેઓ તરફ બેદરકાર રહીશું તો ભવિષ્યમાં ગંભીર નુકસાન થશે.’

તે વખતે વિજાપુરની સત્તા આદિલશાહ નાનો હોવાથી તેની માતાના હાથમાં હતી. તે ‘બડી બેગમ’ તરીકે ઓળખાતી હતી.

આ બડી બેગમે સૈનિકોને કહ્યું : ‘શિવાજી ખૂબ લૂંટફાટ કરે છે. તેને જીવતો કોણ પકડી લાવશે ?’

સૌને શિવાજીના પરાક્રમની ખબર હતી એટલે કોઈ પણ જવા માટે તૈયાર થયું નહિ. તેની સભામાં અફઝલખાન નામનો એક પઠાણ સરદાર હતો. તે ગુસ્સે થઈને બોલ્યો : ‘મને જો જવાની આજ્ઞા આપો તો ચડ્યે ઘોડે ત્યાં જઈ તેને પકડી લાવીશ અને આપના સિંહાસનના પાયા સાથે તેને જીવતો બાંધીશ.’

અફઝલખાનના આ શબ્દો સાંભળી બડી બેગમ ખુશ થઈ ગઈ અને બાર હજાર ઘોડેસવાર તથા પુષ્કળ પાયદળ સૈનિકો

આપી શિવાજીને પકડી લાવવા મોકલ્યો.

અફઝલખાન કૃષ્ણા નદીના કિનારે આવી પહોંચ્યો. ત્યાંની ભવાની માતાનું મંદિર તેણે તોડી નાખ્યું અને દેવીની મૂર્તિના કટકા કરી નાખ્યા.

ત્યાંથી મુકામ ઉપાડી પંઢરપુર તરફ કૂચ કરી. રસ્તામાં માણકેશ્વરનું મંદિર તોડી નાખ્યું. શિવાજીના ગુપ્તચરોએ તેને અફઝલખાનની સવારીના સમાચાર કહ્યા. શિવાજીને આથી ભારે ચિંતા થઈ.

અફઝલખાન પાસે તો મોટું લશ્કર હતું. તેનો સામનો કેમ કરી કરવો તે એક પ્રશ્ન હતો. અફઝલખાનની સાથે યુદ્ધ કરવું પણ મૈત્રી ન કરવી તેવું તેમણે નક્કી કર્યું અને શિવાજીએ પ્રતાપગઢ જવાની તૈયારી કરી. શિવાજીએ માતા જીજાબાઈને પ્રણામ કર્યા.

જીજાબાઈએ આશીર્વાદ આપ્યા : 'બેટા ! તું જરૂર યુદ્ધમાં જીતવાનો છે. શત્રુ સાથે બહાદુરીપૂર્વક યુદ્ધ કરજે અને મને એક વીરની માતા કહેવડાવજે.'

આશીર્વાદ મેળવી શિવાજી લશ્કર લઈને પ્રતાપગઢ ગયા. અફઝલખાનને આ સમાચાર મળ્યા એટલે તેણે પૂનાનો રસ્તો છોડી વાઈ આગળ પડાવ નાખ્યો. શિવાજીના ગુપ્તચરો ચારેબાજુ ફરતા હતા અને નાની મોટી દરેક જાતની ખબર પહોંચાડતા રહેતા હતા.

શિવાજીએ અફઝલખાનને સમાચાર મોકલાવ્યા કે, 'આપ તો એક બળવાન અને શૂરવીર સરદાર છો. આપની સાથે યુદ્ધ કરવાની મને કદી પણ ઈચ્છા થતી નથી, આપની સાથે સલાહ કરવાની મારી ઈચ્છા છે.'



શિવાજીનો આવો સંદેશો અફઝલખાનને મળ્યો. અફઝલખાન તો ગર્વિષ્ઠ અને દંભી હતો જ. તેણે આ સંદેશો સાચો માની લીધો. તેણે એક વિશ્વાસુ માણસ જોડે જવાબ મોકલ્યો : 'તમારા પિતા અને અમે એક જ છીએ. તેમની સાથે અમારો ભાઈચારો છે. અમારા ઉપર કોઈપણ જાતની શંકા રાખશો નહિ. તમને તમારું રાજ પાછું અપાવીશ. તમે મારી મુલાકાતે આવો.'

શિવાજીએ જવાબમાં જણાવ્યું કે, 'જરૂર મુલાકાતે આવીશ. મને તેમાં કોઈ જાતનો વાંધો નથી.' શિવાજીએ ગોઠવણ કરી કે અફઝલખાનનું ઘણું લશ્કર છાવણી નાખીને રહેવાનું છે એટલે શિવાજીના સરદાર પાલકરે આજુબાજુની ઝાડીમાં પોતાની ટુકડી લઈ સંતાઈ રહેવું. શિવાજી કહે : 'મુલાકાતમાં જ્યારે અફઝલખાનનો પરાજય થશે ત્યારે રણશિંગાં વાગશે. તે વખતે પાલકરની ટુકડી બહાર આવે અને અફઝલખાનના લશ્કર ઉપર તૂટી પડે.' એમ દરેક બૂરજ ઉપર સો સો માણસો પણ ગોઠવી દીધા.

શિવાજીએ અફઝલખાનનો જે માણસ સંદેશો લઈને આવ્યો તેને એકાંતમાં બોલાવ્યો. તેની પાસે ધર્મની વાત કરી અને તેને સારા ઈનામની પણ લાલચ આપી.

માણસે કહ્યું : 'આપ ધર્મનું રક્ષણ કરવા અને સ્વરાજ સ્થાપવા નીકળ્યા છો એટલે આપનાથી મારે કાંઈ છુપાવવાનું રહેતું નથી. ગમે તે રીતે પઠાણ તમોને પકડીને વિજાપુર લઈ જવા માગે છે.'

એમ કહીને માણસ પાછો ચાલ્યો ગયો અને શિવાજીનો સંદેશો અફઝલખાનને જણાવ્યો : 'શિવાજી તમારે શરણે આવવા તૈયાર છે પણ વાઈ સુધી એકલા આવવાની તેનામાં હિંમત નથી. તમે જો જાવળી આવો તો તેને તમારા ઉપર વિશ્વાસ આવે અને તે ત્યાં તમોને મુલાકાત આપે.'





અફઝલખાનને ગળે આ વાત ઊતરી ગઈ. તે જાવળી આવવા તૈયાર થઈ ગયો. શિવાજીએ જાવળીમાં બધી વ્યવસ્થા કરાવી દીધી.

દરેક ટુકડીના નાયકોને સૂચના આપી કે, 'હું ગઢ ઉપરથી નીચે ઊતરવાનું શરૂ કરું કે તરત જ શરણાઈ વાગશે. તે વખતે તમે ધીમે ધીમે આગળ આવજો અને મુલાકાત માટે નક્કી કરેલા સ્થળથી તીર તેટલે દૂર થાણામાં રહેજો.'

આવી જાતની ખાનગી વ્યવસ્થા શિવાજીએ કરી. ગઢની નીચે બૂરજ પાસે ખુલ્લું મેદાન હતું. ત્યાં મુલાકાત માટે એક સુંદર અને ભવ્ય મંડપ બંધાવ્યો. મંડપમાં એક મુખ્ય આસન અને ત્રણ નાનાં આસનો કરાવ્યાં. મુખ્ય આસન ઉપર સુંદર છત જડી અને મોતીનાં ઝુમ્મરો લટકાવ્યાં. પછી શિવાજીએ અફઝલખાનને સંદેશો મોકલ્યો.

અફઝલખાન નક્કી કરેલા દિવસે આવવા નીકળ્યો. અફઝલખાન મંડપ પાસે આવી પહોંચ્યો અને તેણે શિવાજીને સંદેશો મોકલ્યો, 'હું નીચે આવી પહોંચ્યો છું માટે તમે વિના વિલંબે મારી મુલાકાતે આવો.'

અફઝલખાનને તો મુલાકાતની તાલાવેલી લાગી હતી. તેને તો એમ જ હતું કે ક્યારે શિવાજી તેના હાથમાં સપડાય.

અંતે મુલાકાતનો સમય થયો. શરત પ્રમાણે શિવાજી અને અફઝલખાને પોતાની સાથે એક એક સિપાઈ લઈને મુલાકાતે આવવાનું નક્કી કર્યું હતું. તે પ્રમાણે અફઝલખાન એક સિપાઈ લઈને મંડપમાં આવ્યો. શિવાજી મંડપમાં આવવા તૈયાર થયા.

તેમણે સ્નાન કર્યું અને માતા ભવાનીની પૂજા કરી. સહુ વડીલોના આશીર્વાદ મેળવ્યા. પછી શિવાજીએ શરીર ઉપર બખ્તર

પહેર્યું અને તેની ઉપર ઝભ્ભો પહેર્યો. પછી માથા ઉપર લોખંડનો ટોપ મૂકી તેની ઉપર પાઘડી પહેરી. એક હાથની બાંયમાં ખંજર સંતાડ્યું અને બીજા હાથના પંજામાં વાઘનખ પહેર્યા. ફરીથી તેણે માતા ભવાનીને વંદન કર્યાં.

પછી શિવાજી નીચે ઉતર્યા અને મંડપ પાસે આવ્યા. શિવાજીએ મંડપમાં પ્રવેશ કર્યો. જ્યારે શિવાજી નજીક આવી પહોંચ્યા ત્યારે અફઝલખાન ઊભો થઈ ગયો અને શિવાજીને ભેટવા માટે ત્રણેક પગલાં આગળ ગયો. એ વખતે અફઝલખાન ઉતાવળો થઈ ગયો. આ અફઝલખાનને થયું કે શિવાજી પાસે કોઈ હથિયાર નથી તો તે તેનું જરૂર ખૂન કરી શકશે.

બન્નેએ એકબીજાને ભેટવા હાથ લંબાવ્યા. ત્યારે અફઝલખાને ઉતાવળ કરીને શિવાજીનું માથું બગલમાં સખત રીતે દબાવી દીધું અને પાછળ તેની પીઠમાં કટાર ભોંકવાનો પ્રયત્ન કર્યો. પણ શિવાજીએ તો બખ્તર પહેરેલું હતું તેથી તેનો ઘા ખાલી ગયો. તેઓ બચી ગયા. અફઝલખાને જ પ્રથમ દગો કરવાની શરૂઆત કરી. અફઝલખાનનો દગો શિવાજી સમજી ગયા અને તુરત તેમણે સમયસૂચકતા વાપરી વાઘનખ અફઝલખાનના પેટમાં જોરથી ઘુસેડી દીધા અને તેનું પેટ ચીરી નાખ્યું. તેનાં આંતરડાં બહાર નીકળી ગયાં.

'યા અલ્લાહ...!' અફઝલખાને મરતાં મરતાં બૂમ મારી 'દગો, મારો મારો' અને થોડીવારમાં તેના રામ રમી ગયા.

ત્યાં તુરત તેના સૈનિકો ધસી આવ્યા. અગાઉની ગોઠવણ મુજબ રણશિંગાં વાગ્યાં. બન્ને ટુકડીઓ અફઝલખાનના સૈન્ય ઉપર તૂટી પડી. અફઝલખાનનું સૈન્ય હાર્યું અને ભાગી છૂટ્યું. આ પ્રમાણે શિવાજીની જીત થઈ.

## ૧૮

મહાબલી અફઝલખાનને અને એની વિશાળ સેનાને ખતમ કરવામાં શિવાજીને જે સફળતા મળી એનો ગુંજારવ આખા દેશમાં ફેલાઈ ગયો. આટલા મોટા વિજય પછી પણ શિવાજીના મનમાં કોઈ ઘમંડ જાગ્યો ન હતો. શિવાજી જાણતા હતા કે આ જંગ એ સંઘર્ષનો અંત નહીં, પ્રારંભ છે. હજુ તો કોણ જાણે કેટલાં કાળાં યુદ્ધ ખેલાશે? આવાં યુદ્ધોના અવરોધને ચીરીને આગળ વધવાનું છે.

સ્વરાજ્યનો સંકલ્પ છે. પણ આ સંકલ્પ માટેનો માર્ગ પડકારોથી ભર્યોભાદર્યો છે. એમાં ચેન નથી, વિરામ નથી, થાકવાની મનાઈ છે. જે ગુમાવ્યું એનું દુઃખ કરવાનું નથી. જે મેળવ્યું એનું અભિમાન ચડવા દેવાનું નથી. બસ આગળ જ વધતા રહેવાનું છે. ચિત્તને સ્થિર રાખવું, સ્વરાજ્ય વિસ્તારની યોજના ઘડવી, એને પૂર્ણ કરવા સંઘર્ષમય રહેવું એ જ મંત્ર સાથે શિવાજીની નિરાભીમાની કૂચ જારી છે.

અફઝલખાનની સેનાએ હિંદુઓ પર જે અત્યાચાર કર્યા, મંદિરો તોડ્યાં, દેવી-દેવતાનું અપમાન કર્યું એનો બદલો લેવાની જવાબદારી નેતાજી પાલકરને સોંપી હતી. અફઝલખાનનો શિવાજીએ વધ કર્યો એ સાથે જ પાલકર અફઝલની સેના પર તૂટી પડ્યા. એકેએક સૈનિકો-સરદારોને કાપી નાખ્યા. એ પછી નેતાજી પાલકર વાઈ પહોંચ્યા. વાઈની સેનાનો પૂર્ણ સંહાર

કરવાની એમની નેમ હતી. વાઈ પહોંચવામાં એક દિવસનો વિલંબ થયો. ફઝલખાન, યાકુતખાન અને અંતે મુસેખાનને પણ ભાગવાની તક મળી ગઈ.

અફઝલખાનના વધ પછી શિવાજી સ્વયં વાઈ પહોંચ્યા. શિવાજી વાઈ પહોંચ્યા ત્યાં સુધીમાં પરિસ્થિતિ તદ્દન બદલાઈ ગઈ હતી. જેને તક મળી એ નાસી છૂટ્યા. જે બચી ગયા તે બીજાપુરની ચાકરી છોડીને શિવાજીની સેવામાં જોડાઈ ગયા.

શિવાજીએ વિશ્રામ ન કર્યો. વિજય-અભિયાન જારી રાખ્યું. સતારા, કોલ્હાપુર જીતી લીધા. શિવાજી, મોરોપંત અને નેતાજી ત્રણે વિજયના જોશમાં હતા. એમણે એક પછી એક એમ આદિલશાહનાં લશ્કરી થાણા પર કબજો જમાવવા માંડ્યો.

શિવાજીના સૈનિકો ચપળ હતા. સ્ફૂર્તિલા હતા. વીર અને બળવાન હતા. ઘોડાની પીઠ પર જ ભોજન કરી લેતા. થોડો વિશ્રામ કર્યો ન કર્યો. વિજય-અભિયાનની કૂચ જ જારી રાખી. રાત-દિવસ આગળ વધતા જ રહ્યા. સ્વરાજ્યના સંકલ્પનું સપનું જ પૂર્ણ કરવું હતું. સૌ સૈનિકોને, એમની સાથે ખભેખભા મિલાવીને સંઘર્ષ કરતા સ્વામી શિવાજીના તેજસ્વી સ્વરૂપમાંથી ઊર્જા મળતી હતી.

કોલ્હાપુરથી ૧૦ માઈલ દૂર પન્હાળગઢનો કિલ્લો હતો. આ કિલ્લો આદિલશાહી સેનાનું એક મહત્ત્વપૂર્ણ લશ્કરી થાણું હતું. આ થાણામાં આદિલશાહની વિશાળ સેના હતી. એ કિલ્લામાં અપાર યુદ્ધસરંજામ અને અઢળક ધનસંપત્તિ હતાં. શિવાજીએ પન્હાળગઢ પર કબજો જમાવવાનું નક્કી કર્યું. પ્રથમ નજરે એ સરળ કામ ન હતું. અસંભવ લાગતું હતું. જંગ શરૂ થયો. ભીષણ જંગ જામ્યો. અસંભવને સંભવ કરતાં શિવાજીના સૈનિકોને



આવડતું હતું. પન્હાળગઢનો કિલ્લો પણ તેમણે જીતી લીધો.

આ કિલ્લો ગુમાવતાં તો જાણે અલી આદિલશાહના સામ્રાજ્યનો પાયો જ હચમચી ઊઠ્યો. શિવાજીના એકપક્ષી વિજયની એવી તો હારમાળા શરૂ થઈ ગઈ કે દેશભરના રાજા-મહારાજા-સુલતાન-નવાબો ધ્રૂજવા લાગ્યા. ઔરંગઝેબ, કુતુબશાહ, ડચ, પોર્ટુગીઝો અને અંગ્રેજ જેવા દુશ્મનો હેબતાઈ ગયા. સુન્ન થઈ ગયા. એમને સ્વપ્નેય ખ્યાલ ન હતો શહાજી જેવો એક સરદારનો છોકરડો આટલો બધો શક્તિમાન બની જશે.

શિવાજી એક એવા શાસક બનવાના માર્ગે આગળ વધી રહ્યા હતા જેમની પાછળ સમગ્ર દેશ રાષ્ટ્રીય ભાવનામાં ઓતપ્રોત થઈને ઊભો રહેવા તૈયાર હતો. અગાઉ તો બધી જ સત્તા ઈચ્છતી હતી કે બીજાપુરનું પતન થાય. શિવાજી જીતતા રહે. શિવાજીનો વિજય એમને માટે ત્યારે ચિંતાનો વિષય ન હતો. જેવો તેમને શિવાજીની વધતી જતી અમાપ શક્તિનો ખ્યાલ આવ્યો એ સાથે જ વધી સત્તા ભયભીત થઈ ઊઠી. એમને થયું કે બીજાપુરનો ધ્વંશ કર્યા પછી શિવાજી તેમના સત્તા અને સાધનો પર તૂટી પડશે. એક પછી એક યોજનાઓ મુજબ શિવાજી તમામ સામંતો, રાજાઓ, બાદશાહો, સુલતાનોને ગળી જશે. આવા વિચાર માત્રથી તેમના પગ નીચેની જમીન સરકવા લાગી.

હિંદુ પ્રઝા તો એમ જ માનતી કે શિવાજી તો ભગવાનના દૂત છે. ભારત વેપાર અર્થે આવતા વેપારીઓ દ્વારા શિવાજીની બહાદુરીના કિસ્સા વિદેશોમાં પહોંચવા લાગ્યા.

આવા શિવાજીએ અફઝલખાનને ખતમ કર્યો અને એની વિશાળ સેનાનો ભૂક્કો બોલાવી દીધો એ ખબર મળતાં જ અલી આદિલશાહના કાન વાત માનવા તૈયાર ન હતા. જ્યારે

ત્યાંથી ભાગીને આવેલા સરદારો અને સૈનિકોએ પોતાની દર્દીલી દાસ્તાનનું એની સમક્ષ વર્ણન કર્યું ત્યારે અફઝલખાનનો વધ વાસ્તવિકતા હોવાનો ખ્યાલ આવ્યો.

એ પછી તો બીજાપુરના નસીબમાં એક પછી એક કરુણ ખબરોની જાણે હરોળ શરૂ થઈ ગઈ. ક્યારેક અહીં તો ક્યારેક તહીં. એક પછી એક ઘરમાંથી કોઈને કોઈ સૈનિકના મોતનું રૂદન સંભળાવા લાગ્યું. પન્હાળગઢ શિવાજીએ જીતી લીધો. શિવાજી ગડક ગોકાકમાં ઘૂસી ગયા. હવે તો શિવાજીએ કોંકણ જીતી લીધું. ત્યાં જ સમાચાર આવ્યા કે શિવાજીએ દાભોલ બંદર પર કબજો જમાવી દીધો. ત્રણ સ્ટીમરોમાંથી બે શિવાજીએ કબજે કરી લીધી. ગ્રિફર્ડ નામના અંગ્રેજને કેદ કરી લીધો.

અલી આદિલશાહ હવે ગુસ્સાની પરીસીમા ઓળંગી ગયો. ગુસ્સાથી એનું અંગેઅંગ ધ્રૂજી રહ્યું હતું. શિવાજી તો એની આબરૂને ધૂળમાં રગદોળ રહ્યો હતો. આદિલશાહે પોતાના તમામ સરદારોની બેઠક બોલાવી. આ બેઠકમાં ફઝલખાન, મુસેખાન, હસનખાન, મલિક ઇતવાર, ફત્તેહખાન, મુલ્લાહમ, ઘોરપડે, સર્જે રાવ ધોડકે જેવા સરદારોને પોતપોતાની સેના સાથે અફઝલખાનના પુત્ર રૂસ્તમે જમાનના સેનાપતિપદ હેઠળ જોડાઈ જાય અને શિવાજી સામે લડાઈમાં ભાગ લે.

બધી જ સેનાઓ એકત્ર થઈ એક વિશાળ સેના દરિયો બનીને જાણે ઘૂઘવી રહી. રૂસ્તમ-એ-જમાને પન્હાળગઢ તરફ પ્રયાણ શરૂ કર્યું. એની સેનામાં ૧૦,૦૦૦ સૈનિકો હતા. રૂસ્તમ-એ-જમાનના નેતૃત્વની આ સેનામાં બીજા ૫૦૦૦ સશસ્ત્ર અશ્વસૈનિકો હતા. આવી સેના જોતજોતામાં શિવાજીને કચડી નાખશે એવો પૂરો આત્મવિશ્વાસ ભરીને રૂસ્તમ નીકળ્યો હતો.



શિવાજીને તેમના ગુપ્તચરો ઝીણામાં ઝીણી વિગતો પૂરી પાડતા હતા. તમામ બાતમી જાણ્યા પછી શિવાજીએ નક્કી કર્યું કે આ યુદ્ધમાં રણનીતિ બદલવી. કિલ્લામાં રહીને લડવું નહીં. આ યુદ્ધ ખુલ્લા મેદાનમાં શત્રુને તલવારનો આસ્વાદ ચખાડશે. મરાઠા શક્તિ શું કરી શકે છે એનો વધુ એક વખત આદિલશાહને અનુભવ થશે. શિવાજીએ કોલ્હાપુરને રણસંગ્રામનું ક્ષેત્ર બનાવવાનું નક્કી કર્યું. શિવાજીએ રૂસ્તમ-એ-જમાનને ધૂળ ચાટતો કરવા યુદ્ધનીતિ અમલી બનાવી દીધી.

આદિલશાહની સેનાને ખબર હતી કે શિવાજી હંમેશ કિલ્લામાં છુપાઈને યુદ્ધ લડે છે. એટલે આ વખતે પણ એ પન્હાળગઢના કિલ્લામાંથી જ યુદ્ધ લડશે. આથી શત્રુસેનાએ શિવાજીને શક્તિનો પરિચય આપવા પન્હાળગાઢ ભણી કૂચ આદરી.

કોલ્હાપુરની તદ્દન નજીક પહોંચી જવા છતાં રૂસ્તમ-એ-જમાનને શિવાજીના કોઈ વિરોધનો સામનો કરવો ન પડ્યો. રૂસ્તમને ખાતરી થઈ ગઈ હતી કે એની વિશાળ સેનાના ખબર સાંભળીને શિવાજી ગભરાઈ ગયા છે. અલ્લાહ-હો-અકબરના નારા સાથે રૂસ્તમની સેના ભીષણ હુમલો કરવા આગળ ધપી રહી હતી. શિવાજીની બોડમાં પણ પ્રવેશી. ન કોઈ વિરોધ, ન કોઈ આક્રમણ.

શિવાજી આવી દસ સેનાથી પણ ભય પામે તેમ ન હતા. બરોબર પોતાની ટુકડીઓ ગોઠવીને મોરચો માંડી દીધો હતો. શિવાજીની યુદ્ધકળા તદ્દન આગવી હતી. બરોબર શિવાજીએ ગોઠવેલા સાણસાની વચ્ચોવચ્ચ રૂસ્તમની સેના આવી એ સાથે જ 'હરહર મહાદેવ' અને 'છત્રપતિ શિવાજી મહારાજ કી જય'ની રણનાદ સાથે જ મરાઠા સેના શત્રુદળ પર તૂટી પડી. શિવાજીની

અડધી જ સેનાએ હુમલો કર્યો હતો. તમામ સૈનિકો ઉલઝનમાં ફસાઈ ગયા. શું થયું? શું થઈ રહ્યું છે એ રૂસ્તમ સેનાને કશું જ સમજાયું નહીં. શિવાજીની સેનાએ આદિલસેનાને શાકભાજીની જેમ કાપવા માંડી. વિશાળ આદિલ-સેના પાસે કોઈ યુદ્ધનીતિ ન હતી. એટલે શિવાજીએ ચપટી વગાડતાં તો આદિલસેનાને રોળી નાખી. ૨૮મી ડિસેમ્બર, ૧૬૫૯ના દિને શિવાજીએ આક્રમણ કરીને રૂસ્તમની વિશાળ સેનાને કચડી નાખી. રૂસ્તમ એની સરદારી ભૂલીને જીવ બચાવવા નાસી છૂટ્યો.

હવે દક્ષિણમાં વિસ્તાર કરવાની જવાબદારી શિવાજીએ નેતાજી પાલકરને સોંપી દીધી. સ્વયં પન્હાળગઢની વ્યવસ્થા માટે ત્યાં જ રોકાઈ ગયા.



## ૧૯

શિવાજીએ વિજાપુરને નમાવ્યું તે સમાચાર સાંભળીને શાહજીને ખૂબ આનંદ થયો હતો. શિવાજીને મળવાની શાહજીને ઘણા વખતથી ઇચ્છા થતી હતી. તેથી શાહજી પોતાના પુત્રને મળવા આવવા માટે રવાના થયા.

તેઓ તુલજાપુર ગામે આવી પહોંચ્યા. ત્યાં આગળ માતા ભવાનીનું એક દેવળ હતું. તેમણે માતા ભવાનીનાં દર્શન કર્યાં અને પુષ્કળ દાન-પુણ્ય કર્યું.

શાહજીએ બાધા લીધી હતી કે શિવાજીને જીત મળે તો લાખ રૂપિયાનું સોનું લઈ માતા ભવાનીની મૂર્તિ કરાવી મંદિરમાં સ્થાપવી. શિવાજીને વિજય પ્રાપ્ત થયો હતો. આથી શાહજીએ લાખ રૂપિયાનું સોનું ખરીદ્યું અને કર્ણાટકના કારીગરો પાસે મૂર્તિ તૈયાર કરાવી. એ મંદિરમાં એ મૂર્તિની સ્થાપના કરી. ત્યાર પછી શાહજીએ શિંગણાપુર, પંઢરપુર અને શિખરશંભુની જાત્રા કરી. આ દરેક દેવસ્થાનમાં પુષ્કળ દાન કર્યું. બ્રાહ્મણો જમાડ્યા અને ગરીબ-ગુરબાંને અન્ન અને વસ્ત્રનું દાન કર્યું.

હવે શાહજી મહારાષ્ટ્રમાં આવી પહોંચ્યા. શિવાજીને આ વાતના સમાચાર મળી ગયા. શિવાજીએ તેમનું સન્માન કરવાની વ્યવસ્થા કરી. શાહજીને તો રાત્રિ-દિવસ પુત્રને મળવાની જ ઇચ્છા થયા કરતી હતી. શિવાજીને પણ પિતાનાં દર્શન કરવાની પ્રબળ ઇચ્છા થતી હતી. જીજાબાઈને મન તો આજે સોનાનો

સૂરજ ઉગ્યો હતો. બ્રાહ્મણોએ નક્કી કર્યું કે પતિ-પત્નીએ દેવાલયમાં મળવું જોઈએ. આથી જેજુરીનું દેવાલય નક્કી કરવામાં આવ્યું.

શાહજીનું સન્માન કરવા માટે શિવાજીએ લશ્કર, હાથી, ઘોડા વગેરે મોકલ્યા. મા-દીકરો જેજુરીમાં જઈ શાહજીની રાહ જોવા લાગ્યા. અંતે વાજતેગાજતે સવારી દેવળમાં આવી પહોંચી. શાહજીએ વિધિપૂર્વક દેવનું પૂજન કર્યું. પછી શાહજીએ એક કાંસાની થાળી લઈ તેમાં ગરમ ઘી રેડ્યું. પછી શાહજી, જીજાબાઈ, શિવાજી અને તેમનાં પત્નીએ ગરમ ઘીમાં નજર નાખી અને ચારે જણાએ એકબીજાનાં મોં જોયાં. આ વિધિ પૂરો થયો.

શિવાજીની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં. શિવાજીએ આંસુભરી આંખે પિતાનાં ચરણોમાં માથું નમાવ્યું. શાહજીનું હૈયું પણ હર્ષથી ભરાઈ આવ્યું. પિતા-પુત્ર પ્રેમથી ભેટ્યા. બન્નેની આંખમાં હર્ષના આંસુ ભરાઈ ગયાં હતાં. પછી શાહજીને પાલખી બેસાડ્યા.

શાહજીના જોડા શિવાજીએ હાથમાં લીધા અને પાલખી સાથે ચાલવા માંડ્યું. પાલખી નીચે ઉતારી અને શાહજીને એક સુંદર આસન ઉપર બેસાડ્યા. ત્યાર પછી શિવાજીએ પોતાના સરદારો અને કારભારીઓની ઓળખાણ કરાવી.

પિતા-પુત્રના મિલન વખતે શિવાજીએ પણ ઘણું દાન-પુણ્ય કર્યું. બ્રાહ્મણોને મિષ્ટાન્ન ભોજન કરાવ્યું. ગરીબ-ગુરબાંને અન્ન અને વસ્ત્રોનાં દાન કર્યાં. શિવાજીને શૂરવીર, પરાક્રમી અને બુદ્ધિશાળી જોઈને શાહજીને અતિશય સંતોષ થયો. શિવાજીએ પોતાની બધી ધનસંપત્તિ શાહજીને બતાવી દીધી. આ બધું જોઈને શાહજી દંગ થઈ ગયા.

શાહજી આવતા વખતે કર્ણાટકમાંથી એક તલવાર લાવ્યા



હતા તે તેમણે શિવાજીને ભેટ આપી. શિવાજીએ તે તલવારનું નામ ‘તુલજા’ રાખ્યું. તેને ભવાની પાસે પૂજામાં રાખી. પછી શાહજી મહારાષ્ટ્રથી કર્ણાટક ગયા. ત્યાં તેઓ બે વર્ષ જીવી મૃત્યુ પામ્યા.

ઔરંગઝેબે પોતાના બાપને કેદમાં નાખ્યો. ભાઈઓનો નાશ કરાવ્યો અને પોતે દિલ્હીની ગાદીએ બેઠો. આ બધી ખટપટોમાં તે દક્ષિણ તરફ બરાબર ધ્યાન આપી શક્યો નહીં.

તેણે ૧૬૫૯ના જુલાઈ માસમાં શાહિસ્તખાનને દક્ષિણના સૂબા તરીકે મોકલ્યો. શાહિસ્તખાન જ્યારે દિલ્હીથી નીકળ્યો ત્યારે નક્કી કરીને જ નીકળ્યો હતો કે જોતજોતામાં શિવાજીને ધૂળભેગો કરી દેવો અને બધો મુલક લઈ લેવો.

તે જ્યારે દિલ્હીથી નીકળ્યો ત્યારે તેની પાસે આશરે ૬૦૦ હાથીઓ, ચારથી પાંચ હજાર ઊંટ, ત્રણ હજાર દારૂગોળાથી ભરેલાં ગાડાં, બે હજાર ઘોડા, એક લાખ સૈનિકો અને બત્રીસ કરોડ રૂપિયાનો ખજાનો લઈને નીકળ્યો હતો.

૧૬૬૦ના જાન્યુઆરી માસમાં તેણે શિવાજીના રાજ્ય ઉપર ચડાઈ કરી. રસ્તામાં જે જે કિલ્લાઓ આવતા ગયા તે કિલ્લાઓ તે જીતતો ગયો. તેણે સોનવાડી, સુપા અને બારામતી કબજે કર્યા. નીરાનદીનો પ્રદેશ છોડીને તે શિરવળ પહોંચ્યો. ત્યાંથી તેણે રાયગઢની આજુબાજુનો પ્રદેશ જીતી લીધો.

તા.૧લી મે ૧૬૬૦ના રોજ સાસવડમાં મુકામ નાખ્યો અને આજુબાજુનો પ્રદેશ જોવા માટે માણસો મોકલ્યા. આવી મોટી સેના સામે શિવાજી પોતે લડી શકે તેમ ન હતું. છતાં પણ લશ્કરના પાછલા ભાગમાં શિવાજીના ઘોડેસવારો હુમલો કરી આવતા.

તેઓ મોગલોને દાણો પાણી મળવા દેતા નહીં. તેમનો સરસામાન પણ લૂંટી લેતા. શાહિસ્તખાને શિવાપુર અને કાત્રજનો ઘાટ જીતવા લશ્કર મોકલ્યું. આવડા મોટા લશ્કર સામે શિવાજીના માત્ર ત્રણ હજાર ઘોડેસવારો લડ્યા પણ તેમાં શિવાજી જીતી શક્યા નહીં. પછી શાહિસ્તખાને પુરંદરની આજુબાજુનો પ્રદેશ જીતવા માટે લશ્કર મોકલ્યું. તેમાં પણ શિવાજીને હારવું પડ્યું.

પછી શાહિસ્તખાને પોતાનો મોરચો પૂના તરફ લીધો. તા.૯મી મે ૧૬૬૧ના દિવસે તેનું લશ્કર પૂનામાં આવી પહોંચ્યું. તે પહેલાં તો શિવાજીના માણસો પૂનાની આજુબાજુનો પ્રદેશ વેરાન કરી મૂક્યો અને દાણોપાણી મળી શકે નહીં તેવી ગોઠવણ કરી. આથી મોગલ સૈન્યના હાલહવાલ થવા લાગ્યા. આથી શાહિસ્તખાન ત્યાંથી પાછો ફર્યો અને ચાકણના કિલ્લાનો ઘેરો ઘાલ્યો. ચાકણનો કિલ્લેદાર ફિરંગોજી હતો. શાહિસ્તખાને ચાકણ ઉપર ખૂબ તોપમારો ચલાવ્યો.

પણ ચોમાસાના દિવસો હતા. એટલે દારૂગોળો હવાઈ ગયો હતો. ફિરંગોજીએ બે મહિના સુધી આ કિલ્લાનો બચાવ કર્યો અને ખૂબ બહાદુરી બતાવી. શાહિસ્તખાનનો એકેય ઈલાજ કામ આવ્યો નહીં. વળી બહારથી પણ શિવાજીના ઘોડેસવારો અવારનવાર છાપો મારી જતા હતા. છેવટે શાહિસ્તખાને ધીરજ ગુમાવી અને ઘેરો ઘાલ્યા પછી છપ્પનનમે દિવસે કિલ્લાના ઈશાન ખૂણામાં સુરંગ ગોઠવી કિલ્લામાં ગાબડું પાડ્યું.

આ ગાબડામાંથી મોગલ સૈન્ય દાખલ થવા માંડ્યું. પણ ફિરંગોજીના સૈન્યે તેમના ઉપર જોરથી હલ્લો કર્યા આથી મોગલ સૈન્ય અંદર જઈ શક્યું નહીં. આખો દિવસ આ હુમલો ચાલુ રહ્યો. છેવટે બીજે દિવસે ફિરંગોજીનું કાંઈ ચાલી શક્યું નહીં.



તે શત્રુના હાથમાં આવ્યો અને મોગલ સૈન્ય કિલ્લામાં દાખલ થયું. શાહિસ્તખાને ફિરંગોજીને ઘણી લાલચો આપી પણ તે જરાય ફસાયો નહીં. આથી તેણે ફિરંગોજીને છોડી મૂક્યો. તે પછી કલ્યાણ અને ભીમડી જીતી લીધા. આથી શિવાજીએ શંભાજી નામના એક સરદારને મેણું માર્યું. તેથી શંભાજી શાહિસ્તખાન સાથે ભળી ગયો અને માલકુર પર હુમલો કર્યો.

શિવાજીએ શંભાજી ઉપર હલ્લો કર્યો અને તેને મારી નંખાવ્યો. માલકુર ગામને બાળીને ખાખ કર્યું. છેવટે શાહિસ્તખાન થાક્યો. આથી તે પૂનામાં જઈને શાંતિથી બેઠો. આથી શિવાજીએ તેની ઉપર હુમલો કર્યો. તેમણે મોગલોના પ્રદેશમાં તોફાનો કરવા માંડ્યાં. તેમણે પાયદળ અને ઘોડેસવારો તૈયાર કરી નેતાજી પાલકર અને મોરોપંતને સેનાપતિ બનાવ્યા અને લશ્કરને મોગલોના પ્રદેશમાં મોકલ્યું. ત્યાં તેઓએ ભીમડી અને કલ્યાણ જીતી લીધાં.

જુન્નરની ઉત્તર તરફના પણ ઘણા કિલ્લાઓ શિવાજીએ જીતી લીધા. આમ ધીમે ધીમે ગોદાવરી નદી સુધી શિવાજીનું લશ્કર પહોંચી ગયું અને ઔરંગાબાદ શહેર સુધીનો પ્રદેશ જીતી લીધો.

ઔરંગાબાદમાં તે વખતે મહકુબસિંહ નામનો મોગલોનો સરદાર હતો. તેણે નેતાજી પાલકર ઉપર હુમલો કર્યો. પણ તેમાં તે હાર્યો. નેતાજી પાલકરે તેનો ઘણો સામાન લૂંટી લીધો અને બધો માલ શિવાજીને મોકલી આપ્યો. પછી નેતાજી પાલકરની નજર પ્રબળગઢ ઉપર પડી. તે કિલ્લો મોગલોના કબજામાં હતો. તેમાં કેસરીસિંહ કરીને એક રજપૂત કિલ્લેદાર હતો. તેની ઉપર પાલકરે હુમલો કર્યો. કેસરીસિંહે ઘણા દિવસો સુધી નેતાજીનો સામનો કર્યો, પરંતુ તેનું કાંઈ ચાલી શક્યું નહિ.

છેવટે કેસરીસિંહે કેસરિયાં કર્યાં અને યુદ્ધમાં મરાયો. પ્રબળગઢ શિવાજીના હાથમાં આવી ગયો. મોગલોના પ્રદેશમાં આવી રીતે શિવાજી જીત મેળવતા ગયા અને લડાઈ કરતા ગયા, છતાં પણ શાહિસ્તખાન પૂનાથી પાછો આવ્યો નહીં.

શાહિસ્તખાન પૂનાથી ખસતો નથી તેથી શિવાજીએ છાનામાના પૂના ઉપર હુમલો કરવાનું નક્કી કર્યું. શિવાજીએ આખા શરીર ઉપર બખ્તર પહેર્યું અને તેની ઉપર ઝભ્ભો પહેરી લીધો. માથા ઉપર પણ બખ્તર પહેરી મંડિલ બાંધી દીધું. એક હાથમાં તલવાર લીધી અને બીજા હાથે વાઘનખ પહેરી ખંજર પકડ્યું.

રાત ખૂબ વધી ગઈ હતી. ઘણાખરા સૈનિકો ઊંઘી ગયા હતા. ચોકીદારો ઝોકાં ખાતાં હતાં. શિવાજીએ શાહિસ્તખાનના મહેલમાં પ્રવેશ કર્યો. ત્યાં તો શાહિસ્તખાનની બીબીઓ જાગી ગઈ. તેમણે શાહિસ્તખાનને જગાડ્યો. તે એકદમ ગભરાઈ ઊઠ્યો અને ભાગવા માંડ્યો. પણ શિવાજીની નજર તેના ઉપર પડી.

શિવાજીએ તલવારનો ઘા કર્યો. શાહિસ્તખાનની આંગળ કપાઈ ગઈ અને તે બારી વાટે કૂદીને નાઠો. તેનો પુત્ર અને બીજા સૈનિકો જાગી ગયા પણ તે બધાની શિવાજીએ કતલ કરી નાખી અને શિવાજી જરાય ઘવાયા વગર બહાર નીકળી ગયા. આ બનાવ તા.૫મી એપ્રિલ ૧૬૬૩માં બન્યો. આ રીતે મોગલ લશ્કર પાયમાલ થતું ગયું.

પોતાનો પુત્ર મરણ પામ્યો અને અસંખ્ય સૈનિકોનો કચ્ચરઘાણ નીકળી ગયો. આથી શાહિસ્તખાન ઘણો દિલગીર થયો. શાહિસ્તખાનને પૂનામાં રહેવું ભય જેવું લાગ્યું. તેથી તે ત્યાંથી છાવણી ઉઠાવીને પેડગાંવ ગયો.

છેવટે ઔરંગઝેબે પાછા આવવાનો હુકમ કર્યો એટલે કંટાળેલો શાહિસ્તખાન દિલ્હી પાછો ગયો.

## ૨૦

સિંહગઢનું મહત્ત્વ જબરું હતું. એ તો દક્ષિણનું નાક હતું. આ સિંહગઢ મોગલોના હાથમાં હતો.

સિંહગઢનો કિલ્લો મજબૂત હતો તેમાં મોગલોએ પુષ્કળ દારૂગોળો અને અનાજ ભર્યાં હતાં. તેના કિલ્લેદાર તરીકે ઉદયભાણને રાખ્યો હતો.

ઉદયભાણ બહુ બહાદુર હતો. દક્ષિણમાં તેના જેવો શૂરવીર કોઈ ન હતો. સિંહગઢની પાસે પ્રતાપગઢ આવ્યું. પ્રતાપગઢમાં શિવાજીનાં માતા જીજાબાઈ રહેતાં હતાં.

એક દિવસ સવારે જીજાબાઈ ઊઠ્યાં. નાહીધોઈ અને સૂર્યનાં દર્શન કરવા કિલ્લાની બારીમાં ગયાં.

તે વખતે સૂરજનાં કિરણો સિંહગઢ ઉપર પડતાં હતાં અને તેનું દૃશ્ય રળિયામણું લાગતું હતું.

પણ જીજાબાઈ આ જોઈને દુઃખી થયાં. તેમણે વિચાર્યું કે સિંહગઢ એટલે મહારાષ્ટ્રનો મુગટ, મહારાષ્ટ્રની ઈજ્જત, મહારાષ્ટ્રનું નાક. એ જ્યાં સુધી શત્રુઓના હાથમાં હોય ત્યાં સુધી શિવાજી શા માટે જંપીને બેસે ?

જીજાબાઈએ એક સેવકને બોલાવ્યો.

જીજાબાઈ કહે : 'તું રાયગઢ જા અને શિવાજીને હમણાં ને હમણાં બોલાવી લાવ. જમવા બેઠો હોય તો જમવાનું અધૂરું મૂકીને અહીં આવે અને અહીં આવીને હાથ ધૂએ. જા જલદી

બોલાવી લાવ.'

સેવક મારતે ઘોડે રાયગઢ પહોંચ્યો અને શિવાજીને સાથે તેડતો આવ્યો.

શિવાજી કહે : 'મા, મને કેમ બોલાવ્યો ?'

જીજાબાઈ કહે : 'તને મળવાનું મન થયું એટલે બોલાવ્યો. ચાલ, મારી સાથે ચોપાટ રમ.'

શિવાજી ચોપાટ રમવા બેઠાં. જીજાબાઈ કહે : 'પણ એક શરત જો તું હારીશ તો હું જે માગું તે તારે આપવું પડશે.'

શિવાજી કહે : 'સારું.'

મા-દીકરો ચોપટ રમવા બેઠા. શિવાજીને રમતાં આવડતું ન હતું. શિવાજી રમતમાં હારી ગયા.

શિવાજી કહે : 'મા, હું હારી ગયો. હવે તમારે જે માગવું હોય તે માગો.'

જીજાબાઈ કહે : 'શિવાજી ! તેં આટલા બધા કિલ્લાઓ મેળવ્યા પણ મહારાષ્ટ્રનું નાક હજી જીત્યું નથી.'

શિવાજી કહે : 'એટલે ?'

જીજાબાઈ કહે : 'સિંહગઢ. તું સિંહગઢ જીતી લાવ એ મારી માંગણી છે.'

શિવાજી કહે : 'એ કામ તો જરા અઘરું છે મા.'

જીજાબાઈ કહે : 'અઘરું હોય કે સહેલું. તું સિંહગઢ મહા વદ ૯ પહેલાં જીતીને આવ.'

શિવાજી વિચારમાં પડી ગયા.

પછી શિવાજી અને જીજાબાઈ રાયગઢ ગયાં.

તાનાજી શિવાજીનો મુખ્ય સાથી હતો. તાનાજી ઉમરેઠાનો વતની હતો. આ તાનાજી તેના દીકરાના લગ્ન માટે તેના ઘેર



ગયો હતો.

ઉમરેઠાના લોકોએ તાનાજીને કહ્યું કે, આવે પ્રસંગે શિવાજીને તારે ત્યાં બોલાવવા જ જોઈએ. શિવાજી વગર લગ્ન અધૂરાં લાગે. આથી તાનાજી શિવાજીને આમંત્રણ આપવા જવાનો વિચાર કરતો હતો. ત્યાં શિવાજીનો એક સેવક આવ્યો.

સેવક કહે : 'આપને શિવાજી મહારાજ હમણાં બોલાવે છે.'

તાનાજીને લાગ્યું કે મુશ્કેલી વિના શિવાજી મને બોલાવે નહીં. પાસે આવ્યા. તાનાજી કહે : 'શિવાજી મહારાજ ! આપે મને કેમ બોલાવ્યો ?,

શિવાજીએ સિંહગઢ બાબત વાત કરી. તાનાજી કહે : 'સિંહગઢ જીતવા હું જઈશ. મારી હયાતીમાં તમારે લડાઈમાં જવાનું નથી.'

શિવાજી કહે : 'પણ તમારે ત્યાં મહા વદ ૯ના લગ્ન છે અને તે દિવસે મારે ગઢ જીતવાનો છે.'

તાનાજી કહે : 'લગ્ન બંધ રહેશે પણ હું ત્યાં જઈશ એ વાત ચોક્કસ છે.'

શિવાજીએ પોતે લડાઈમાં જવાની ખૂબ વિનંતી કરી પણ તાનાજી એકના બે ન થયા.

શિવાજીએ દુઃખી હૃદયે તેમને જવાની રજા આપી. તાનાજી લશ્કર લઈને સિંહગઢ આવ્યા. તાનાજીએ બહુ જ યુક્તિપૂર્વક સિંહગઢ ઉપર છાપો માર્યો. બન્ને વચ્ચે ઘનઘોર યુદ્ધ થયું. હરહર મહાદેવના પોકારો પડવા લાગ્યા. અલ્લાહો અકબરની બૂમો પડવા લાગી. સિંહગઢના કિલ્લેદાર ઉદયભાણ પાસે એક હાથી હતો. આ હાથી ખૂબ મજબૂત હતો.

તેને દારૂ પાઈને લડાઈમાં છૂટો મૂકવામાં આવતો હતો.

આ વખતે પણ તેમણે એમ જ કર્યું. દારૂ પાઈને હાથીને ગાંડો બનાવ્યો. શિવાજીના લશ્કરમાં દોડધામ કરવા માંડી.

તાનાજીએ ઉદયભાણના બારેબાર છોકરાઓના હાથ કાપી નાખ્યા. આથી ઉદયભાણ ખૂબ ગુસ્સે ભરાયો. તે તલવાર લઈને કૂદી પડ્યો અને તાનાજીનો એક હાથ કાપી નાખ્યો.

ઉદયભાણે બીજો ઘા કર્યો એટલામાં તાનાજીના લશ્કરે સિંહગઢ જીતી લીધું.

તાનાજીને તલવારનો ઊંડો ઘા પડ્યો હતો. તેઓ ૧૭મી ફેબ્રુઆરી ૧૬૭૦ના દિવસે મરણ પામ્યા.

મહા વદ ૯ને દિવસે સિંહગઢ જિતાયો. શિવાજીએ કહ્યું : 'સિંહગઢ તો આવ્યો પણ મારો સિંહ જેવો તાનાજી ગયો. ગઢ આવ્યો પણ સિંહ ગયો.'



## ૨૧

છત્રપતિ શિવાજીએ પોતાનો રાજ્યાભિષેક કર્યો. સ્વરાજ્ય સ્થાપવાની શુભકામના પૂરી કરી. તેઓ માનતા હતા કે એકાદ દીવાનની સલાહથી અથવા તો પોતાની બુદ્ધિથી રાજ્યકારભાર ચલાવી શકાય નહીં, તેમજ કોઈને યોગ્ય ન્યાય આપી શકાય નહીં.

એટલે રાજ્ય ચલાવવા માટે તેમણે આઠ પ્રધાનોની નિમણૂક કરી. તેને અષ્ટપ્રધાન મંડળ પણ કહેવામાં આવે છે.

એક મુખ્ય પ્રધાન.

બીજો પ્રધાન સેનાપતિ.

ત્રીજો મઝુમદાર.

ચોથો પંત સચિવ.

પાંચમો રહસ્ય મંત્રી.

છઠ્ઠો સુમંત.

સાતમો ન્યાયાધીશ.

આઠમો ઉચ્ચ ન્યાયધીશ.

આઠેઆઠ પ્રધાનોને જુદાં જુદાં કામ સોંપી દીધાં. આથી સૌ પોતપોતાનું કામ બુદ્ધિપૂર્વક કરતા હતા. કોઈને કાંઈ મુશ્કેલી પડે તો તેઓ શિવાજીની ખાનગીમાં સલાહ લેતા.

આઠેય પ્રધાનોને મદદ કરવા માટે જુદાં જુદાં ખાતાંઓ પાડી દરેક ખાતામાં માણસોની નિમણૂક કરી. પોતાની ખાનગી



મિલકતની વ્યવસ્થા માતા જીજાબાઈને સોંપી. તેમને મદદ કરવા માટે બુદ્ધિમાન માણસો નીમ્યા.

જીજાબાઈને દાન-પુણ્ય કરવા માટે મોટું વર્ષાસન બાંધી આપ્યું. દરબારના મધ્યભાગમાં સિંહાસન મૂકવામાં આવ્યું હતું. તેની ઉપર શિવાજી બેસતા હતા. તેમની પાછળ હજુરીયાઓ ચામર છત્ર લઈને ઊભા રહેતા. બાજુમાં અત્યંત વિશ્વાસુ માણસો ઊભા રહેતા.

સિંહાસનની જમણી બાજુએ નીચે મુખ્યપ્રધાન, પંતસચિવ,



મંત્રી, ચિટણીસ અને બીજાં રાજ્યોના વકીલો બેસતા હતા. સિંહાસનની ડાબી બાજુએ સેનાપતિ, સુમંત, ન્યાયાધીશ, પંડિતરાવ ફડનવીસ, સેનાધિકારી વગેરે શૂરવીર પુરુષો બેસતા હતા.

સિંહાસનની પાછળ બાર કોષ અને અઢાર કારખાનાના માણસો ઊભા રહેતા.

શિવાજી પાસે પાયદળ ઘણું સારું હતું. તેમણે બે પ્રકારનું પાયદળ રાખ્યું હતું. એક પાયદળ ડુંગરોમાં ફરી શકે તેવું. બીજું પાયદળ નીચેના ભાગમાં રહી શકે તેવું. દરેક સૈનિકને ઢાલ, તલવાર અને બંદૂકો આપી હતી. પોષાકમાં એક બદન, ટૂંકું ધોતિયું અને કમ્મરે એક દુપટ્ટો વિંટાળવામાં આવતો. પાયદળમાં દસ દસ માણસોની ટુકડીઓ પાડી હતી તેમાંથી એકને નાયક નીમવામાં આવતો. આવી પાંચ ટુકડીઓ ઉપર એક હવાલદાર નીમ્યો હતો. આવા બે હવાલદારો ઉપર એક જુમલેદાર નીમવામાં આવતો.

આવી જ વ્યવસ્થા ઘોડેસવાર લશ્કર માટે કરવામાં આવી હતી. આ ઉપરાંત પોતાની સવારીમાં પાંચ હજાર કેળવાયેલા સિપાઈઓ રાખ્યા હતા. આ સિપાઈઓ રાખવાનું કારણ એ હતું કે મુસલમાન બાદશાહ જો અચાનક છાપો મારે તો તેની સામે રક્ષણ કરી શકાય.

શિવાજી માણસને જ્યારે નોકરીમાં રાખતા ત્યારે તેની પરીક્ષા કરતા. પરીક્ષા વગર કોઈપણ માણસને નોકરીમાં રાખતા નહિ. દરેક નોકરીયાત પાસેથી જામીનખત લખાવી લેવામાં આવતું. દરેક નોકરીયાતને સમયસર પગાર આપવામાં આવતો.

દરેક કિલ્લાનો બંદોબસ્ત પણ શિવાજીએ બહુ ઉત્તમ કર્યો હતો. શિવાજી પાસે કુલ ૨૮૮ કિલ્લાઓ હતા. મોટેભાગે ઘમાખરા

કિલ્લાઓ ડુંગર ઉપર જ બાંધવામાં આવ્યા હતા.

સંધ્યાનો સમય થાય એટલે કિલ્લાઓના દરવાજાને કિલ્લેદાર જાતે તાળું મારતો અને તેની ચાવી પોતે પોતાના ઓશીકા નીચે રાખી સૂતો.

કિલ્લાના માણસોને પણ નિયમિત પગાર મળે છે કે નહીં તેની સંભાળ પણ શિવાજી જાતે રાખતા.

તોપખાનાઓમાં પણ આવી જ વ્યવસ્થા કરવામાં આવી હતી. તેને માટે ખાસ અમલદારોની નિમણૂક કરવામાં આવી હતી.

તે મોટી મોટી તોપો અને દારૂગોળાની વ્યવસ્થા કરવાનું કામ કરતા.

તોપોને ખેંચવા માટે ગાડાની વ્યવસ્થા હતી અને સમારકામ માટે સુથાર, લુહાર વગેરે રાખવામાં આવ્યા હતા. તોપોમાં ગોળા ભરી તેને ફોડવાનું કામ કરવા માટે શૂરવીર માણસોની નિમણૂક કરી હતી.

સ્વરાજ્યને ચોર અને લૂંટારુંઓનો પુષ્કળ ભય રહેતો હતો. આથી તેમને માટે પણ તેઓએ નિયમો બનાવ્યા હતા.

રાજ્યના નોકરો સલાહસંપથી રહે, કોઈ જાતની ખટપટ કે વેરભાવ ન થાય તે માટે તેઓ કાયમ સલાહ-સૂચનો આપતા અને સાર-સંભાળ રાખતા.

આમ બધી રીતે શિવાજીએ પોતાના રાજ્યની વ્યવસ્થા માટે એક આદર્શ પદ્ધતિ અપનાવી હતી.

## ૨૨

છત્રપતિ શિવાજી બહુ બહાદુર હતા. રાજકાજમાં ભારે હોશિયાર હતા. બુદ્ધિશાળી હતા. માતા અને પિતા તરફ તેમને ભક્તિભાવ હતો. આ બધું હોવા છતાં તેમનામાં ધર્મભાવના પણ પ્રબળ હતી.

માતા જીજાબાઈમાં ધર્મભાવના ખૂબ જ હતી. તેમના સહવાસથી જ તેમનામાં ધર્મભાવના પ્રગટ થઈ હતી. શિવાજી હંમેશાં મુકુંદરાજ, જ્ઞાનદેવ, નામદેવ, એકનાથ વગેરે સંતોનો ઉપદેશ શ્રવણ કરતા હતા.

તુકારામ બાવા ઉપર શિવાજીને ખૂબ જ શ્રદ્ધા હતી. શિવાજી અવારનવાર તેમને બોલાવતા અને તેમની પાસે કથા-કીર્તન કહેવડાવતા. શિવાજી તુકારામને પોતાની સાથે જ રાખવા ઇચ્છતા હતા. પણ સાધુ સંસારમાં રહે નહીં. તુકારામે સાથે રહેવાની ના પાડી.

એવા બીજા પણ એક મહાન સાધુ પુરુષ હતા. તેમનું નામ સમર્થ રામદાસ સ્વામી.

તેઓ ચાકળની ટેકરી ઉપર રામચંદ્ર ભગવાનનું મંદિર હતું.ત્યાં મઠ બાંધીને રહેતા હતા. શિવાજી તેમનાં દર્શન કરવા ગયા. શિવાજીએ મંદિરમાં દર્શન કર્યાં. પછી મંદિર અને મઠના વહીવટકર્તાને પૂછ્યું : 'સ્વામીજી ક્યાં છે ?'

તેમણે જવાબ આપ્યો : 'તેઓ મોટેભાગે જંગલમાં જ

રહે છે. અત્યારે કોંડવણના કિનારા પાસે ભૈરવગઢમાં રહે છે.'

આથી શિવાજી ભૈરવગઢ ગયા.

ત્યાં પણ સ્વામીજીનાં દર્શન થયા નહિ. આથી નિરાશ થઈને શિવાજી પ્રતાપગઢ ગયા. ત્યાં આગળ રામદાસ સ્વામીનો પત્ર આવ્યો.

તેમાં શિવાજીનાં ગુણગાન હતાં. શિવાજીએ વિનયપૂર્વક જવાબ લખ્યો અને પોતે મળવાની માંગણી જણાવી.

શિવાજી અવારનવાર ચાકળ ગયા, પણ નિરાશ થઈને પાછા આવવું પડ્યું.

એક દિવસ શિવાજી ત્યાં ગયા.

પણ રામદાસ સ્વામી મળ્યા નહિ. આથી આજે તો મળીને જ જવું એવો શિવાજીએ નિર્ણય કર્યો.

શિવાજીએ તેમના શિષ્યોને કહ્યું : 'આજે ગુરુવાર છે. તેમનાં દર્શન કર્યા વિના હું જમીશ નહીં.'

શિષ્યે તેમને એકલા મળવા જવાનું કહ્યું. શિવાજી સ્વામીને મળવા માટે એકલા જ ગયા. સાથે દિવાકર ભટ્ટજીને રસ્તો બતાવવા લઈ ગયા.

શિંગણવાડીમાં હનુમાનના દેવળમાં તેઓ બંને આવ્યા. પણ અહીં સ્વામી રામદાસ હતા નહિ. ટેકરીની નીચે સ્વામીજી ગયા છે તેવા ત્યાંથી સમાચાર મળ્યા. આથી શિવાજી ટેકરીની નીચે બાગમાં ગયા.

ત્યાં રામદાસ સ્વામી એક ઝાડ નીચે બેઠા હતા. શિવાજી તેમની પાસે ગયા.

શિવાજીએ સ્વામીનાં ચરણમાં એક શ્રીફળ ધર્યું અને દંડવત્ પ્રણામ કર્યાં.



શિવાજી કહે : 'હું ઘણા દિવસથી આપની શોધમાં હતો પણ આપનાં દર્શન થઈ શકતાં ન હતાં. આજે આપ આપનો કૃપાપ્રસાદ મને આપો એવી મારી વિનંતી છે.'

રામદાસ સ્વામીએ શિવાજીની વિનંતીને માન આપ્યું. સ્વામીએ શિવાજીને લઘુબોધ આપ્યો. એ બોધ સાંભળતાં જ શિવાજીની વૃત્તિ બદલાઈ ગઈ.

શિવાજી કહે : 'સ્વામીજી ! હવે રાજ્ય ચલાવવાની મારી ઈચ્છા નથી. મારી બાકીની જિંદગી આપની સેવામાં ગાળવાની ઈચ્છા છે.'

સ્વામીજી કહે : 'શિવાજી ! તમે ક્ષત્રિય છો. તમારે તમારી પ્રજાનું રક્ષણ કરવું જોઈએ. તમે તે પવિત્ર કાર્યનો ત્યાગ કરો તે ખોટું છે.' આથી શિવાજી પોતાના રાજ્યમાં પાછા આવ્યા.

પછી તો શિવાજી અવારનવાર રામદાસ સ્વામીને મળવા જતા હતા અને તેમનો આધ્યાત્મિક બોધ સાંભળતા હતા.

ઘણીવાર તેમના ફેરા ફોગટ જતા હતા. કેમકે સ્વામીજી ક્યારેક મળે, ક્યારેક ન પણ મળે. આથી શિવાજીએ સ્વામીજીને વિનંતી કરી કે તમે એક જ સ્થળે રહો તો સારું.

શિવાજીની વિનંતીને માન આપી સ્વામીજી પરળી જઈને રહ્યા.

ત્યારથી પરળીનું નામ સજ્જનગઢ રાખવામાં આવ્યું. એક દિવસ શિવાજી કામ પ્રસંગે સતારા આવ્યા. ત્યાં આગળ પોતાના મહાલયમાં રહેતા હતા તે જ વખતે રામદાસ સ્વામી અને તેમના શિષ્યો પણ સતારામાં આવ્યા હતા. તેઓ શહેરમાં ભિક્ષા માગવા આવ્યા.

ભિક્ષા માગતા માગતા તેઓ શિવાજીના મહાલય પાસે

આવી ચડ્યા. શિવાજીને એ સમાચાર મળ્યા. શિવાજીએ તરત જ ચિઠ્ઠી લખી : 'સ્વામીજી ! આજ સુધી મેં જેટલું રાજ મેળવ્યું છે તે બધું આપને ભિક્ષામાં અર્પણ કરું છું.'

આ ચિઠ્ઠી ઉપર રાજ્યની મહોર વાગી અને શિવાજીએ જાતે સ્વામીજીની ઝોળીમાં તે ચિઠ્ઠી નાખી અને ભાવપૂર્વક નમન કર્યું.

સ્વામી કહે : 'શિવાજી ! ભિક્ષામાં અનાજ આપવાને બદલે ચિઠ્ઠી કેમ નાખી ?'

શિવાજી કહે : 'પ્રભુ ! ભિક્ષામાં જે આપવું જોઈએ તે જ આપ્યું છે.'

સ્વામી રામદાસે આ ચિઠ્ઠી કાઢીને વાંચી.

સ્વામી કહે : 'શિવાજી ! ભિક્ષામાં તેં આખું રાજ મને આપ્યું છે. હવે તું શું કરીશ ?'

શિવાજી કહે : 'સ્વામી ! આપના બીજા શિષ્યોની માફક આપની સેવા...!'

ત્યારે સ્વામી રામદાસે રામ અને જનક વિદેહીની કથા સંભળાવી અને કહ્યું : તું મારા તરફથી પહેલાંની માફક રાજ્યવહીવટ ચલાવ.'

આથી શિવાજે રાજ્ય ચલાવવા માંડ્યું અને સ્વામી રાદાસની નિશાની તરીકે ભગવા રંગનો રાજ્યધ્વજ ચડાવ્યો.

## ૨૩

શિવાજીની તબિયત ધીમે ધીમે બગડવા માંડી. તેમણે સૌને ચેતવણી આપી કે તેમની બીમારીની વાત પ્રગટ કરવી નહીં. શિવાજીને લાગ્યું કે મારો અંતકાળ હવે નજીક આવે છે. તેથી તેમણે પોતાના પ્રધાનમંડળને બોલાવ્યું. તે સાથે તેમનાં સગાવહાલાં બધાં આવ્યાં.

શિવાજીએ ધીમે રહીને કહ્યું :


'મારું આયુષ્ય હવે પૂરું થવા આવ્યું છે. મને એમ લાગે છે કે મારો દેહ હવે વધુ સમય ટકશે નહીં. મારી જિંદગીમાં મેં એક કરોડ હોન ને રાજ્ય મેળવ્યું છે. મારી પાછળ મારું રાજ ટકાવી રાખે તેવો બહાદુર, હિંમતવાન અને હોશિયાર હોય તેવો મારો પુત્ર નથી.

રાજારામ રાજ્ય સંભાળે તેવો છે પણ હજુ નાનો છે. મારી પાછળ મારા રાજ માટે ઝઘડા થાય એમ છે. રાજમાં અરાજકતા ફેલાશે. મારી પાછળ મારા સદ્‌ગુણી માણસોની દુર્દશા થશે. મારા રાજ્યમાં અવ્યવસ્થા જોઈ ઔરંગઝેબ અને વિજાપુર સરકાર ચડી આવશે. મારી પાછળ મારા રાજ્યનો ઉત્કર્ષ મને જણાતો નથી.'

શિવાજીની આવી નિરુત્સાહી વાત સાંભળી સૌના અંતઃકરણ ભરાઈ આવ્યાં. સૌની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. સૌ દિલગીર થઈ ગયાં.







શિવાજી કહે : 'તમે જરાય દિલગીર થશો નહીં. જે જન્મ્યા છે તે દરેક એક દિવસ મરવાના છે. ધન, પૈસો, પુત્ર, સ્ત્રી એ બધું મિથ્યા છે. આ બધી માયા અહીં ને અહીં રહી જવાની છે. જે બનવાનું છે તે બન્યે જ છૂટકો છે. તમે બધા પરાક્રમી છો. બને ત્યાં સુધી સ્વરાજનું રક્ષણ કરજો. એક સંપથી રહેજો. મારો રોગ મટાડવા માટે તમે ખૂબ ખૂબ મહેનત કરી છે પણ હવે તે મટે તમે નથી. મારું આયુષ્ય પૂરું થયું છે. હું સ્વર્ગમાં જવા ઈચ્છું છું.'

આમ સૌની હાજરીમાં હિન્દુપત બાદશાહીના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજનો આત્મા નશ્વર દેહને છોડી અમરલોકમાં ચાલ્યો ગયો.



આ પ્રમાણે પોતાના પ્રયત્નથી તેમણે બહુ વિશાળ પ્રદેશ પર કબજો કરી લીધા બાદ જૂન-૧૬૭૪માં તેમને મરાઠા રાજ્યના સંસ્થાપક જાહેર કરીને સિંહાસન પર બેસાડી દેવામાં આવ્યા. તેમને 'છત્રપતિ'ની ઉપાધિ આપવામાં આવી. તેમણે પોતાનું રાજ્ય હિન્દુ પદ્ધતિથી ચલાવવા માંડ્યું. તેમનાં સાહસી ચારિત્ર તથા નૈતિક બળ પર તે સમયના મહાન સંત તુકારામ, સમર્થ ગુરુ રામદાસ અને તેમની માતા જીજાબાઈનો સૌથી અધિક પ્રભાવ હતો.

# ઉપસંહાર

ભારતીય ઈતિહાસમાં શિવાજીનું નામ ખૂબ જ આદરની સાથે લેવામાં આવે છે. કેટલાક વિદેશી ઈતિહાસકારોએ તેમને નીચા દેખાડવા માટે તેમના સંબંધમાં થોડીક ખોટી વાતો લખી છે. આ વાત સાચી છે કે તેમણે ભારતમાં હિંદુ-મરાઠા સામ્રાજ્યની સ્થાપનાનું મહાન સ્વપ્ન જોયું હતું. પરંતુ તેઓ મુસલમાનોના વિરોધી નહોતા. તેમણે તે સમયના મુસલમાન શાસકોને તેમના હિંદુવિરોધી કાર્યોનો જડબાતોડ જવાબ આપ્યો હતો. તેમની સેનામાં અનેક મુસ્લિમ સિપાહી અને સૈનિકો પણ હતા. એમણે જીવનમાં ક્યારેય પણ મુસ્લિમ મહિલાઓનો અનાદર કે અપમાન કર્યું નહોતું. ઊલટાનું તેમણે તો હંમેશા તેમનું સન્માન કર્યું હતું.

શિવાજીનો જન્મ એપ્રિલ-૧૬૨૭માં થયો હતો. તેમના પિતાજી શાહજી તથા માતા જીજાબાઈ પોતાના પુત્રને પણ પોતાની જેમ જ એક મુસ્લિમ શાસકનો સામંત બનાવવા ચાહતા હતા. પરંતુ શિવાજીને તે વાત મંજૂર નહોતી. તેમણે ૧૬-૧૭ વર્ષની વયમાં જ મવાલી જાતિના કેટલાક લોકોને એકઠા કરીને પોતાની આસપાસના કિલ્લાઓ પર હુમલાઓ શરૂ કરી દીધા અને આ પ્રમાણે એક-એક કરીને અનેક કિલ્લાઓ જીતી લીધા. જેમાં સિંહગઢ, જાવલી કોંકણ, ઔરંગાબાદ અને સુરતના કિલ્લા પ્રસિદ્ધ છે.

# જીવન ઝરમર

પિતા : શાહજી રાજે ભોંસલે મરાઠા યોદ્ધા. નિઝામ, આદિલશાહ અને મોગલોની સેનાઓમાં સેવા આપતા.

માતા : જીજાબાઈ (શિવાજીને યુદ્ધ, સ્ત્રીરક્ષાના, ગૌરક્ષાના, કિસાનરક્ષાના સંસ્કાર માતાએ આપ્યા હતા.

જન્મ : શિવાજીની જન્મ તારીખ અંગે વિવાદ હતો. ઈતિહાસકારોનો એક વર્ગ ૧૬૩૦ના એપ્રિલ કે માર્ચમાં જન્મ હોવાનું માનતો હતો. પણ લાંબા સંશોધન પછી ૧૯મી ફેબ્રુઆરી, ૧૬૨૭એ શિવાજીની જન્મતારીખ હોવાનું સર્વપક્ષે સ્વીકારાયું.

જન્મસ્થળ : પૂણે નજીક શિવનેરીનો કિલ્લો.

શિવાજીનો રાજ્યાભિષેક : શિવાજીનો રાજ્યાભિષેક સાત દિવસ લાંબો ઉત્સવ બની શક્યો. રાજ્યાભિષેક-ઉત્સવ ૨જી મે, ૧૬૭૪ના રોજ શરૂ થયો, છઠ્ઠી જૂન, ૧૬૭૪ના રોજ સંપન્ન થયો. રાજ્યાભિષેક વૈદિક વિધિથી ભોંસલે પરિવારના રાજગોર પ્રભાકર ભટ્ટના પુત્ર બાલમ ભટ્ટે કરાવ્યો હતો.

શિવાજીએ મેળવેલ ખિતાબ : છત્રપતિ, મરાઠા સામ્રાજ્યના રક્ષણહાર, રાષ્ટ્રનાયક.





પત્નીઓ : શિવાજીને છ પત્નીઓ હતી. (૧) સાઈબાઈ (૨) સોયરાબાઈ (૩) પૂતલીબાઈ (૪) કાશીબાઈ (૫) શગુણાબાઈ અને (૬) મંજૂલાબાઈ.

સંતાન : બે પુત્રો (૧) શંભાજી અને (૨) રાજારામ તથા ત્રણ પુત્રી.

વારસદાર : શિવાજીના નિધન પછી તેમનો પુત્ર શંભાજી વારસદાર બન્યો.

મૃત્યુ : શિવાજીનું મૃત્યુ વર્ષ ૧૬૮૦ના એપ્રિલની ત્રીજીએ ચૈત્ર માસમાં બુદ્ધપૂર્ણિમાના દિને થયું.

૨ એપ્રિલ, ૧૬૭૯ : ઔરંગઝેબે હિંદુઓ પર જજીયા વેરો નાખ્યો.

૨૬ મે, ૧૬૭૯ : જોધપુરમાં ઔરંગઝેબે મંદિરો તોડ્યાં. રાજસ્થાનના તમામ રાજાઓએ એક થઈને ઔરંગઝેબનો વિરોધ કરવા લાગ્યા.

૧૫ માર્ચ, ૧૬૮૦ : શિવાજીએ નાના પુત્ર રાજારામનાં લગ્ન કર્યાં. શંભાજી શિવાજીના સિદ્ધાંતોનો વિરોધી બન્યો. શિવાજી દુઃખી થયા. શારીરિક-માનસિક પીડા થવા લાગી.

૨૩ માર્ચ, ૧૬૮૦ : શિવાજી તાવમાં સપડાયા. સારવાર છતાં તાવ ઉતર્યો નહીં. શરીર નબળું પડવા લાગ્યું. શિવાજીને મૃત્યુ નિકટ લાગ્યું.



# પ્રસ્તાવના

છત્રપતિ શિવાજી મહારાજ એક એવા વ્યક્તિ હતા, જેમના રોમ રોમમાં વીરરસ છલકતો હતો. એક એવું વ્યક્તિત્વ જે દેશમાં કર્તવ્યનિષ્ઠા, સત્ય, શુદ્ધ ચારિત્ર્ય, સાંપ્રદાયિક એકતા, સંસ્કૃતિની રક્ષા, ધર્મ-ન્યાય અને સ્ત્રીજાતિની રક્ષા માટે હર ક્ષણ તત્પર રહેનારા વીર મરાઠા છત્રપતિ શિવાજી એક સાચા દેશભક્ત હતા.

એમનાં પરાક્રમ અને બુદ્ધિચાતુર્યના ઇતિહાસનો તો એક મોટો ગ્રંથ બની શકે એમ છે. યુદ્ધ કરવા માટે એમની પાસે વિશાળ સેના ન હતા તેમ છતાં પણ મોગલોના દાંત ખાટા કરવાની યુદ્ધનીતિ અદ્‌ભુત હતી. આજના યુગમાં જેને ''ગેરીલા યુદ્ધ પદ્ધતિ'' તરીકે ઓળખવામાં આવે છે એ શિવાજી મહારાજની ચતુરાઈની ઉપજ હતી. જ્યાં ઓછા સૈનિકો હોય ત્યારે કઈ રીતે દુશ્મનોની મહાન સેનાને હેરાન-પરેશાન કરી મૂકવી એ શિવાજી મહારાજ પાસેથી જગતને નવું જાણવા મળી ગયું.

આ પુસ્તક પ્રસિદ્ધ કરીને આપ સુધી પહોંચાડવા બદલ રશ્મિ પ્રકાશનનો તથા રાજેશકુમાર પઢિયારનો હું ખૂબ જ આભાર માનું છું.

આ પુસ્તક દ્વારા વિદ્યાર્થીઓમાં વીરતા, શુદ્ધ ચારિત્ર્ય અને સ્ત્રીસન્માનની સદ્‌ભાવનાનો સંચાર થાય એ જ અમારો આદર્શ છે. અસ્તુ ।

**— રાજન પટણી**

૩, કરૂણાનગર સોસાયટી,
સંત શ્રી કહારનાથ માર્ગ,
મોતીશા, પાટણ





આથી પુત્ર શંભાજી સમક્ષ સત્તાના ભાગલાની દરખાસ્ત મૂકી. શંભાજી શિવાજીનાં બીજા પત્ની સોયરાબાઈ અને તેમના પુત્ર રાજારામની ઠેકડી ઉડાડતો. રાજારામને જોઈ શંભાજી ચિડાતા. શિવાજીના પરિવારમાં આંતરિક અશાંતિ સર્જાઈ. શિવાજીએ પરિવારજનોને એક થઈ શાંતિ સ્થાપવા સલાહ આપી. વિનંતી કરી. પણ કોઈ તૈયાર ન થયું. ઝઘડા ચાલુ જ રહ્યાં.

૩ એપ્રિલ, ૧૬૮૦ : ચૈત્ર માસની બુદ્ધપૂર્ણિમા. ભવાની તલવારથી યવનોના છક્કા છોડાવી દેનાર વીર મરાઠા શાસક છત્રપતિ શિવાજી મહારાજે પારિવારિક કલહ વચ્ચે અંતિમ શ્વાસ લીધા.

**(સમાપ્ત)**

